સ્નેહીશ્રી જયરામ રમેશ,

કોસ્ટલ મેનેજમેન્ટ ઝોન નોટિફિકેશન, ૨૦૦૮ના મુસદ્દા પર મળેલી ટિપ્પણીઓને તપાસવાની તક આપવા બદલ અમે આપના આભારી છીએ. પર્યાવરણ શિક્ષણ કેન્દ્ર, અમદાવાદ દ્વારા દેશભરમાં જુદાં જુદાં ૩૫ સ્થળોએ આયોજિત કરવામાં આવેલી ચર્ચા બેઠકમાં અમે જુદી જુદી કક્ષાના અનેક લોકોનાં લેખિત અને મૌખિક મંતવ્યોનો અભ્યાસ કર્યો છે. વધુમાં કેન્દ્ર અને રાજ્ય સરકાર તથા મુંબઈ શહેરના પ્રતિનિધિઓ તેમજ માછીમાર ભાઈઓ તથા બહેનોના પ્રતિનિધિઓ સાથે ચર્ચાના આધારે તૈયાર કરેલી ભલામણો આ અહેવાલમાં સામેલ કરી છે.

અમે દ્રઢપણે માનીએ છીએ કે કોસ્ટલ મેનેજમેન્ટ ઝોન નોટિફિકેશન, ૨૦૦૮માં ઘણી બધી છટકબારીઓ રહેલી છે. સીઆરઝેડ નોટિફિકેશન, ૧૯૯૧નું મૂળભૂત માળખું જાળવી રાખો અને તેમાં ક્લાઈમેટ ચેન્જથી વધતી દરિયાની સપાટી તથા દરિયાકાંઠાનાં સંસાધનો અને જૈવ વૈવિધ્ય પર વસતીના વધતાં દબાણો જેવાં નવા પડકારોને ધ્યાનમાં રાખીને જરૂરી સુધારા-વધારા કરો.

દરિયાકાંઠાથી ૫૦ કિલોમીટરના ઘેરાવામાં રહેતી દેશની ૨૫ ટકા વસતી અને તેમના રોજગારો તથા આશરે એક કરોડ માછીમારોની જિંદગી, આપણે જે નિયમો ઘડવા જઈ રહ્યા છીએ, તેના પર નિર્ભર રહેશે. નિગમો ઉપરાંત પંચાયતો, નગરપાલિકાઓ અને અન્ય સ્થાનિક તંત્રો દ્વારા શિક્ષણ-જાગૃતિ અને સામાજિક સજ્જતા પણ દરિયાકાંઠાની જૈવસંપદાની જાળવણી તથા વર્તમાન અને ભવિષ્યમાં તેના ફાયદા કાયમી ધોરણે મળતા રહે એ માટે ઘણા મહત્વનાં છે.

આ કાર્ય એક મહિનાના ગાળામાં પૂર્ણ કરવા માટે મંત્રાલયના કર્મચારીઓનો જે સાથ-સહકાર મળ્યો છે, એ બદલ તેમનો ફરી આભાર વ્યક્ત કરીએ છીએ.

શુભેચ્છાઓ સાથે,

આપના વિશ્વાસુ,

(સહી)
**પ્રો. એમ. એસ. સ્વામીનાથન**
(અધ્યક્ષ)
ચેરમેન, એમએસએસઆરએફ

(સહી)
**ડો. શૈલેષ નાયક**
(સભ્ય)
સચિવ, અર્થ સાયન્સીસ મંત્રાલય

(સહી)
**સુશ્રી સુનિતા નારાયણ**
(સભ્ય)
નિયામક, સીએસઈ

(સહી)
**શ્રી જે.એમ. મૌસકર**
(સભ્ય)
અધિક સચિવ, પર્યાવરણ અને વન મંત્રાલય

## અનુક્રમણિકા


| | |
|---|---|
| સંક્ષિપ્ત સાર | ૦૩ |
| સમિતિ અને તેના કાર્યની સંદર્ભની શરતો | ૦૫ |
| પ્રસ્તાવના : સીઆરઝેડ નોટિફિકેશન, ૨૦૦૮ સુધીનો ઘટનાક્રમ | ૦૬ |
| સંદર્ભની શરત – ૧ : સીઆરઝેડ નોટિફિકેશન, ૨૦૦૮ના મુસદ્દા અંગે મળેલાં મંતવ્યોની ચકાસણી | ૧૧ |
| સંદર્ભની શરત – ૧ : સમિતિની ભલામણો | ૧૩ |
| સંદર્ભની શરત – ૨ : ઈન્ટિગ્રેટેડ કોસ્ટલ ઝોન મેનેજમેન્ટ માટેની નીતિ અને ન્યાયિક તંત્ર અંગે સલાહ | ૧૪ |
| ભવિષ્ય માટેની કાર્યસૂચિ | ૧૫ |



અનુવાદ, પ્રિન્ટિંગ અને સંકલન:

**પર્યાવરણ શિક્ષણ કેન્દ્ર, અમદાવાદ**

# સંક્ષિપ્ત સાર :

પર્યાવરણ અને વન મંત્રાલય દ્વારા ૧૫ જૂન, ૨૦૦૯ના રોજ કોસ્ટલ મેનેજમેન્ટ ઝોન (સીએમઝેડ) નોટિફિકેશન, ૨૦૦૮ના મુસદ્દા પર ભાવિ પગલાં માટે ભલામણો કરવા પ્રો. એમ.એસ. સ્વામીનાથનના નેજા હેઠળ ચાર સભ્યોની સમિતિ રચવામાં આવી. સમિતિના અન્ય સભ્યો હતાં – ડો. શૈલેષ નાયક, અર્થ સાયન્સીસ મંત્રાલયના સચિવ, શ્રી જે.એમ. મૌસકર, અધિક સચિવ, પર્યાવરણ અને વનમંત્રાલય અને સુશ્રી સુનિતા નારાયણ, નિયામક, સેન્ટર ફોર સાયન્સ એન્ડ એન્વાયર્નમેન્ટ. સમિતિને નીચેની સંદર્ભની શરતો (ટર્મ્સ ઓફ રેફરન્સીસ) આપવામાં આવી હતી :

- કોસ્ટલ મેનેજમેન્ટ ઝોન નોટિફિકેશન, ૨૦૦૮ના મુસદ્દા સંદર્ભે મંત્રાલયને મળેલાં મંતવ્યો – ટિપ્પણીઓની ચકાસણી કરવી.
- સંકલિત કોસ્ટલ ઝોન મેનેજમેન્ટની નીતિ અને કાયદાકીય માળખા અંગે સલાહ-સૂચન આપવાં.

સમિતિના ધ્યાનમાં આવ્યું છે કે દરિયાકાંઠાની અનેક બાબતો પર ગંભીરતાથી વિચારણા કરવાની જરૂર છે. સમયની મર્યાદાને કારણે સમિતિએ આ અહેવાલમાં દરિયાકાંઠાના પ્રશ્નોની માત્ર નોંધ જ લીધી છે, તેથી તે સંદર્ભે વધુ પગલાં જરૂરી છે. સમિતિની ભલામણ છે કે મળેલાં તારણોના આધારે સરકારે સલાહ-મસલત શરૂ કરવી જોઈએ અને કોસ્ટલ રેગ્યુલેશન ઝોન (સીઆરઝેડ) નોટિફિકેશન, ૧૯૯૧માં સુધારા કરવા જોઈએ.

**સમિતિની ભલામણોનો સાર આ મુજબ છે :**

ભારતનો દરિયાકાંઠો બેવડી રીતે જોખમનો સામનો કરી રહ્યો હોવાની સ્પષ્ટ વાત સમિતિ દ્વારા કરવામાં આવી છે. એક તરફ ઔદ્યોગિક અને શહેરી વિકાસને કારણે ભારે દબાણનો સામનો કરી રહ્યો છે તો બીજી તરફ ક્લાઈમેટ ચેન્જ સંબંધિત આફતો, જેવી કે ચક્રવાત, તીવ્ર આંધીથી માંડીને દરિયાઈ તોફાનો અને વારંવાર દરિયાની સપાટી વધવી, વગેરેનાં સંભવિત જોખમોનો સામનો કરી રહ્યો છે. આ માટે દરિયાકાંઠા અને ત્યાં વસતા લોકોના રક્ષણ માટે વિશેષ ધ્યાન-દેખરેખ અને સાવચેતી રાખવાની ખૂબ જરૂર છે. સમિતિએ એ પણ સ્પષ્ટ કર્યું છે કે દરિયાકાંઠાના વિસ્તારો માછીમાર સમુદાય માટે જીવન અને રોજગારીનું સ્થળ છે. આ સમુદાયો પર બેવડું જોખમ મંડરાઈ રહ્યું છે. વક્રતા એ છે કે એક તરફ જાળવણીના મામલે તો બીજી તરફ વિકાસ માટે તેમણે જ ભોગવવું પડે છે. દરિયાકાંઠાના વિસ્તારોના વ્યવસ્થાપન માટેની ભાવિ નીતિઓમાં આપણે આ પ્રવાહ (ટ્રેન્ડ)ને ઊલટાવવો પડશે અને દરિયાકાંઠાનાં જૈવિક તંત્રો (ઈકો સિસ્ટમ્સ) પરનાં જોખમો સામે તેનું રક્ષણ કરવાની સાથે સાથે માછીમાર સમુદાયની આજીવિકાને પણ સુનિશ્ચિત કરવી પડશે. આ એક મોટો પડકાર છે.

**સંદર્ભની શરતો – ૧ માટે ભલામણ :**

દરિયાકાંઠાના ઉમદા વ્યવસ્થાપન માટે સીએમઝેડ નોટિફિકેશન, ૨૦૦૮ને રદ કરીને હયાત સીઆરઝેડ નોટિફિકેશન, ૧૯૯૧માં સૂચિત સુધારાવધારાને ભલામણ તરીકે સમાવવામાં આવે.

**સંદર્ભની શરતો – ૨ માટે ભલામણો :**

- અંતરીક્ષ તકનીકથી સજ્જ ઉપકરણોની મદદથી સીઆરઝેડના થઈ રહેલા ઉલ્લંઘનને પકડી પાડવા, સંસ્થાઓ અને નિયમન તથા કાયદાકીય સુધારાને મજબૂત બનાવવા.
- સીઆરઝેડ નોટિફિકેશનમાં સુધારાઓ થકી માછીમાર સમુદાયો અને પરિવારોનાં જીવન અને આજીવિકાને બચાવવા માટે રક્ષણ સુનિશ્ચિત કરવું.
- મુંબઈના વિકાસ અને પુનર્વિકાસને લગતા પ્રશ્નોનો સ્થાનિક – વિશેષ સુધારાઓ કરીને ઉકેલ લાવવો.
- દરિયાકાંઠે વધતાં જતાં બંદરોની દરિયાકાંઠા પર પડનારી સંભવિત અસરોને ધ્યાનમાં રાખીને નિયમો દાખલ કરવા જોઈએ.

- દરિયામાં ઠલવાતાં કચરા માટે કડક ધોરણો લાગુ કરવા, જેથી પ્રદૂષણ વ્યવસ્થાપન માટે તે સસ્તો વિકલ્પ ન બની રહે.
- આંદામાન-નિકોબાર તેમજ લક્ષ્યદ્વીપ ટાપુઓમાં સલાહ-મસલત અને ચર્ચા બાદ નવું વ્યવસ્થાપન તંત્ર ઊભું કરવું.
- જોખમગ્રસ્ત દરિયાકાંઠાના વિસ્તાર માટે કોઈ નવું સંરક્ષણ તંત્ર રચવું હોય તો સ્થાનિક લોકો, ખાસ કરીને માછીમાર પરિવારો સાથે સંરક્ષણ નીતિની અસરોની સ્પષ્ટતાપૂર્વક ચર્ચા-વિચારણા કરીને સમજૂતી સાધીને જ રચવું.
- સ્પષ્ટ પરિભાષાના આધારે જ મેન્ગ્રોવ્ઝનું સંરક્ષણ મજબૂત બનાવવું.
- દરિયાના કાંઠાળા પ્રદેશોને તેની સામેનાં વર્તમાન અને ભાવિ જોખમો ધ્યાનમાં લઈને સંરક્ષણના દાયરામાં સમાવવા, પરંતુ તેનાથી માછીમાર સમુદાયોની આજીવિકા પર કોઈ નડતર ઊભું ન થાય તેની કાળજી જરૂર રાખવી.
- તમામ સ્તરે સંશોધન અને નિયમન ક્ષમતા મજબૂત બનાવવા પગલાં ભરવાં.
- દરિયાની સપાટી વધવાના અને દરિયાકાંઠા સામે વધતાં જોખમો જેવા ભાવિ પડકારોનો સામનો કરી તેને પહોંચી વળવા માટે નીતિઓ ઘડવી.

# (૧) સમિતિ અને તેના કાર્યની સંદર્ભની શરતો :

પર્યાવરણ અને વન મંત્રાલયે ૧૫ જૂન, ૨૦૦૯ના રોજ પ્રો. એમ. એસ. સ્વામીનાથનના વડપણ હેઠળ સીએમઝેડ નોટિફિકેશન, ૨૦૦૮ના મુસદ્દા બાબતે ભાવિ પગલાં અંગે ભલામણ કરવા માટે ચાર સભ્યોની સમિતિની રચના કરી હતી. સમિતિના અન્ય સભ્યોમાં – ડો. શૈલેષ નાયક, અર્થ સાયન્સીસ મંત્રાલયના સચિવ, શ્રી જે.એમ. મૌસકર, પર્યાવરણ અને વન મંત્રાલયના અધિક સચિવ અને સુશ્રી સુનિતા નારાયણ, સીએસઈના નિયામકનો સમાવેશ કરાયો. સમિતિને નીચેની સંદર્ભની શરતો (ટર્મ્સ ઓફ રેફરન્સીસ) આપવામાં આવી :

- કોસ્ટલ મેનેજમેન્ટ ઝોન નોટિફિકેશન, ૨૦૦૮ના મુસદ્દા સંદર્ભે મંત્રાલયને મળેલાં મંતવ્યો – ટિપ્પણીઓની ચકાસણી કરવી.
- સંકલિત કોસ્ટલ ઝોન મેનેજમેન્ટની નીતિ અને કાયદાકીય માળખા અંગે સલાહ-સૂચન આપવાં.

સમિતિ દ્વારા સીએમઝેડ નોટિફિકેશન, ૨૦૦૮ અંગે પર્યાવરણ અને વન મંત્રાલયને મળેલાં મંતવ્યો પર વિચાર કરવામાં આવ્યો. સમિતિ દ્વારા મંત્રાલયને સીએમઝેડ નોટિફિકેશન, ૨૦૦૮ સંદર્ભે મંતવ્યો મોકલનારાં જુદાં જુદાં જૂથોના પ્રતિનિધિઓ સાથેની બેઠકો સહિત પાંચ બેઠકો યોજવામાં આવી. (સંદર્ભની શરતો માટે જુઓ પરિશિષ્ટ – ૧)

- ૨૭ જૂન, ૨૦૦૯ના રોજ કોસ્ટલ રેગ્યુલેશન ઝોન (સીઆરઝેડ) અને કોસ્ટલ મેનેજમેન્ટ ઝોન (સીએમઝેડ) સંબંધિત મુદ્દાઓ પર ચર્ચા યોજવામાં આવી.
- ૭ જુલાઈ, ૨૦૦૯ના રોજ કેન્દ્ર અને રાજ્ય સરકારોના પ્રતિનિધિઓ સાથે બેઠક યોજવામાં આવી.
- ૮ જુલાઈ, ૨૦૦૯ના રોજ વ્યાપાર અને ઉદ્યોગની સંસ્થાઓના પ્રતિનિધિઓ સાથે બેઠક યોજવામાં આવી.
- ૧૧ જુલાઈ, ૨૦૦૯ના રોજ બિનસરકારી સંસ્થાઓ અને માછીમાર લોકોનાં સંગઠનોના પ્રતિનિધિઓ સાથે બેઠકો યોજવામાં આવી.
- ૧૬ જુલાઈ, ૨૦૦૯ના રોજ અહેવાલને આખરી ઓપ અપાયો.

# (૨) પ્રસ્તાવના : સીએમઝેડ નોટિફિકેશન, ૨૦૦૮ સુધીનો ઘટનાક્રમ:

૧૯૮૦ના દાયકાની શરૂઆતમાં તત્કાલીન વડાપ્રધાન ઈન્દિરા ગાંધીના સમયમાં ભારતીય દરિયાકાંઠાના સંરક્ષણના પ્રયાસો શરૂ થયા. ઈન્દિરા ગાંધીએ દરિયાકાંઠો ધરાવતાં રાજ્યોની સરકારોને દરિયાકાંઠાના વિસ્તારોના વિકાસને ઉત્તેજન આપતી વખતે રાખવાની સાવચેતીઓ-કાળજીઓ અંગેનો ભલામણપત્ર પાઠવ્યો હતો. દરિયાકાંઠાના પ્રદેશોના સંરક્ષણ માટે અપાયેલી માર્ગરેખાઓ કાયદાકીય જોગવાઈઓના અભાવે બિનઅસરકારક પુરવાર થઈ. ફેબ્રુઆરી, ૧૯૯૧માં પર્યાવરણ અને વન મંત્રાલય દ્વારા દરિયાકાંઠાના વિસ્તારોમાં ચાલી રહેલી તમામ વિકાસકીય પ્રવૃત્તિઓના નિયમન માટે પર્યાવરણ (સંરક્ષણ) એક્ટ, ૧૯૮૬ અંતર્ગત કોસ્ટલ રેગ્યુલેશન ઝોન (સીઆરઝેડ) નોટિફિકેશન બહાર પાડવામાં આવ્યું.

સીઆરઝેડ નોટિફિકેશન, ૧૯૯૧ થકી ભારે ભરતી લાઈન (હાઈ ટાઈડ લાઈન)થી જમીન તરફ ૫૦૦ મીટરના વિસ્તારમાં અને હાઈ ટાઈડ લાઈનથી જમીન તરફ ૧૦૦થી ૧૫૦ મીટરના વિસ્તારમાં આવેલાં જળાશયો, જેને ભરતીની અસર થતી હોય, જેવાં કે, ક્રિક્સ, ખાડી, અખાત વગેરે વિસ્તારોમાં અમુક ચોક્કસ પ્રવૃત્તિઓ પર પ્રતિબંધ લદાયો અને આ વિસ્તાર પર નિયંત્રણો લાદવામાં આવ્યાં.

જમીનના વપરાશને ૫૦૦ મીટરના નિયંત્રિત ઝોન ચાર ક્ષેણીમાં વહેંચીને જમીનના ઉપયોગ પર નિયમન કરવામાં આવ્યું. આ ચાર શ્રેણીમાં એક, સીઆરઝેડ -૧ (જૈવિક દ્રષ્ટિએ સંવેદનશીલ અને ભરતીના ઘેરાવામાં આવતા વિસ્તારો), સીઆરઝેડ – ૨ (શહેરી અને વિકસિત વિસ્તારો), સીઆરઝેડ – ૩ (ગ્રામીણ વિસ્તારો) અને સીઆરઝેડ – ૪ (આંદામાન-નિકોબાર અને લક્ષ્યદ્વીપ ટાપુઓ).

છેલ્લાં ૧૮ વર્ષોમાં મંત્રાલય દ્વારા સીઆરઝેડ નોટિફિકેશનમાં ૨૫ વખત સુધારા કરવામાં આવ્યા. સીઆરઝેડના અમલીકરણ સંબંધિત મુદ્દાઓ અંગે દેશની જુદી જુદી કોર્ટ દ્વારા પણ વિચારણા કરવામાં આવી અને ચુકાદાઓ અપાયા. માનનીય સુપ્રીમ કોર્ટના ૧૮ એપ્રિલ, ૧૯૯૬ના રોજ અપાયેલા નિર્દેશના આધારે મંત્રાલયે રાષ્ટ્રીય અને રાજ્ય કક્ષાનાં ૧૩ કોસ્ટલ ઝોન મેનેજમેન્ટ સત્તામંડળો ઊભાં કર્યાં. પર્યાવરણ (સંરક્ષણ) કાયદો, ૧૯૮૬ અંતર્ગત રચવામાં આવેલાં આ સત્તામંડળોની મુખ્ય જવાબદારી સીઆરઝેડ નોટિફિકેશન, ૧૯૯૧ ના અમલીકરણને ગતિ આપવાની અને તેની દેખરેખ રાખવાની હતી. પરંતુ આ ગાળામાં પણ નોટિફિકેશનનું ઉલ્લંઘન અટક્યું નહીં. એટલે પછી મૂળ નોટિફિકેશનની જુદી જુદી જોગવાઈ પર પુનર્વિચાર કરવાની માંગણી ઊઠવા પામી.

સીઆરઝેડ નોટિફિકેશનનું અમલીકરણ અપેક્ષા મુજબ સફળ રહ્યું નહિ, તે ઉઘાડું સત્ય હતું. આને કારણે જ મંત્રાલયે ૨૦૦૪માં પ્રો. એમ.એસ. સ્વામીનાથનના વડપણ હેઠળ નિષ્ણાતોની સમિતિ રચી. આ સમિતિએ હયાત સીઆરઝેડ નોટિફિકેશન પર પુનર્વિચારણા કરીને દરિયાકાંઠાના વિસ્તારો માટેનો એજન્ડા સૂચવવાનો હતો. ફેબ્રુઆરી – ૨૦૦૫માં નિષ્ણાતોની સમિતિ દ્વારા પોતાનો અહેવાલ મંત્રાલયને સોંપવામાં આવ્યો. આ અહેવાલમાં દરિયાકાંઠે વસતા લોકોની આજીવિકાને હાનિ ન પહોંચે અને કાંઠાળા વિસ્તારનું સંરક્ષણ થઈ શકે એવી વિશેષ ભલામણો સાથે માર્ગરેખા રજૂ કરવામાં આવી હતી. (બોક્સમાં એમ.એસ. સ્વામીનાથનના અહેવાલમાં ભલામણ કરવામાં આવેલી માર્ગરેખા વાંચી શકો છો.)

મે, ૨૦૦૮માં મંત્રાલય દ્વારા સીએમઝેડ વિસ્તારોમાં હરિયાળાં એરપોર્ટના સમાવેશની જોગવાઈ ધરાવતા સુધારા સાથે સીએમઝેડ નોટિફિકેશનનો મુસદ્દો બહાર પાડવામાં આવ્યો. પર્યાવરણ (સંરક્ષણ) કાયદો – ૧૯૮૬ અનુસાર નોટિફિકેશન બહાર પડ્યા પછીના ૬૦ દિવસના ગાળામાં તેના પર લોકોનાં સૂચનો અને વાંધા-વિરોધ જાણવા માટે તેને જાહેર કરાયો. તામિલનાડુ, ગોવા અને પોંડિચેરીના વહીવટીતંત્રની વિનંતીને ધ્યાનમાં રાખીને નોટિફિકેશન અંગે સૂચનો અને વાંધાઓ મેળવવા માટેનો સમયગાળો લંબાવવા નોટિફિકેશનનો મુસદ્દો ફરી ૨૨ જુલાઈ, ૨૦૦૮ના રોજ નોટિફાઈડ કરાયો.

**કોસ્ટલ ઝોન મેનેજમેન્ટ : એમ. એસ. સ્વામીનાથન અહેવાલ - ૨૦૦૫માં રજૂ કરાયેલી માર્ગરેખાઓ :**

- પોતાના ભોજન અને આવક માટે દરિયાઇ સંસાધનો પર અવલંબિત માછીમાર પરિવારોનાં રહેઠાણો અને આજીવિકાની સલામતી સુનિશ્ચિત કરવી. દરિયાકાંઠે ખેતી કરનારા સમુદાયો સામેના ભાવિ પડકારો પર પણ ધ્યાન આપવું.
- દરિયાકાંઠે આવેલી કુદરતી અને સાંસ્કૃતિક વારસાનાં સ્થળોની જાળવણી કરવી. જેવાં કે, રામસર પરિસર અને ઓલિવ રેડલી પ્રજનન મેદાનો વગેરે.
- મેન્ગ્રોવ્ઝ અને મેન્ગ્રોવ્ઝ સિવાયની જૈવિક વનસ્પતિઓ અને જૈવિક વિવિધતાની જાળવણી કરીને દરિયાકાંઠાના વિસ્તારોની જૈવિક સલામતીને મજબૂત બનાવવી.
- ક્લાઈમેટ ચેન્જને કારણે વધતી દરિયાઇ જળસપાટી તેમજ વારંવાર સુનામી અને અન્ય વાવાઝોડાની આફતોનો સામનો કરવા માટે દરિયાકાંઠે વસતા લોકોની પડકાર સામે લડવાની તાકાત વધારવી.
- દરિયાના પાણીને પ્રદૂષણથી બચાવવું જેથી ઘરઆંગણે કે વિદેશમાં વેચાતાં માછલી અને અન્ય દરિયાઇ ઉત્પાદનો પેસ્ટિસાઇડ્ઝ અને અન્ય ઝેરી પદાર્થોથી મુક્ત રહે. આમ થવાથી નાનાં માછીમાર પરિવારોની આવકની સલામતી પર પણ કોઈ આંચ નહિ આવે.
- દરિયાકાંઠાના વિસ્તારોમાં વસતા આશરે ૨૫ કરોડ લોકોના જીવન અને રોજગારીની સલામતી માટે પગલાં ભરો અને મુંબઈ, કોલકાતા, ચેન્નાઈ, કોચી, વિશાખાપટ્ટનમ વગેરે દરિયાકાંઠે આવેલાં મોટાં શહેરોને દરિયાની સપાટી વધવાના સમયમાં પણ વાંધો ન આવે તેવાં આગોતરાં પગલાં ભરો.
- આ બધા માટે દરિયાકાંઠાના જમીન તરફના અને દરિયા તરફના વિસ્તારો પર સંકલિત ધ્યાન આપવાની ખાસ જરૂર છે.

સીઆરઝેડ નોટિફિકેશન અને પ્રસ્તાવિત સીએમઝેડ નોટિફિકેશન વચ્ચેના મુખ્ય તફાવત આ મુજબ છે :

- ૧૯૯૧નું સીઆરઝેડ નોટિફિકેશન નિયમન થકી વ્યવસ્થાપન આધારિત છે, જ્યારે ૨૦૦૮નું સીએમઝેડ નોટિફિકેશન આયોજન થકી વ્યવસ્થાપન પર ધ્યાન કેન્દ્રિત કરે છે. વધારામાં સીઆરઝેડ ભરતીના વ્યાપવાળા વિસ્તારો (ઈન્ટર-ટાઈડલ એરિયાઝ), જેમકે ભરતી અને ઓટની રેખાઓ વચ્ચેનો વિસ્તાર અને જમીન તરફના વિસ્તાર પરની ભરતીની રેખાથી ૫૦૦ મીટર સુધીના વિસ્તારો પરની પ્રવૃત્તિઓ પર નિયમન કરે છે. દરિયાઇ વિસ્તારો નિયમનના દાયરામાં સામેલ નહોતા. સીએમઝેડનો કાનૂની દાયરો દરિયા તરફના ૧૨ નોટીકલ માઈલ સુધીના વિસ્તાર સુધી વ્યાપેલો છે અને જમીન તરફ મ્યુનિસિપાલિટી/પંચાયત સુધીનો વિસ્તાર કે ભરતીથી અસરગ્રસ્ત જળાશયો અને દરિયાનો પટ સીએમઝેડના ન્યાયક્ષેત્રમાં આવી જાય છે.
- સીઆરઝેડ સમગ્ર દેશના સમુદ્રકાંઠા પરની ભારે ભરતી રેખાથી ૫૦૦ મીટર જમીન તરફના વિસ્તારમાં થતી પ્રવૃત્તિઓ પર નિયંત્રણ રાખે છે. આ પટ્ટી એક સમાન અને નિર્ધારિત છે. કોઈ ખાસ વિસ્તાર જે ૫૦૦ મીટરના ઘેરાવાની બહાર હોય અને તેના પર જોખમ મંડરાઈ રહ્યું હોય છતાં તેને ધ્યાનમાં લેવાતું નથી. જ્યારે સીએમઝેડ અંતર્ગત નિયમન માટે સેટબેક લાઈન અંકિત કરવી જરૂરી હોય છે. સેટબેક લાઈન દરિયાથી ઊંચાઈ, જૈવિક વનસ્પતિની સ્થિતિ, દરિયાની સપાટીનું વલણ અને ભરતી-ઓટ વખતની દરિયાની સપાટીની રેખાના આધારે વિશેષ ભયજનકતાને ધ્યાનમાં

રાખીને અંકિત કરાય છે. બીજા શબ્દોમાં સીએમઝેડનું ન્યાયક્ષેત્ર ૫૦૦ મીટર કરતાં વધતું કે ઓછું હોઈ શકે, પરંતુ તેનો આધાર ભયજનકતા પર હોય છે. નોટિફિકેશન બહાર પડ્યાની તારીખથી બે વર્ષના ગાળામાં મંત્રાલય દ્વારા અધિકૃત કરાયેલી એજન્સીઓ દ્વારા સેટબેક લાઈન નિર્ધારિત કરવામાં આવશે.

- સીઆરઝેડમાં નિયમનના વિસ્તારને ચાર શ્રેણીમાં વિભાજિત કરી દેવામાં આવ્યો હતો, જેને આધારે તેના સંરક્ષણ અને પ્રતિબંધનું સ્તર નક્કી કરી શકાય. સીએમઝેડમાં વિસ્તારને એકાદ વધુ-ઓછી કે સમાન સંખ્યામાં વિભાજિત કરાયા છે, પરંતુ નિયમનની પદ્ધતિ બદલવામાં આવી છે. સીઆરઝેડ અને સીએમઝેડ, બન્નેમાં ઝોન – ૧માં જૈવિક રીતે સંવેદનશીલ વિસ્તારોને જ સમાવાયા છે. મહત્ત્વનો તફાવત એ છે કે સીઆરઝેડમાં ઝોન – ૧ તરીકે ઓળખાતો વિસ્તાર બિન-વિકાસ ઝોન છે, જેમાં બહુ ઓછી પ્રવૃત્તિઓને સ્વીકૃતિ મળી છે. વર્ષો જતાં સફળ થયેલા સુધારાઓ થકી આવી પ્રવૃત્તિનો વ્યાપ વધવા પામ્યો છે. પરંતુ, સીએમઝેડમાં આવું નથી, ઝોન – ૧માં સંકલિત કોસ્ટલ ઝોન મેનેજમેન્ટ પ્લાન થકી પરિભાષિત થયેલી વિવિધ પ્રવૃત્તિઓ માટે મોકળું મેદાન છે. સીઆરઝેડની બીજી શ્રેણીમાં નિયંત્રણ અંતર્ગત આવતો વિસ્તાર – શહેરી વિસ્તાર અને મ્યુનિસિપાલિટીની હદમાં આવતા વિસ્તારમાં પણ ૫૦૦ મીટર સુધી પ્રવૃત્તિ પર પ્રતિબંધ છે. સીએમઝેડમાં ઝોન – ૨માં શહેરી અને ઔદ્યોગિક વિસ્તારો ઉપરાંત એરિયાઝ ઓફ પર્ટિક્યુલર કન્સર્નનો સમાવેશ થાય છે. સીઆરઝેડની જેમ આ નવું નોટિફિકેશન શહેરી અને ગ્રામીણ વસાહતો વચ્ચે કોઈ અંતર રાખતું નથી. વધારામાં સીઆરઝેડ જેમ ૫૦૦ મીટર પૂરતી જ તેની સીમામર્યાદા નથી, પરંતુ સમગ્ર મ્યુનિસિપાલિટી કે કોર્પોરેશન તેમાં આવી જાય છે. સીએમઝેડના ઝોન – ૩માં તમામ ખુલ્લા વિસ્તારો, જેમાં દરિયાના પાણી ભરાતા હોય એવા વિસ્તાર તથા ભરતીથી અસરગ્રસ્ત જળાશયોનો પણ સમાવેશ થઈ જાય છે. સીઆરઝેડ અને સીએમઝેડ, બન્નેમાં ઝોન – ૪માં આંદામાન-નિકોબાર અને લક્ષ્યદ્વીપ ટાપુઓ આવી જાય છે, પરંતુ તફાવત એટલો જ છે કે સીઆરઝેડમાં માત્ર ૫૦૦ મીટર સુધીનો વિસ્તાર જ આવે છે, જ્યારે સીએમઝેડમાં સંકલિત યોજના થકી સમગ્ર ટાપુની પ્રવૃત્તિઓનું વ્યવસ્થાપન થાય છે.

- સીઆરઝેડમાં શ્રેણી – ૨ અને ૩ અંતર્ગત પ્રતિબંધિત અને સ્વીકૃત પ્રવૃત્તિઓની યાદી આપવામાં આવી છે, જ્યારે શ્રેણી – ૧ અંતર્ગત બહુ મર્યાદિત વિકાસ-પ્રવૃત્તિની સ્વીકૃતિ અપાઈ છે. (સ્વીકૃત પ્રવૃત્તિઓની યાદી માટે પરિશિષ્ટ – ૨ જુઓ). સીએમઝેડમાં ઝોન – ૧ અને ઝોન –૨માં તૈયાર કરાયેલા ઈન્ટિગ્રેટેડ કોસ્ટલ ઝોન મેનેજમેન્ટ પ્લાન મુજબ વ્યવસ્થાપન ચાલે છે. એક વખત પ્લાન બનાવી દીધા બાદ કેન્દ્ર સરકારની બહાલી મેળવવી પડે છે. સૌથી અગત્યનું સેટબેક લાઈનથી જમીન તરફના વિસ્તાર પરનો વિકાસ નોટિફિકેશન દિવસે સ્થાનિક શહેર કે દેશના હયાત આયોજન નિયમો મુજબ કરવામાં આવશે. બીજા શબ્દોમાં વિકાસના નિયમો સ્થગિત કરવામાં આવશે અને અનુગામી પરિવર્તનો માટે કેન્દ્ર તરફથી મંજૂરી મેળવવી પડશે . મહત્ત્વનું એ છે કે નિયમનનો વિસ્તાર ૫૦૦ મીટર સુધીની જમીન જ નહિ પરંતુ સમગ્ર મ્યુનિસિપલ કે કોર્પોરેશનની હદ આવી જાય છે. સીએમઝેડમાં ઝોન – ૩ માં સ્વીકૃત પ્રવૃત્તિઓની યાદી પરિશિષ્ટ – ૬ માં આપવામાં આવી છે. પરિશિષ્ટ – ૪ માં જુદા જુદા સ્તરની પ્રવૃત્તિઓની મંજૂરી કઈ એજન્સી આપશે તેની વિગત પણ આપવામાં આવી છે. દાખલા તરીકે, માછીમારીમાં પરંપરાગત મચ્છી સાચવણીની પ્રક્રિયા, આઈસ પ્લાન્ટ અને કાપવાની પ્રક્રિયા માટે માત્ર સ્થાનિક તંત્રની જ મંજૂરી લેવી પડે, જ્યારે જેટી અને માછીમારી માટેનાં બંદરોના બાંધકામ માટે રાજ્ય સ્તરની કોસ્ટલ ઝોન મેનેજમેન્ટ ઓથોરિટી તરફથી મંજૂરી મેળવવી પડે. એ જ રીતે, આધુનિક બંદર, બારા, જેટી કે વહાણ લાંગરવાની સુવિધા ઊભી કરવા માટે કેન્દ્રીય પર્યાવરણ અને વન મંત્રાલય તરફથી સ્વીકૃતિ મેળવવી પડે. મંત્રાલય પર્યાવરણ પર તેનાથી થનાર અસરોના મૂલ્યાંકનના અહેવાલના આધારે નિર્ણય કરતું હોય છે.

# (૩) સીએમઝેડ નોટિફિકેશન પરનાં મંતવ્યો :

નોટિફિકેશન બહાર પડ્યા પછી પર્યાવરણ અને વન મંત્રાલયને રાજ્ય સરકારોથી માંડીને માછીમાર સમુદાયો તરફથી મોટી સંખ્યામાં સૂચનો અને વાંધાઓ પ્રાપ્ત થયાં છે. આ નોટિફિકેશન સંદર્ભે દેશભરમાં વ્યાપક ચર્ચા કરાવવા માટે મંત્રાલયે અમદાવાદ સ્થિત પર્યાવરણ શિક્ષણ કેન્દ્ર( સીઈઈ )ને તેની જવાબદારી સોંપી. પર્યાવરણ શિક્ષણ કેન્દ્ર દ્વારા દેશભરમાં સંબંધિત સ્થાનિક લોકો તથા બિનસરકારી સંસ્થાઓના પ્રતિનિધિઓની ૩૫ ચર્ચા-બેઠકો યોજવામાં આવી. પર્યાવરણ શિક્ષણ કેન્દ્ર દ્વારા આ બેઠકોમાં થયેલી ચર્ચાનો અહેવાલ સપ્ટેમ્બર, ૨૦૦૮માં મંત્રાલયને સોંપવામાં આવ્યો. પર્યાવરણ શિક્ષણ કેન્દ્રના નિયામકે ૨૭ જૂન, ૨૦૦૯ના રોજ સમિતિની પહેલી મિટિંગમાં અહેવાલનાં મુખ્ય તારણો અને અહેવાલના સારની રજૂઆત કરી હતી.

**સીઈઈ દ્વારા આયોજિત ચર્ચા-બેઠકોનો સંક્ષિપ્ત સાર :**

- સીઆરઝેડને જાળવી રાખીને સૂચિત સુધારા તેમાં સમાવવા; વધારામાં સેટબેક લાઇન, પર્યાવરણીય સંવેદનશીલતા બાબતે વધારે સ્પષ્ટતા કરવી રહી.
- હાલના સીઆરઝેડ નોટિફિકેશન, ૧૯૯૧નો અસરકારક અમલ કરવામાં આવે અને તેમાં થોડા સુધારા કરીને તેના થઈ રહેલા ઉલ્લંઘનને દંડિત કરવામાં આવે તો તેમાં દરિયાકાંઠાના વિસ્તારોનું વ્યવસ્થાપન કરવાનો પૂરતો અવકાશ છે.
- જુદાં જુદાં સંબંધિત જૂથો, ખાસ કરીને સ્થાનિક લોકોના પ્રતિનિધિઓને સીએમઝેડ નોટિફિકેશન, ૨૦૦૮ના માળખાની રચના તેમજ સમગ્ર પ્રક્રિયામાં સામેલ કરવા જોઈએ.
- સીએમઝેડ નોટિફિકેશન, ૨૦૦૮ નવી વ્યવસ્થાપન પદ્ધતિઓને લઈને આવ્યું છે. જે વસ્તુલક્ષી અર્થઘટન માટે ખુલ્લી છે અને કોર્પોરેટ પ્રવૃત્તિઓના પ્રોત્સાહન પૂરું પાડવા અને તેને કાયદેસર ઠરાવવા માટે તેનો ઉપયોગ થઈ શકે છે.
- સીએમઝેડ નોટિફિકેશન, ૨૦૦૮ સેઝને પ્રોત્સાહન આપશે, એનો અર્થ એ કે દરિયાકાંઠાના સ્થાનિક લોકોના મૂળભૂત અધિકારોની પરવા કર્યા વિના કાંઠાની જમીન અને સંસાધનો ઉદ્યોગ ક્ષેત્ર માટે ખુલ્લા મુકાઈ જશે.
- પ્રસ્તાવિત સીએમઝેડ નોટિફિકેશન, ૨૦૦૮ની વ્યવસ્થાપકીય પદ્ધતિઓ અને માળખામાં સ્થાનિક તંત્રો અને રાજ્ય સરકારની ભૂમિકા અંગે પૂરતું ધ્યાન આપવામાં આવ્યું નથી. સ્થાનિક સ્તરે પર્યાવરણ અને જમીન બાબતે પ્રવૃત્તિઓના આયોજનમાં સામેલ થવાના ત્યાંના સ્થાનિક લોકો અને તેમના પ્રતિનિધિઓ (પંચાયત સભ્યો)ના મૂળભૂત અધિકારો અને તકોનો પ્રસ્તાવિત ઈન્ટિગ્રેટેડ કોસ્ટલ ઝોન મેનેજમેન્ટ પ્લાનની પ્રક્રિયામાં ભોગ લેવાયો છે.
- સીઆરઝેડ નોટિફિકેશન, ૧૯૯૧માં કરવામાં આવેલા સુધારા અને અસરોને કારણે મૂળભૂત ઉદ્દેશો નબળા પડ્યા હતા, તે જોતાં સીએમઝેડ નોટિફિકેશન, ૨૦૦૮માં થનાર સુધારામાં પણ એવું બની શકે, જેની અસર ખાસ કરીને માછીમાર લોકો પર પડી શકે.
- દરિયાકાંઠાની જૈવિક સંપદા અને સદીઓથી ત્યાં વસનારાં સમુદાયોના સંરક્ષણ માટે દરિયાકાંઠાના વ્યવસ્થાપનનો કાયદો કે કાયદાકીય વ્યવસ્થાની જરૂર છે. ચૂંટાયેલા સભ્યોની ધારા સભાએ આવા કાયદા માટે દરિયાકાંઠા સંબંધિત નીતિઓની ચર્ચા કરવી જોઈએ. કોસ્ટલ ઝોનના વ્યવસ્થાપન માટે કાયદો તૈયાર ન થાય ત્યાં સુધી સુધારા વિનાના સીઆરઝેડ નોટિફિકેશન, ૧૯૯૧નો અસરકારક અમલ કરાવવાની અને તેનું ઉલ્લંઘન કરનારાઓને દંડવાની જરૂર છે.

૨૦૦૮માં વિજ્ઞાન અને ટેકનોલોજી, પર્યાવરણ અને વનની સંસદીય સમિતિએ પણ નોટિફિકેશનના મુસદ્દાને તપાસ્યો હતો. ચર્ચાને અંતે સંસદીય સમિતિ એવા તારણ પર આવી હતી કે સંબંધિત લોકો - ખાસ કરીને માછીમાર સમુદાયો અને સ્થાનિક લોકોનાં હિતોના પ્રશ્નોનો નીવેડો લાવ્યા વિના સીએમઝેડ નોટિફિકેશનનું અમલીકરણ કરવાની ઉતાવળ ન કરવી જોઈએ. સંસદીય સમિતિ દ્વારા ભલામણ કરવામાં આવી છે કે દરિયાકાંઠે વસતા લોકોને સહભાગિતા, નિર્ણયપ્રક્રિયા અને અંકુશ ઉપકરણો થકી સાંકળવાનું તંત્ર જ્યાં સુધી ગોઠવાય નહિ ત્યાં સુધી સીએમઝેડ નોટિફિકેશનનું અમલીકરણ અટકાવી રાખવું.

# (૪)સંદર્ભની શરત – ૧ : સીએમઝેડ નોટિફિકેશન, ૨૦૦૮ના મુસદ્દા અંગે મળેલાં મંતવ્યોની ચકાસણી :

સીએમઝેડ નોટિફિકેશનના મુસદ્દા અંગે મળેલા લેખિત પ્રતિભાવોનું આકલન ચકાસણી કરવાનું કામ સમિતિએ કરવાનું હતું. વધારામાં, બહું ટૂંકાગાળામાં કેન્દ્ર સરકારની એજન્સીઓ, રાજ્ય સરકારો, જાહેર ક્ષેત્રનાં એકમો, ખાનગી ક્ષેત્રની કંપનીઓ, માછીમાર અને પર્યાવરણ ક્ષેત્રનાં જૂથો સાથે આ અંગે ચર્ચા કરવાની હતી. (પ્રાપ્ત થયેલાં મંતવ્યોના સાર માટે પરિશિષ્ટ – ૩ અને બેઠકોની મિનિટ્સ માટે પરિશિષ્ટ – ૪ જુઓ.) મંતવ્યોના આકલન અને ચર્ચા-વિચારણાનાં તારણો આ મુજબ છે :

- સીએમઝેડ નોટિફિકેશન સામે વ્યાપક વિરોધ છે. લેખિતમાં મંતવ્યો જણાવનાર આઠે આઠ રાજ્ય સરકારે સીએમઝેડ, ૨૦૦૮ને પાછો ખેંચી લેવાની ભલામણ કરી છે. માછીમારનાં સંગઠનો તેમજ પર્યાવરણ ક્ષેત્રે કાર્યરત એનજીઓએ પણ નોટિફિકેશનના મુસદ્દાને સ્વીકારવાની ના પાડી દીધી છે. એટલું જ નહિ રિયલ એસ્ટેટ ડેવલપર્સ અને ખાનગી ક્ષેત્રે પણ સીએમઝેડ, ૨૦૦૮ સામે ગંભીર વાંધાઓ ઉઠાવ્યા છે.
- નોટિફિકેશન મુસદ્દામાં પ્રસ્તાવિત વૈજ્ઞાનિક વ્યવસ્થાપકીય તંત્રનું ખોટું અર્થઘટન થશે અને દુરૂપયોગ કરાશે એવી વ્યાપક લાગણી જોવા મળી છે. વૈજ્ઞાનિક પરિભાષાના ઉપયોગ અને સૌથી મહત્ત્વનું સેટબેક લાઈનના રેખાંકન બાબતની પાયાની અનિશ્ચિતતાઓ અંગે પણ કેટલીક શંકાઓ પ્રવર્તે છે. સેટબેક લાઈનનાં રેખાંકન અંગે અનેક વૈજ્ઞાનિક અને વિગતને લગતા પ્રશ્નો હોવાથી અમલીકરણમાં ખૂબ જ મોડું થશે, એવું લગભગ તમામ જૂથો માની રહ્યા છે. સેટબેક લાઈન અંગેની સ્પષ્ટતા વિના સીએમઝેડના વ્યવસ્થાપકીય તંત્રની તરફેણ કરનારા ખાનગી ડેવલપર્સ પોતે પણ તેને લાગુ પાડવા બાબતે હજી સુધી સ્પષ્ટ નથી. અત્રે ઉલ્લેખનીય છે કે નોટિફિકેશનના મુસદ્દામાં સાતત્યનો અભાવ છે અને તેની શરતો તથા પ્રસ્તાવો પૂરતા સ્પષ્ટ ન હોવાથી તેનું પસંદગીનું અર્થઘટન થશે અને તેની ભારે કિંમત ચૂકવવી પડશે. આ બધુ દરિયાકાંઠાના સંરક્ષણની બાબતે ઘાતક પુરવાર થઈ શકે. ચર્ચામાંથી એક વાત સ્પષ્ટ થઈ છે કે હાલનું ૫૦૦ મીટરનું રેખાંકન ગમે તેટલું અવૈજ્ઞાનિક હોવા છતાં તે લાંબા ગાળાથી ચકાસેલું અને સમજવામાં સરળ છે. સેટબેક લાઈનનું રેખાંકન થવાથી માંડીને ઈન્ટિગ્રેટેડ કોસ્ટલ ઝોન મેનેજમેન્ટ પ્લાન ઘડાય અને કેન્દ્ર સરકારની મંજૂરી મળે, એ ગાળામાં આયોજન મંજૂર થાય ત્યારે કેટલાંક હિતો ધરાવતા લોકો દ્વારા પોતાના ઉલ્લંઘનો કાયદેસર બની જાય, તેવી ઘણી બધી પ્રવૃત્તિ થઈ શકે. માછીમારી માટેની નોડલ એજન્સી કૃષિ મંત્રાલયે એવી વિનંતી કરી છે કે નોટિફિકેશન પહેલાં સેટબેક લાઈનનું રેખાંકન થઈ જવું જોઈએ. તેમણે એવું પણ જણાવ્યું છે કે સેટબેકની વ્યાખ્યા અસ્પષ્ટ છે અને સરળતાથી તેનું ખોટું અર્થઘટન થઈ શકે છે.
- અન્ય એક ચિંતાની બાબત પ્રતિબંધક તંત્ર બદલાવા અંગેની છે, જેનાથી દરિયાકાંઠે વ્યાપારી પ્રવૃત્તિ અને શહેરીકરણ વધી શકે છે. કર્ણાટક અને કેરળની સરકારોએ તો એવો ભય પણ વ્યક્ત કર્યો છે કે સીઆરઝેડમાં કરાયેલા ઉલ્લંઘનોને સીએમઝેડમાં કાયદેસરતા મળી શકે છે. હાલના ઉલ્લંઘનોને કાયદેસરતા અપાવવા લડી રહેલી ગોવા સરકારે પણ આ મતલબની જ લેખિત ચિંતા વ્યક્ત કરી છે. મહારાષ્ટ્ર સરકારનું કહેવું છે કે સીએમઝેડ વ્યાપારી પ્રવૃત્તિઓ માટે દરિયાકાંઠાને ખુલ્લો મૂકી દેશે. ઓરિસ્સા સરકારે મુદ્દા ઉઠાવ્યો છે કે પ્રસ્તાવિત નોટિફિકેશન જૈવસંપદાની દ્રષ્ટિએ જાણીતાં સંવેદનશીલ વિસ્તારોમાં પણ વિવિધ પ્રવૃત્તિ કરવાની મંજૂરી આપે છે. પર્યાવરણ ક્ષેત્રે કાર્યરત જૂથો તો આ બધા મુદ્દાઓ માટે પ્રખર વિરોધ કરી રહ્યાં છે, એ કહેવાની જરૂર નથી.
- માછીમાર લોકોનો આજીવિકાના અધિકારને નોટિફિકેશનના મુસદ્દામાં અવગણવામાં આવ્યાં હોવાનું પણ સૂચિત કરાયું છે. નેશનલ ફિસર વર્કર્સ ફોરમનું કહેવું છે કે સીએમઝેડ સ્થાનિક લોકો

પર નિયંત્રણ કરે છે, પરંતુ જુદાં જુદાં ક્ષેત્રોનાં મોટા રોકાણકારો અને કોર્પોરેટનાં હિતોને સાધશે. સરકારો અને બિન સરકારી જૂથો, એમ બધા આ ચિંતા વ્યક્ત કરી રહ્યાં છે. કેરળ સરકારે તો ચોખ્ખું કહ્યું છે કે માછીમાર લોકો પંરપરાગત રીતે દરિયાકાંઠે વસે છે, તેમને કોઈપણ સંજોગોમાં પોતાના વતનથી વિખૂટા ન જ પાડવા.

- સીઈઈ દ્વારા ચર્ચા-બેઠકો યોજાઈ હતી તેમજ નોટિફિકેશનની વિગતો સ્થાનિક ભાષામાં પ્રકાશિત કરીને તેની વહેંચણી કરવાના ભરપૂર પ્રયાસો થયા હોવા છતાં એવું નિરીક્ષણ સામે આવ્યું છે કે નોટિફિકેશન વ્યાપક સ્તર સુધી ઉપલબ્ધ નહોતું અને તેના અંગે દરિયાકાંઠાનાં ગામડાઓમાં ચર્ચા થઈ શકી નથી. આને કારણે એવો ભય રહે છે કે દરિયાકાંઠે વસતા મોટાભાગના લોકોએ પ્રસ્તાવિત પરિવર્તનોને સમજ્યા કે સ્વીકાર્યા નથી. નોટિફિકેશનને આખરી ઓપ અપાય તે પહેલાં તેઓની સહભાગિતા જરૂરી હોવાની માગ રજૂ કરવામાં આવી છે.
- ઘણી બધી એજન્સીઓએ કહ્યું છે કે તેમના પ્રતિનિધિઓને નેશનલ બોર્ડ ફોર સસ્ટેનેબલ કોસ્ટલ ઝોન મેનેજમેન્ટમાં સામેલ કરવા જોઈએ, જેમાં હમણાં ૩૨ સભ્યો રાખવાનો પ્રસ્તાવ રજૂ થયો છે.
- નોટિફિકેશનના મુસદ્દા અંગે ઘણાં જૂથોએ વાંધાઓ ઉઠાવ્યા છે, જ્યારે તેમાંના મોટાભાગના લોકોએ હાલના સીઆરઝેડ સામેના વાંધાઓ પણ રજૂ કર્યા છે અને સીઆરઝેડ નોટિફિકેશનમાં સુધારા કરવા જણાવ્યું છે. હાલનું તંત્ર કેટલું નબળું છે અને નિયમોનું ઉલ્લંઘન સામાન્ય બની ગયાનો મુદ્દો પણ ઊઠ્યો છે.

# (૫)સંદર્ભની શરત – ૧ : સમિતિની ભલામણો :

સમિતિ દ્વારા ચાર વિકલ્પો પર વિચાર કરવામાં આવ્યો :

- હયાત સીઆરઝેડ નોટિફિકેશન, ૧૯૯૧ને જેમછે તેમચાલુ રાખવામાં આવે.
- સૂચનો અને વાંધાઓને ધ્યાનમાં રાખીને સીએમઝેડ, ૨૦૦૮ની સુધારેલી આવૃત્તિ બહાર પાડવી.
- દરિયાકાંઠાના સારા વ્યવસ્થાપન માટે સીએમઝેડ નોટિફિકેશન, ૨૦૦૮ને રદ કરવો અને હાલના સીઆરઝેડ નોટિફિકેશન, ૧૯૯૧માં કેટલાક સૂચિત સુધારા કરવા; અથવા
- સીઆરઝેડ નોટિફિકેશન, ૨૦૦૮ને રદ કરવો, પરંતુ સીઆરઝેડ, ૧૯૯૧ અને સીએમઝેડ, ૨૦૦૮ની મહત્ત્વની બાબતોને સાંકળીને નવું જ નોટિફિકેશન બહાર પાડવું.

આ વિકલ્પો પર વિસ્તૃત વિચારણા કરીને અને મળેલી ટિપ્પણીઓ અને વાંધાઓ પર વિચાર કર્યા બાદ ૨૭ જૂન, ૨૦૦૯ની પ્રથમ બેઠકમાં સમિતિએ એકસૂરે ત્રીજા વિકલ્પ પર પોતાની પસંદગી ઉતારી હતી.

**સંદર્ભ શરત – ૧ માટે ભલામણ :** દરિયાકાંઠાના ઉમદા વ્યવસ્થાપન માટે સીએમઝેડ નોટિફિકેશન, ૨૦૦૮ રદ કરો અને હયાત સીઆરઝેડ, ૧૯૯૧માં કરવામાં આવેલી ભલામણોને સુધારા તરીકે સમાવો.

# (૬)સંદર્ભની શરતો ૨ : ઈન્ટિગ્રેટેડ કોસ્ટલ ઝોન મેનેજમેન્ટ માટેની નીતિ અને ન્યાયિક તંત્ર અંગે સલાહઃ

સમિતિ એક બાબતે સ્પષ્ટ છે કે ભારતીય દરિયાકાંઠો આજે બેવડી રીતે જોખમગ્રસ્ત છે. એક તરફ તેના પર ઔદ્યોગિક અને શહેરી વિકાસનું ભારણ વધતું જાય છે તો બીજી તરફ ક્લાઈમેટ ચેન્જ સંબંધિત આફતો-ચક્રવાતી વાવાઝોડાની તીવ્રતા વધવાથી માંડીને દરિયાનાં મોજા અને ક્યારેક વધતી દરિયાની સપાટી સુધીની આફતોનો સામનો કરી રહ્યો છે. આ બધા માટે દરિયાકાંઠા અને ત્યાં વસતા લોકોની સુરક્ષા માટે દેખરેખ અને કાળજી વધારવાની જરૂર છે.

એ પણ કહેવાની જરૂર નથી કે દરિયાકાંઠો માછીમારી સમુદાયો માટે નિવાસસ્થાન છે. આ સમુદાયો પર તો, વિકાસ થાય કે જાળવણી કરાય, બન્ને તરફથી એમ બેવડું જોખમ મંડરાઈ રહ્યું છે. એક તરફ આ સમુદાયોને વંચિત રખાય છે અને વધારામાં મરીન પાર્ક કે વનીય ટાપુની જરૂરિયાત માટે તેમને પોતાની જમીનથી વિખૂટા પાડવામાં આવે છે. બીજી તરફ, મોટા ડેવલપમેન્ટ પ્રોજેક્ટમાં તેમની જમીન છીનવાયાનું અને આજીવિકા ઝૂંટવાઈ જવાનું જોખમ તેમના તરફ તોળાય છે. તેમની જમીનો માટે આજે પ્રવાસન અને હાઈ-એન્ડ હાઉસિંગ પ્રોજેક્ટ માટે ઊંચા દામ વસૂલવામાં આવે છે. કોસ્ટલ વિસ્તારના મેનેજમેન્ટ માટેની ભાવિ નીતિઓ થકી આ પ્રવાહ બદલાવો જ જોઈએ અને જોખમગ્રસ્ત ઈકોસિસ્ટમ અને લોકોની આજીવિકા તથા નિવાસસ્થાનોની જાળવણી અને રક્ષણ થાય તેવો વિકલ્પ શોધી કાઢવો પડશે. આ એક પડકાર છે.

આ બધી ચર્ચા-વિચારણા થકી સમિતિને સમજાયું કે દરિયાકાંઠાના વિસ્તારોની એવી અનેક સમસ્યાઓ છે જેના પર ધ્યાન આપવાની જરૂર છે. સમયની મર્યાદાને કારણે સમિતિ પોતાના અહેવાલમાં માત્ર તેનો ઉલ્લેખ જ કરી શકી છે તેથી આગળનાં જરૂરી પગલાં ભરાવાં જોઈએ. આવેલાં મંતવ્યો પર સરકારે ચર્ચા-વિચારણા કરાવીને સીઆરઝેડ નોટિફિકેશનમાં સુધારા કરવાનાં સમિતિ તરફથી સૂચન કરવામાં આવ્યાં છે.

# (૭) ભવિષ્ય માટેની કાર્યસૂચિઃ

ભવિષ્યમાં જેમના પર ધ્યાન આપવું પડે તેમ છે એવા મુદ્દાઓ સમિતિએ આ પ્રમાણે તારવ્યા છે:

(૭.૧) સુધારેલી અંતરીક્ષ ટેકનોલોજીથી સજ્જ ઉપકરણો થકી સીઆરઝેડના ઉલ્લંઘનોની તપાસ કરવી, સંસ્થાઓને તથા નિયમન અને કાયદાકીય સુધારાને મજબૂત બનાવવા.

સીઆરઝેડ, ૧૯૯૧ને વ્યવસ્થાતંત્ર ગોઠવવાની પૂરતી સવલતો મળી નથી. નોટિફિકેશનમાં લખ્યું છે : પર્યાવરણ અને વન મંત્રાલય તથા રાજ્ય અને કેન્દ્ર શાસિત પ્રદેશોની સરકાર એ કક્ષાના સત્તાવાળાઓ કે જેઓ આ ઉદ્દેશ માટે માન્ય ગણાયા છે તેઓ નોટિફિકેશનનો બરાબર અમલ થાય તે માટે જવાબદાર રહેશે.

૧૯૯૩માં ભારતીય એન્વાયરો-લિગલ પંચે સુપ્રીમ કોર્ટને કોસ્ટલ મેનેજમેન્ટ ઝોન વિશે એક અરજી કરી હતી. ૧૯૯૬માં સુપ્રીમ કોર્ટે સરકારને પર્યાવરણ (સંરક્ષણ) ધારો, ૧૯૮૬ હેઠળ કોસ્ટલ ઝોન મેનેજમેન્ટ ઓથોરિટી સ્થાપવાની સૂચના આપી. એ સંદર્ભે વન અને પર્યાવરણ મંત્રાલયના સેક્રેટરીના અધ્યક્ષસ્થાને નવી દિલ્હી ખાતે હેડક્વાર્ટર ધરાવતી કોસ્ટલ ઝોન મેનેજમેન્ટ ઓથોરિટીઝ (સીઝેડએમએએસ) સ્થાપવામાં આવી.

ઉલ્લંઘન સામે શિક્ષાત્મક પગલાંઓ લેવાની ઓથોરિટીને એન્વાર્યન્મેન્ટ (પ્રોટેક્શન) એક્ટ, ૧૯૮૬ હેઠળ સત્તા છે. કાયદાની કલમ ૫, ૧૯ અને ૧૦ તેમને ઉલ્લંઘન સામે તપાસ, ફરિયાદ, હકીકતની ચકાસણી અને શિક્ષાત્મક પગલાં લેવાની સત્તા આપે છે. આગળ ઉપર જરૂર પડે ત્યારે વધુ કડક પગલાં લેવાની છૂટ પણ આપવામાં આવશે.

હાલમાં સીઆરઝેડ હેઠળ આવતાં પ્રોજેક્ટ્સની તારવણી અને પરવાનગી માટે (રૂપિયા પાંચ કરોડ સુધીના પ્રોજેક્ટ્સ પાસ કરવાની સત્તા રાજ્ય કક્ષાએ છે) પર્યાવરણ અને વન મંત્રાલયને મોકલાય છે. અતિ મોટા પ્રોજેક્ટસ જેવા કે બંદર, જેમાં એન્વાર્યન્મેન્ટલ ક્લિયરન્સની જરૂર હોત ત્યાં સીઆરઝેડ અને ઈઆઈએ બન્ને લાગુ પાડવામાં આવશે. આ કાર્યવાહી વધુ કડક બનાવવી જરૂરી છે.

સમિતિ આ પ્રમાણેનાં સૂચનો કરે છે :

૭.૧.૧ દરિયાકાંઠે થઈ રહેલા નિયમભંગની દેખરેખ માટે સેટેલાઈટ અને ઈન્ફર્મેશન ટેકનોલોજીનો ઉપયોગ કરવામાં આવે. ગોવાના કેસમાં આ ટેકનીકનો ઉપયોગ થયો છે. ત્યાં મુંબઈ હાઈકોર્ટના આદેશથી સમગ્ર દરિયાકાંઠે થતા નિયમભંગનો નકશો તૈયાર કરાયો છે. (જુઓ પાના નંબર ૧૬ પર બોક્સ : ગોવા : નોંધાયેલાં ઉલ્લંઘનો). વન અને પર્યાવરણ મંત્રાલય દરિયાકાંઠે થતા ફેરફારો અને નિયમભંગની દેખરેખ રાખવા રાષ્ટ્રીય કક્ષાએ સંસ્થા સ્થાપી શકે છે.

૭.૧.૨ જુદા જુદા નિયમો થકી ચાલતી મંજૂરી આપવાની પ્રક્રિયાને ટૂંકી અને સરળ કરવી જરૂરી છે. જોકે, પર્યાવરણનું સંરક્ષણ કરવાનો હેતુ માર્યો જવો ન જોઈએ. હાલમાં એવું જોવા મળ્યું છે કે રાજ્યોનાં સત્તામંડળો મોટાભાગના કિસ્સામાં પર્યાવરણ સચિવ થકી પ્રોજેક્ટને મંજૂરી આપવાની બાબતમાં પ્રારંભિક ચર્ચા વિચારણા ચલાવે છે. પરિણામે સુપ્રીમ કોર્ટના આદેશથી રચવામાં આવેલા સત્તામંડળ પાસે નિયમો લાગુ પાડવાનો બહુ ઓછો સમય બચે છે. રાજ્ય સ્તરે જ્યાં માળખામાં પરિવર્તન ઈચ્છનીય છે અને સીઆરઝેડ તથા ઈઆઈએ હેઠળ પ્રોજેક્ટને બહાલી આપવાનું કામ સ્ટેટ એન્વાયર્નમેન્ટલ અપ્રેઝલ કમિટિ અથવા પર્યાવરણ વિભાગે કરવાનું રહે. રાજ્ય સીઆરઝેડ સત્તામંડળોની ભૂમિકા દેખરેખ અને અમલીકરણ તરફની રહેવી જોઈએ. ભૂમિકા સ્પષ્ટ કરી દેવાથી નિર્ણયપ્રક્રિયા અને અમલીકરણ સારું બનશે. આ માટે સ્ટેટ એન્વાયર્મેન્ટ અપ્રેઝલ કમિટિ પાસે સીઆરઝેડ પ્રોજેક્ટનું મૂલ્યાંકન કરવાની મહારત હાંસલ કરવી પડે.

**ગોવા : નોંધાયેલા ઉલ્લંઘનો :**

- ગોવામાં આવેલી પર્યાવરણ ક્ષેત્રે કાર્યરત એનજીઓ ગોવા ફાઉન્ડેશને રાજ્યમાં સીઆરઝેડ નોટિફિકેશન, ૧૯૯૧ના થયેલાં ઉલ્લંઘનો અંગે ૧૯૯૮માં અરજી (રિટ પીટિશન) દાખલ કરી.
- સીઆરઝેડ – ૩ અંતર્ગત આવતો જે વિસ્તાર દરિયાકાંઠે વસતા લોકો માટે રહેઠાણ અને આજીવિકા માટે ઉપયોગ કરવા માટે પ્રતિબંધિત છે. ત્યાં ચાલતી બાંધકામ પ્રવૃત્તિની બાબતે અરજી કરાઈ હતી.
- અરજીકર્તાનો આરોપ હતો કે સરકારે સીઆરઝેડ નોટિફિકેશનનું ઉલ્લંઘન કરતા પ્રોજેક્ટને મંજૂરી આપી છે. સીઆરઝેડ-૧૯૯૧ અનુસાર સીઆરઝેડ – ૩ના વિસ્તારમાં હાઈ ટાઈટ લાઈનથી ૨૦૦થી ૫૦૦ મીટરની વચ્ચે આવતા હયાત રહેઠાણનાં મકાનોનું બાંધકામ અથવા તો ફરી બાંધકામ કરવાની મંજૂરી છે, પરંતુ શરત એટલી છે કે તે આવાસો પરંપરાગત અધિકારો અંતર્ગત આવતા હોય અને તેનો વપરાશ વ્યક્તિગત હોય. એવી શરત પણ છે કે હયાત એકમો કરતાં બે ગણાથી એકમોથી તેની સંખ્યા વધવી ન જોઈએ.
- અરજીકર્તાએ દાવો કર્યો હતો કે સત્તાતંત્રે રહેઠાણનાં મકાનોના બાંધકામને મંજૂરી આપીને સીઆરઝેડનું ઉલ્લંઘન કર્યું છે. અને બે ગામો તો કોંક્રિટના જંગલમાં ફેરવાઈ ગયા છે, જે અટકાવવા માટે તો સીઆરઝેડની રચના થઈ હતી. તેમનો મુદ્દો હતો કે રહેઠાણના મકાનોના નામે લોકોને દુકાનો, હોટલના રૂમ, બીચ રિસોર્ટ વગેરે બાંધવાની છૂટ અપાય છે.
- માનનીય બોમ્બે હાઈકોર્ટે પોતાના ૧૩ ઓક્ટોબર, ૨૦૦૬ના ચુકાદામાં નિર્દેશ આપ્યા કે રાજ્ય સરકારે એક વર્ષમાં થયેલા ઉલ્લંઘનો શોધી કાઢવાના રહેશે અને કેન્દ્ર સરકારે આ ઉલ્લંઘનો સામે પગલાં ભરવાના રહેશે. માનનીય કોર્ટના નિર્દેશોના અનુસરણ માટે ગોવા સરકારે હૈદરાબાદ સ્થિત કંપની મેસર્સ રિમોટ સેન્સિંગ ઈન્સ્ટ્રુમેન્ટ્સને ૧૯૯૯-૨૦૦૫ના સેટેલાઈટ ડેટાના આધારે ઉલ્લંઘનોની તપાસ કરવાનું કામ સોંપ્યું. વધારામાં, ડીજીપીએસ થકી કાલનગુટે, કન્ડોલીમ અને બાગા ગામનો સર્વે હાથ ધરાયો.
- આ સર્વેના આધારે ગોવા સરકારને જાણવા મળ્યું કે ૧૯૯૧ પછી ૨૦૦થી ૫૦૦ મીટરના વિસ્તારમાં ૪,૫૫૩ માળખાં ઉલ્લંઘનના દાયરામાં આવે છે, જ્યારે ભરતીથી પ્રભાવિત નદીની પાસે ૧૦૦ મીટરના પ્રતિબંધિત વિસ્તારમાં ૧૯૯૧ પછી બીજા ૨,૨૭૨ માળખાં બંધાયાં છે. માનનીય હાઈકોર્ટે આ ઉલ્લંઘનો વિરુદ્ધ સખત પગલાં ભરવા જણાવ્યું. જૂન ૨૦૦૯માં રાજ્ય સરકારે પર્યાવરણ અને વન મંત્રાલયને સીઆરઝેડ નોટિફિકેશનમાં સુધારો કરીને આ માળખાને એક વખત માફી આપવાની વિનંતી કરી. સ્પષ્ટ છે કે આ વિનંતી માન્ય રખાશે તો ખોટો દાખલો પડી જશે. સમિતિની દ્રષ્ટિએ પર્યાવરણ અને વન મંત્રાલયે ખૂબ જ સાવચેતીપૂર્વક પગલું ભરવું પડશે, કારણ કે તેની સીધી અસર બાકીના દરિયાકાંઠે ભવિષ્યમાં થનારા ઉલ્લંઘનો પર પડશે.

૭.૧.૩ સ્ટેટ કોસ્ટલ ઝોન મેનેજમેન્ટ ઓથોરિટીઝની ક્ષમતા વધારવી, ખાસ કરીને માહિતીના સ્ત્રોતો વિકસાવવા જેથી નિર્ણય પ્રક્રિયા સારી બને. દરિયાકાંઠાની દેખરેખ માટે પ્રમાણભૂત સાયન્ટિફિક માહિતીનો અભાવ, એ મુખ્ય સમસ્યા છે, જે નિર્ણયીકરણની કાર્યવાહીમાં અવરોધરૂપ બને છે. કેન્દ્રીય કક્ષાએ આ માટે એક વૈજ્ઞાનિક સંસ્થાનની રચના તત્કાળ થવી જોઈએ.

૭.૧.૪ સીઆરઝેડ સંબંધિત બધા ક્લિયરન્સ જાહેર કરવા શક્ય એટલી તમામ વધુ વેબ ટેકનીકનો ઉપયોગ કરવો જોઈએ. હાલમાં વન-પર્યાવરણ મંત્રાલયે સીઆરઝેડ અને ઈઆઈએ સંબંધિત બધા ક્લિયરન્સ વેબસાઈટ પર મૂક્યા છે, જ્યારે ઘણા રાજ્યોએ એવું કર્યું નથી. સમિતિના

ધ્યાનમાં આવ્યું છે, કે પર્યાવરણ અને વન મંત્રાલયે એ બધા રાજ્યોને આવું કરવા પત્ર લખ્યો છે. આ સૂચન પર વહેલી તકે કાર્યવાહી થાય એવું સમિતિનું સૂચન છે.

૭.૧.૫ વધુ સારી કાર્યવાહી માટે ૧૯૮૬ના કાયદામાં સુધારો જરૂરી છે. હાલ કાયદાનું ઉલ્લંઘન એ પોલીસ અધિકાર હેઠળનો ગુનો અને જામીનપાત્ર પણ છે. તેનાથી કાર્યવાહીમાં વિક્ષેપ પડે છે. કાયદા પ્રમાણે નાણાકીય દંડ પણ વધુમાં વધુ એક લાખ રૂપિયા છે. આ જોગવાઈ પર ફેરવિચારણા કરી કાયદો વધુ કડક થવો જોઈએ, એવું સમિતિનું સૂચન છે.

## ૭.૨ સીઆરઝેડમાં સુધારા કરી માછીમાર કુટુંબોને તથા તેમના કુદરતી નિવાસસ્થાને સુરક્ષા આપવી.

૭.૨.૧ સીઆરઝેડ – ૩માં માછીમારોના રહેઠાણ સંબંધિત સૂચનો : સીઆરઝેડ નોટિફિકેશન, ૧૯૯૧ પ્રમાણે જ્યાં ગામવાસીઓ રહેતા હોય (માછીમારો સહિત) એ જગ્યા સીઆરઝેડ – ૩ ગણાશે. ત્યાં એચટીએલથી ૨૦૦ મીટર સુધીનો વિસ્તાર નો ડેવલપમેન્ટ ઝોન રહેશે. એ વિસ્તારમાં કેટલાક અપવાદ સિવાય કોઈ બાંધકામની છૂટ મળવી ન જોઈએ. આ વિસ્તારોમાં કૃષિ, પશુપાલન, બગીચા, રમતગમતના મેદાન વગેરે બાંધકામો કરવા માટે મંજૂરી આપી શકાય. એ રીતે એચટીએલથી ૨૦૦થી ૫૦૦ મીટરના વિસ્તારમાં પણ પરંપરાગત બાંધકામો સિવાય કોઈ બાંધકામને છૂટ ન આપવી જોઈએ. આ વિસ્તારમાં સમાજના સામૂહિક વપરાશ માટે થતા બાંધકામો કરવાની છૂટ આપવી જોઈએ. ફ્લોર સ્પેસ ઈન્ડેક્સ ૧૯૯૧ પ્રમાણે રહેઠાણોના વિકાસ પર પ્રતિબંધના મુદ્દા (૯ મીટર ઊંચાઈના, એક માળ પ્લસ બે માળ પ્રતિબંધિત) કેટલાક માછીમાર સંગઠનો દ્વારા ઉઠાવવામાં આવ્યા છે. તેઓ વધુ એફએસઆઈની માગ કરી રહ્યાં છે. જોકે કોઈ પણ પ્રકારના ફેરફારો આ સમાજને નુકસાનકારક ન હોવા જોઈએ, એ મુદ્દો પણ મહત્ત્વનો છે. સમિતિના મતે સરકારે માછીમારો સાથે વાટાઘાટો કરી ઝોન-૩ના એફએસઆઈમાં વૃદ્ધિ કરવી જોઈએ, જેમાં માલિકીહક્ક અને પ્રતિબંધોનો સમાવેશ થાય છે.

૭.૨.૨ જીવનધોરણ સંબંધિત પ્રવૃત્તિનો સમાવેશ કરવા બાબતે: ૧૯૯૧ના સીઆરઝેડ નોટિફિકેશનમાં માછીમાર સમાજની આજીવિકા, ધંધા-વ્યવસાય સંબંધિત બાબતોની સ્પષ્ટતા થતી નથી. પરિણામે માછીમારો પ્રસંગોપાત પોતાની આવશ્યકતાઓ અવગણાતી હોવાની ફરિયાદ કરતાં રહે છે. ૨૦૦૮ના નોટિફિકેશનમાં આ સમસ્યામાં હલ કરવાનો પ્રયાસ થયો છે. તેમાં નોંધ્યા પ્રમાણે માછીમારોને ઝોનમાં માછીમારી અને સંબંધિત પ્રવૃત્તિ કરવાની છૂટ આપવી જોઈએ. હવે ૧૯૯૧ના નોટિફિકેશનમાં કોઈ સ્પષ્ટતા નથી કે માછીમારી સંબંધિત પ્રવૃત્તિમાં કંઈ બાબતોનો સમાવેશ છે. આ વિલક્ષણતા માછીમારો માટે ગંભીર છે.

સમિતિના મતે ૧૯૯૧ના નોટિફિકેશન પર ફેરવિચારણા કરી ઝોન – ૨ અને ૩માં કઈ કઈ પ્રવૃત્તિ થઈ શકે તેની યાદી બનાવવી જોઈએ. એ યાદી એવી હોવી જોઈએ કે તેનો દુરુપયોગ ન થઈ શકે. જેમકે એવી છૂટ અપાય કે ફિશ પ્રોસેસિંગ યુનિટ સ્થાપી શકાશે તો એ યુનિટ કેવડું મોટું હોઈ શકે, તેની માલિકી, પ્રદૂષણ વગેરે બાબતો પણ સ્પષ્ટ થવી જોઈએ.

નો ડેવલપિંગ ઝોન (૦-૨૦૦ મીટર)માં માછીમારોના રહેઠાણ બરાબર છે, પણ પ્રવાસન કે તેવી કોઈ આર્થિક પ્રવૃત્તિને છૂટ ન મળવી જોઈએ. ત્યાં આવી પ્રવૃત્તિઓ માછીમારોની માલિકી હેઠળ જરૂર પ્રમાણે વિકસાવી શકાય. પણ તે માટેની જોગવાઈઓ સ્પષ્ટ અને અસરકારક હોવી જોઈએ. તેનો દુરુપયોગ ન થાય તે જોવું જોઈએ.

૭.૨.૩ માછીમારો માટે કાયદા ઘડવા સંબંધિત સૂચનો : સમિતિના ધ્યાનમાં આવ્યું છે કે, કઈ રીતે ડેવલપમેન્ટ પ્રોજેક્ટથી માછીમારોનું જીવન વિસ્થાપિત થયું છે. મુંબઈમાં વર્સોવા, આંધ્રપ્રદેશમાં મછલીપટ્ટનમ્, ગુજરાતમાં મુંદ્રા વગેરે સ્થળોએ વિકાસના નામે માછીમારોના આવાસ અને આજીવિકામાં મોટાપાયે ભંગાણ થયું છે. આ પ્રોજેક્ટ્સ સામે માછીમારોનો સંઘર્ષ મુશ્કેલ બનતો જાય છે.

સમિતિ પરંપરાગત ફોરેસ્ટ રહેઠાણ એક્ટ ૨૦૦૬ પ્રમાણે પ્રોફેસર એમ. એસ. સ્વામીનાથને સીએમઝેડ પરની સંસદીય સમિતિને કરેલી ભલામણોનો અમલ કરવા સૂચન કરે છે. જેમાં માછીમાર કુટુંબોને કેન્દ્ર સરકારના સંબંધિત ખાતાં દ્વારા સુરક્ષા આપવાની વાત છે.

### ૭.૩ મુંબઈ સ્થિત લોકલ સ્પેશિફિક અમેડમેન્ટના વિકાસ અને પુન:વિકાસ ઉકેલ બાબતે સૂચનો:

સીઝેડઆર – ૨ પ્રમાણે ચાલુ રોડ અથવા બાંધકામ પાસે બાંધકામ કરવાની છૂટ છે. ચાલુ હાલતમાં બાંધકામ એટલે ફેબ્રુઆરી ૧૯, ૧૯૯૧થી ચાલુ હોય એવું. ૫૦૦ મીટર ઝોનના અમલ માટે આ જોગવાઈ મહત્ત્વપૂર્ણ છે. પણ તેના વિવિધ અર્થઘટનો અમલમાં મુશ્કેલી ઊભી કરે છે. આ મુદ્દા સંબંધિત ઘણી અરજી પેન્ડિંગ છે. મુંબઈ જેવા શહેરમાં આ મુદ્દો મહત્ત્વનો બને છે.

સમિતિએ આ મુદ્દે બિલ્ડરો, એનજીઓ અને રાજ્ય સરકાર સાથે દરિયાકાંઠે વિકસેલી ઝૂંપડપટ્ટી અને બીજા બાંધકામોને, જેઓ મુંબઈ મહાનગરપાલિકાની હદમાં હોય તેમને પુન:સ્થાપિત કરવા મુદ્દે ચર્ચા કરી છે. ત્યાં ૫૦૦ મીટરનો વિસ્તાર ફ્લોર સ્પેસ ઈન્ડેક્સ પ્રમાણે પુન:સ્થાપિત કરવો પ્રતિબંધિત છે. જ્યારે બિલ્ડરો એફએસઆઈમાં ફેરફાર કરવા ઈચ્છતા નથી. ૧૯૪૦ પહેલાં બનેલી અને હવે ખરાબ હાલતમાં હોય એવી ચાલીઓ-રહેણાંકો આરોગ્ય માટે નુકસાનકારક હોવાનો મુદ્દો પણ એનજીઓ દ્વારા ઉઠાવાયો છે.

સમિતિને માહિતી મળી છે કે, આ મુદ્દો મુંબઈ હાઈકોર્ટમાં ચર્ચાયો હતો. શહેરના બિલ્ડર દ્વારા ૧૯૯૯માં થયેલી પિટિશન નંબર : ૧૦૧૯ વખતે હાઈકોર્ટ સમક્ષ મંત્રાલયે વર્તમાન એફએસઆઈ શબ્દનો ખુલાસો કર્યો હતો. એ પ્રમાણે વર્તમાન એફએસઆઈએ એટલે નોટિફિકેશન પ્રમાણે ફેબ્રુઆરી ૧૯, ૧૯૯૧થી ચાલુ એફએસઆઈ. તે પ્રમાણે મુંબઈમાં ગ્રામીણ વિસ્તારમાં એફએસઆઈ ૧.૦૦ અને શહેરી વિસ્તારમાં ૧.૩૩ છે.

સમિતિને જાણ કરવામાં આવી છે કે, આ મુદ્દે મંત્રાલયે મે, ૨૦૦૦માં એક સમિતિની રચના કરી છે, જે મુખ્યત્વે મુંબઈની ઝૂંપડપટ્ટી અને અન્ય બાંધકામ સંબંધિત કે જે સીઆરઝેડ ઝોનમાં આવતા હોય તેની ચકાસણી કરે. સમિતિના અધ્યક્ષ પૂર્વ કેન્દ્રિય શહેરી વિકાસ સેક્રેટરી ડી.એમ. સુખથાન્કર હતા. જેમણે ઊંચા એફએસઆઈથી તરફેણ કરી છે. મુંબઈ હાઈકાર્ટના દ્રષ્ટિકોણને ધ્યાનમાં રાખીને મંત્રાલયે ભલામણો માન્ય ગણી નથી.

સમિતિએ સત્તાવાળાઓ અને ડેવલપર્સને જરૂરિયાત પ્રમાણે એફએસઆઈમાં ફેરફાર કરવા અંગે પૃચ્છા કરી તો મોટાભાગના બિલ્ડરોએ કહ્યું કે પ્રોજેક્ટને નાણાકીય રીતે સફળ બનાવવા માટે અમારે વધુ ઊંચા (કેટલાક કિસ્સામાં અનલિમિટેડ) એફએસઆઈની જરૂર છે. તેમની દલીલ પ્રમાણે ઓછી જગ્યામાં વધુ લોકોના મફત રહેઠાણો બનાવવા માટે તે જરૂરી છે. તેમને આ કિંમત વસૂલ કરવા માટે વધુ બાંધકામ અને વધુ વેચાણ કરવું જ પડે.

બીજી બાજુ સમિતિને એવી વિગતો પણ સાંપડી કે વિવિધ સ્લમ ડેવલપમેન્ટ સ્કીમનો લાભ માછીમારોને મળતો જ નથી! તેમના કહેવા પ્રમાણે અમારા વિસ્તારમાં થતા વિકાસ કામોનો લાભ અમને સૌથી છેલ્લે મળે છે. મોકાની, સમુદ્રકાંઠો દેખાતો હોય એવી જગ્યાએ થયેલા બાંધકામો ઊંચા ભાવે વેચી દેવાય છે. તેમાંથી બહુ થોડી જમીન માછીમારોના ભાગે આવે છે. સમિતિના મતે જે પ્રોજેક્ટ માછીમારોના હિત જાળવી શકે તેમ હોય તેવા પ્રોજેક્ટ્સને જ મંજૂરી આપવી જોઈએ.

સમિતિ મુંબઈના ખાસ કિસ્સામાં પુન:વિકાસની ભલામણ કરે છે, અલબત્ત પુન:વિકાસ કઈ રીતે કરવો એ નક્કી નથી. સરકારે અહીં બાંધકામ વિકાસ પ્રોજેક્ટ્સને મંજૂરી આપતી વખતે સાવધ રહેવું જોઈએ.

રાજ્ય સરકારે ખાનગી બિલ્ડરો દ્વારા સીઆરઝેડમાં થતાં બાંધકામોની ચકાસણી પણ કરતા રહેવું જોઈએ. સરકારે એ બાબત પર ધ્યાન આપવું જોઈએ કે આવા પ્રોજેક્ટ્સ સ્થાનિક લોકો

સાથે મસલત અને પર્યાવરણ સુરક્ષા ધ્યાનમાં લીધા સિવાય આગળ ન ધપે.

૭.૪ દરિયાકાંઠે વધુ પ્રમાણમાં બંદરો ઊભા કરવા, આ વિકાસની સર્વાંગી અસરના અભ્યાસ સાથે :

સમિતિના ધ્યાનમાં આવ્યું છે કે દેશભરનો દરિયાકાંઠો બંદરોના બાંધકામોથી ઘેરાઈ રહ્યો છે. આ પ્રોજેક્ટ્સના કારણે દરિયાકાંઠો ક્ષતિગ્રસ્ત બની રહ્યો છે. આ કાર્યવાહીની સંયુક્ત અસરની બહુ થોડી માહિતી છે. કેન્દ્રીય વહાણવટા મંત્રાલયના ખુલાસા પ્રમાણે દરેક પ્રોજેક્ટ પર દેખરેખ રાખવી શક્ય નથી. ખાનગી ડેવલપર્સ દ્વારા મોટાં બંદરો પર વિકાસ કામોને મંજૂરી કેન્દ્રીય મંત્રાલય અને નાના પ્રોજેક્ટ્સને મંજૂરી રાજ્ય સરકાર આપતી હોય છે. બધા નિષ્ણાતો સંયુક્તપણે એવું માને છે કે, આ પ્રોજેક્ટથી દરિયાકાંઠાને વિપરીત અસર થાય છે. હકીકતમાં ઈન્નોર, પોંડિચેરી, અલિબાગ, દિગાહ અને દહેજમાં અસર દેખાવી શરૂ થઈ ચૂકી છે.

વધુમાં દરિયાકાંઠે બાંધકામો માટે થતા ખોદકામને કારણે પણ દરિયાકાંઠાને નુકસાન થાય છે (જુઓ બોક્સ : બ્લોકિંગ ધ સી)

વર્તમાન સીઆરઝેડ અને ઈઆઈએ નોટિફિકેશન પ્રમાણે દરિયાકાંઠે ચાલતા પ્રોજેક્ટ્સ પર દેખરેખની ખરેખર જરૂર છે. ઈઆઈએ નોટિફિકેશન પ્રમાણે કાર્ગો હેન્ડલિંગની મંજૂરી ધરાવતાં બંદરોને ક્લિયરન્સની જરૂર છે. મતલબ કે જે બંદરો વરસે ૫૦ લાખ ટન કરતાં વધુ કાર્ગો હેન્ડલ કરતાં હોય તેને કેન્દ્ર તરફથી અને તેનાથી નાનાં બંદરોને રાજ્ય સરકાર પાસેથી પર્યાવરણ સંબંધિત મંજૂરી મેળવવી જોઈએ. ૧૯૯૧ના સીઆરઝેડ પ્રમાણે બધાં બંદરોને કેન્દ્ર તરફથી ક્લિયરન્સ મળવું જરૂરી છે, કારણ કે સીઆરઝેડ ૧૯૯૧ હેઠળ પાણીવાળો વિસ્તાર આવતો નથી.

સમિતિના મતે આ બધા વિકાસ કામો દરિયાકાંઠાને ગંભીર રીતે હાનિ પહોંચાડી રહ્યાં છે. કેન્દ્ર-રાજ્ય સરકારે દરિયાકાંઠે જંગી બાંધકામોની મંજૂરી આપી દીધી છે, તેના કારણે દરિયાકાંઠે ફેરફારે સ્પષ્ટ દેખાય છે. સમિતિ આ મુદ્દે નીચેનાં સૂચનો કરે છે:

૭.૪.૧ સરકારે તત્કાળ દરિયાકાંઠે ઊભા થઈ રહેલાં એક એક પ્રોજેક્ટ્સની સંયુક્ત અસરનો અભ્યાસ કરવો જોઈએ. ત્યાં સુધી વર્તમાન અને નવા પ્રોજેક્ટ્સ મોકૂફ રાખવા જોઈએ.

**બ્લોકિંગ ધ સી**

દરિયાકાંઠાનું ધોવાણ એ પોંડિચેરીમાં ગંભીર સમસ્યા છે, પણ સમસ્યા રાતોરાત ઊભી નથી થઈ. કર્મશીલોના મતે ૧૯૮૯માં દક્ષિણ કાંઠે બંદર બનાવવાની મંજૂરી મળી ત્યારથી સમસ્યા શરૂ થઈ છે. તેના કારણે પાણીની કુદરતી હલચલ અટકી ગઈ છે. આ કાંઠે ૬૦ લાખ ઘન મીટર રેતી દક્ષિણથી ઉત્તર તરફ ધકેલાતી હતી. હવે આ પ્રવૃત્તિ બંધ થઈ છે, કારણ કે કાંઠે રેતી જ નથી રહી. તેના કારણે પાણી આગળ વધતું રહે છે. નવી દિલ્હી સ્થિત આ બંદરની ડિઝાઈન કરનારી સલાહકાર બાંધકામપેઢીએ આ સમસ્યા થશે એવું જણાવ્યું હતું. પણ એ ચેતવણીની અગવણના કરી બંદરનો વિકાસ કરવામાં આવ્યો. તેનાથી બધી રેતી વિપરીત દિશામાં ઢસડાવા લાગી. બંદર માટે રેતીનો બાયપાસ તૈયાર કરવામાં આવ્યો. સેન્ટ્રલ વોટર એન્ડ પાવર રિસર્ચ સ્ટેશનના ચીફ એમ.ડી. કુદાલેના મતે આ રીતે રેતીને બાયપાસ કરવાનું આયોજન લાંબો સમય સુધી ચાલી શક્યું નથી. થોડો સમય બધું બરાબર ચાલ્યું અને બાદમાં નુકસાન શરૂ થઈ ગયું.

રેતીનું નુકસાન :

૨૦૦૨ સુધીમાં એવું બન્યું કે પોંડિચેરીના દક્ષિણ ભાગે તેની બધી રેતી ગુમાવી દીધી. દરિયાકાંઠો નાનાં નાનાં ટુકડાઓમાં ફેરવાયો. ૨૦૦૨-૦૩માં સરકારે ૪૦ કરોડ રૂપિયાના ખર્ચે દરિયાકાંઠો સાત કિલોમીટર લાંબી દીવાલ બાંધવાનું નક્કી કર્યું. તેનાથી સમસ્યાનું કામચલાઉ નિરાકરણ થયું અને

દરિયાનું ધોવાણ બીજા ગામો તરફ વળ્યું. ૨૦૦૬ના અંત સુધીમાં પોંડિચેરીના કાંઠે ૨૦૦ મીટર સુધીનો કાંઠો ધોવાઈ ગયો, પાણી ઘરોમાં ઘૂસી ગયું, ઘરો પડી ગયાં અને બાળકોનાં મોત થયાં. તમિલનાડુ સરકારે એ ગામોના કાંઠે દીવાલો બાંધવી પડી. એ દરમિયાન ૨૦૦૨માં ચેન્નાઈ સ્થિત આઈઆઈટી અને નેશનલ ઈન્સ્ટિટ્યુટ ઓફ ઓશન ટેક્નોલોજીના નિષ્ણાતોએ પોંડિચેરીના કાંઠે ગ્રોયન કહેવાતી દીવાલ બાંધવાનું સૂચન કર્યું. એ દીવાલનું કામ દરિયાને થતું નુકસાન ઘટાડવાનું છે. જોકે પોંડિચેરીમાં આવેલા ઈન્ડિયન નેશનલ ટ્રસ્ટ ફોર આર્ટ એન્ડ કલ્ચરલ હેરિટેજ એન્ડ સિટિઝન ફોરમે આ ફેરફારનો વિરોધ નોંધાવ્યો. તેમના મતે ગ્રોયનથી સમસ્યા થોડા સમય માટે જગ્યા બદલશે પણ ઉકલશે નહીં. ૨૦૦૨માં આ મુદ્દો ત્યાંની વિધાનસભામાં પણ ઉછળ્યો. સરકારે આ મુદ્દે સેકન્ડ ઓપિનિયન લેવાની ખાતરી આપી. ૨૦૦૮ના જાન્યુઆરીમાં પોડિકેન અને અન્ય એનજીઓએ હાઈકોર્ટમાં દરિયાકાંઠે બાંધકામ પર પ્રતિબંધ મૂકતો કાયદો કરવા અરજી કરી. એક માસ બાદ કોર્ટે પબ્લિક વર્ક્સ ડિપાર્ટમેન્ટને દરિયાકાંઠે થઈ રહેલા બાંધકામોનું એન્વાયર્મેન્ટ ક્લિયરન્સ મેળવવા સૂચના આપી. ડિપાર્ટમેન્ટે ફેબ્રુઆરી ૨૦૦૮માં સીઆરઝેડ ક્લિયરન્સ પર કાર્યવાહી શરૂ કરી. એ દરમિયાન ચાલુ વર્ષના જાન્યુઆરી માસમાં તમિલનાડુ સરકારે વેલ્લાપુરમ્ જિલ્લાના કોટ્ટાકુપમના દરિયાકાંઠાને નુકસાનગ્રસ્ત થતો અટકાવવા તપાસ શરૂ કરી. તપાસ અહેવાલમાં ખબર પડી કે દરિયાકાંઠે દીવાલને કારણે રેતી-પાણીનું કુદરતી હલનચલન અટકી ગયું છે. તેના કારણે દરિયાકાંઠો નુકસાન પામી રહ્યો છે. જો બાંધકામચાલુ જ રહેશે તો દરિયો વધુ નુકસાન પામશે. હાલ પોંડિચેરી સત્તાવાળાઓ દ્વારા પર્યાવરણ મંત્રાલયને ગ્રોયન બાંધવા માટે મંજૂરી માગતી અરજી પેન્ડિંગ પડી છે, જ્યારે તમિલનાડુ સરકારે કોઈ બાંધકામ માટે મંજૂરીની અરજી કરી નથી.

(સ્રોત : ડાઉન ટુ અર્થ)

૭.૪.૨ સીઆરઝેડ ૧૯૯૧માં જરૂરી ફેરફારો થવા જોઈએ. સીએમઝેડ ૨૦૦૮ પ્રમાણે એ વિસ્તારમાં થતા બધા ફેરફારો, રસ્તા બાંધકામ, પરિવહન, આનુષાંગિક એકમો વગેરે પર દેખરેખ રખાય છે. સીઆરઝેડ, ૧૯૯૧માં પણ આ ફેરફારો લાગુ પડવા જોઈએ.

૭.૪.૩ ઈઆઈએ નોટિફિકેશનમાં જાન્યુઆરી ૯, ૨૦૦૯ના દિવસે થયેલી દરખાસ્ત પ્રમાણે કોઈપણ વિસ્તરણ પ્લાન પાણી કે જમીનની વધુ જગ્યા બગાડ્યા વગર થતો હોય તો તેને પર્યાવરણીય મંજૂરી મળવી જોઈએ. હાલ બંદર પરના પ્રોજેક્ટ્સ પોતાની જરૂર પ્રમાણે કદ વધારી રહ્યાં છે, તેને કાબૂમાં રાખવા આ ફેરફાર મહત્ત્વનો સાબિત થશે. સમિતિના મતે મંત્રાલયે ઉપરના સૂચન પર વિચાર કરવો જોઈએ.

### ૭.૫ દરિયાકાંઠે માનવસર્જિત કચરો ફેંકવા પર પ્રતિબંધ મૂક્તો કાયદો કડક બનાવો, જેથી દરિયા કિનારો પ્રદૂષણ ઠાલવવાનો વિકલ્પ ન બની જાય.

દરિયાકાંઠે કચરાનો નિકાલ એ એક મોટી સમસ્યા છે. સમિતિને માછીમારોના પ્રતિનિધિઓએ જણાવ્યું કે દરિયાકાંઠે ફેંકાતા કચરાને કારણે માછલીઓની સંખ્યામાં ઘટાડો થયો છે. દરિયામાં કચરો ફેંકવા પર પ્રતિબંધક કડક નિયમોના અભાવે કેટલાક ઉદ્યોગો તેના એકમો દરિયાકાંઠે ઊભા કરવા લાગ્યા છે. ગટરની પાઈપલાઈનો અને અન્ય પાઈપલાઈનો પણ દરિયાકાંઠે બાંધવાનું ચલણ વધી રહ્યું છે. એ રીતે દરિયાકાંઠો ધરાવતા મોટાભાગનાં શહેરોમાં શહેરના કચરાનો નિકાલ કરવાનું સ્થળ પણ દરિયાકાંઠાની આસપાસ જ હોય છે. દરિયાનું પાણી અને દરિયાકાંઠો કચરાપેટી બની ગયો છે.

સીઆરઝેડ, ૧૯૯૧ પ્રમાણે નુકસાનકારક કચરો દરિયામાં ફેંકવો પ્રતિબંધિત છે. આ યોજના સંબંધિત સત્તાવાળાઓ દ્વારા વાજબી સમયમાં લાગુ પડવી જોઈએ. નોટિફિકેશનની તારીખથી તેના અમલમાં ૩ વર્ષ કરતાં વધુ સમય લાગવો જોઈએ નહીં. આ જોગવાઈની સંપૂર્ણપણે

અવગણના થઈ છે. ઊલટાનું હવે તો અન્ડરવોટર પાઈપલાઈન ફિટ કરવાનું ચલણ વધી રહ્યું છે. આ બધી કામગીરી દરિયાઈ જીવસૃષ્ટિને નુકસાન કરી રહી છે.

સમિતિ દરિયામાં થતું પ્રદૂષણ અટકાવવાની આગ્રહપૂર્વક ભલામણ કરે છે. દરિયામાં કોઈ વસ્તુનો નિકાલ કરવાના ધારા-ધોરણો પર ફેરવિચારણા થવી જોઈએ. એ રીતે દરિયાઈ પાણીની શુદ્ધતાની માહિતી લોકોને સરળતાથી મળે તેવી વ્યવસ્થા થવી જોઈએ. વધુમાં દરિયાના પાણીમાં પથરાતી પાઈપલાઈનો પર સીઆરઝેડ, ૧૯૯૧ દ્વારા પ્રતિબંધ મુકાવો જોઈએ.

### ૭.૬ આંદામાન-નિકોબાર અને લક્ષ્યદ્વીપમાં ચર્ચાવિચારણા અને મસલત દ્વારા નવું મેનેજમેન્ટ તૈયાર કરવામાં આવે.

કમિટિના ધ્યાનમાં આવ્યું છે કે, સીઆરઝેડ ૧૯૯૧ નોટિફિકેશન પ્રમાણે આંદામાન અને નિકોબાર તથા લક્ષદ્વીપમાં ૫૦૦ મીટરની મર્યાદા પર ફેરવિચારણા કરવી જોઈએ. વિવિધ કદના ટાપુઓ પર આ જોગવાઈ જાતજાતની સમસ્યા સર્જે છે. કેટલાક ટાપુઓ એટલા નાનાં હોય છે કે જોગવાઈ જેટલી જગ્યા જ ત્યાં હોતી નથી, તેના કારણે સમસ્યા સર્જાય છે. બીજી બાજુ પર્યાવરણીય રીતે તુરંત નુકસાન પામી શકે એમ હોય એવા કેટલાક મોટા ટાપુ પર ૫૦૦ મીટરની જોગવાઈ લાગુ પડતી નથી. વધુમાં ત્યાં દરિયાના પાણીની સપાટી વધતી હોવાને કારણે કેટલાક ટાપુઓ સંવેદનશીલ બન્યા છે.

સીઆરઝેડ નોટિફિકેશન, ૧૯૯૧ના આ મુદ્દા પર ફેરવિચારણાની જરૂર છે. સીએમઝેડ, ૨૦૦૮ પ્રમાણે ટાપુને તેની સ્થિતિ પ્રમાણે પર્યાવરણ મંત્રાલયની મંજૂરી બાદ ઈન્ટિગ્રેટેડ કોસ્ટલ મેનેજમેન્ટ ઝોન તરીકે મંજૂર કરવો જોઈએ. સમિતિએ નોંધ કરી છે કે આ પ્લાન કેટલાક ટાપુઓમાં અમલી બની ગયો છે.

કમિટિ ભલામણ કરે છે કે દરેક ટાપુની જરૂરિયાત પ્રમાણે તેના વિકાસનું આયોજન મંજૂર થવું જોઈએ. એ માટે નોટિફિકેશનમાં પર્યાવરણીય, સામાજિક વગેરે મુદ્દા ધ્યાનમાં લેવા જોઈએ. ખાસ કરીને માછીમારો, દરિયાની સપાટીમાં વૃદ્ધિ, સુનામીની થપાટ પછીનો વિકાસ વગેરે મુદ્દાઓ અંગે ટાપુના સ્થાનિક લોકો અને ત્યાંના સત્તાવાળાઓ સાથે સલાહ-મસલત કર્યા બાદ ટાપુઓ માટે નોટિફિકેશન તૈયાર થવું જોઈએ.

**જાંબુદ્વીપ : લોકો વગર સંરક્ષણ**

બંગાળના ઉપસાગરમાં જાંબુદ્વીપ ટાપુ આવેલો છે. થોડા વર્ષ પહેલાં જંગલ સત્તાવાળાઓએ સ્થાનિક માછીમારોને ત્યાંની જમીનનો મોટો ભાગ માછલા સૂકવવા માટે વાપરતા રોક્યા ત્યારે એ ટાપુ ચર્ચામાં આવ્યો. મામલો સુપ્રીમ કોર્ટમાં પહોંચ્યો હતો. મેન્ગ્રોવ્ઝથી ઘેરાયેલા ટાપુ પર કબજો જમાવવાના મુદ્દે કેસ થયો હતો. કોર્ટની સેન્ટ્રલ એમ્પાવર્ડ કમિટિએ આપેલી સલાહ પ્રમાણે માછલીઓની સૂકવણી એ વન્ય સંબંધિત પ્રવૃત્તિ નથી. એટલા માટે એ પ્રવૃત્તિને જંગલ સંરક્ષણ ધારો-૧૯૮૦ પ્રમાણે મંજૂરી આપી શકાય નહીં. માછીમારોએ વધુ અપીલ કરી. તેઓ થોડા સમય માટે દરિયાના પાણીમાં ગયા અને પોતાની જિંદગી જોખમમાં મૂકી. માછલી પકડવાના રસ્તામાં ટાપુ આવતો હતો એટલે માછીમારોએ તેનો સૂકવણી માટે વપરાશ શરૂ કર્યો. ત્યાં કોઈ રેફ્રિજરેશન સુવિધા ન હતી, માછલીઓ સૂકવવાનો આ એક માત્ર ઉપાય હતો. તેઓ મોટી માછલીઓ પકડતા અને નાની માછલી જવા દેતા હતા. એ રીતે તેઓ પોતાની જરૂર પ્રમાણે જ કુદરતી સ્ત્રોતનો ઉપયોગ કરતા હતા.

માછીમારોએ કરેલા ખુલાસા પ્રમાણે તેમને ત્યાંના પર્યાવરણને નુકસાન કરવામાં કોઈ રસ નથી. ઊલટાનું તેઓ મેન્ગ્રોવ્ઝના જંગલો સલામત રહે તે માટે પ્રયાસ કરે છે. કારણ કે તેનાથી દરિયો આગળ વધતો અટકે છે. જંગલખાતાએ ૧૯૫૦થી એ ટાપુ વાપરવા આપ્યો હોય એવી મંજૂરી અને તેના પેમેન્ટની વિગતો

(સ્રોત : ડાઉન ટુ અર્થ)

પણ છે. ઉપગ્રહો દ્વારા એકઠી થયેલી વિગતોમાંથી ખબર પડી કે ટાપુ પરના ૨ હજાર હેક્ટરમાં ફેલાયેલા મેન્ગ્રોવ્ઝના જંગલોમાંથી ૨૦૦ હેક્ટરનાં જંગલો સાફ થઈ ગયાં છે. માછીમારોએ તેમને મેન્ગ્રોવ્ઝના જંગલોની જાળવણી, સાતત્યપૂર્વક ટાપુનું સંચાલન અને હોડીઓની સંખ્યા મર્યાદિત રાખવાના બદલામાં નાણા ચૂકવણીની ઓફર કરી હતી.

તેમનું આ સૂચન કોઈએ સાંભળ્યું નહીં. એ રીતે ત્યાં માછીમારી આધારિત દસ હજાર લોકોના ભાવિ પર ખતરો ઊભો થાય એવો પ્રતિબંધ આવ્યો છે. આ કેસમાં સંરક્ષણ મિત્ર નહીં દુશ્મન બન્યું છે.

૭.૭ કોઈ પણ નવું તંત્ર દાખલ કરતાં પહેલાં સ્થાનિક લોકો, ખાસ કરીને માછીમાર પરિવારો પર જાળવણીની નીતિઓની શું અસર થશે તેની કાળજી અને સમજપૂર્વકની વિચારણા કરી લેવી.

સીઆરઝેડ નોટિફિકેશન ૧૯૯૧માં નેશનલ પાર્ક, મરીન પાર્ક, અભયારણ્યો, અનામત વન વિસ્તાર, વન્યજીવોના નિવાસસ્થાનો, મેન્ગ્રોવ્ઝ, કોસ્ટલ - કોર રીફ, માછલીઓના સંવર્ધન વિસ્તાર નજીકનો એરિયા, કુદરતી સૌંદર્ય-હેરિટેજ, કેન્દ્ર સરકારે જ્યાં પાણી વધી રહ્યું હોવાની જાહેરાત કરી હોય એવો વિસ્તાર, વધુ અને ઓછી ભરતી વચ્ચેનો વિસ્તાર વગેરે સીઆરઝેડ – ૧ પ્રમાણે પર્યાવરણીય રીતે સંવેદનશીલ છે. વરસો વીત્યા એમ આ વ્યાખ્યાની સમજ અને અર્થઘટનમાં મનઘડંત ફેરફારો થયા છે.

સીએમઝેડ, ૨૦૦૮માં પ્રયાસ કરાયો છે કે પર્યાવરણીય રીતે સંવેદનશીલ હોય એવા વિસ્તારોની સ્પષ્ટતા થાય. આવા ૧૨ વિસ્તારોની યાદી નોટિફિકેશનના પરિશિષ્ટ – ૨માં આપી છે.

સમિતિ જાણે છે કે વિશાળ સમુદ્રી નેશનલ પાર્ક, ચિલ્કા, પુલિકટ, મન્નારનો અખાત, વેમ્બનાડ, કોરિંગા, કચ્છનો અખાત વગેરે વિસ્તારો માછીમારી માટે પ્રતિબંધિત છે. આ બધા વિસ્તારોમાં લોકો રહે છે અને વિકાસ કામો ચાલે છે. તેના પર વિશેષ ધ્યાન આપવાની આવશ્યકતા છે. સમિતિનો ઉદ્દેશ એવો છે કે આ વિસ્તારોને વિશેષ રક્ષણ મળે. તેમને ક્રિટિકલી વલ્નરેબલ કોસ્ટલ એરિયા (સીવીસીએ) જાહેર કરવામાં આવે.

સમિતિના ધ્યાનમાં આવ્યું છે કે કેટલાક કિસ્સાઓમાં સંરક્ષણ માછીમારોની ગરીબી વધારનારું સાબિત થયું છે. ઓરિસ્સાના દરિયાકાંઠે ભિતરનિકા અભયારણ્યમાં માછીમારી પર પ્રતિબંધ બાદ કેટલાય માછીમાર કુટુંબોને નુકસાન થયું છે. કેટલાયે આત્મહત્યા કરી છે. એ રીતે બંગાળના અખાતમાં આવેલા જાંબુદ્વીપ ટાપુમાંથી પણ માછીમારોને દૂર કરી દેવામાં આવ્યાં છે. (જુઓ બોક્સ, જાંબુદ્વીપ : લોકો વગર સંરક્ષણ) ભવિષ્યમાં સંરક્ષણ આયોજન થાય ત્યારે ભૂતકાળના આ અનુભવો ભૂલવા ન જોઈએ. સ્થાનિક લોકોને નુકસાન ન થાય એ રીતે સંરક્ષણ થવું જોઈએ.

સમિતિ એવી ભલામણ કરે છે કે ઉપરોક્ત બાબતોના આધારે મંત્રાલય સીવીસીએ વિસ્તારોનું સર્જન કરે.

૭.૮ સ્પષ્ટ વ્યાખ્યા દ્વારા મેન્ગ્રોવ્ઝનું સંરક્ષણ :

સીઆરઝેડ નોટિફિકેશન, ૧૯૯૧ મેન્ગ્રોવ્ઝ ઘનતાવાળા વિસ્તારોને સંરક્ષણ પૂરું પાડે છે. રાજ્ય સરકારોએ જોકે એક મીટર ઊંચા એક હેક્ટરમાં ફેલાયેલા જંગલોને મેન્ગ્રોવ્ઝ પ્રોટેક્શન ગણવા જોઈએ. મુંબઈ હાઈકોર્ટે (પિટિશન ૩૨૪૬, વર્ષ ૨૦૦૪) મહારાષ્ટ્ર સરકારને સૂચના આપી હતી કે મેન્ગ્રોવ્ઝનાં જંગલોનો નકશો તૈયાર કરો અને એ બધા વિસ્તારને જંગલ જાહેર કરી તેનું ધ્યાન રાખો. એ નકશો તૈયાર કરવાનું કામ હજુ સુધી પૂરું નથી થયું એ સમજી શકાય એવી વાત છે. વ્યાખ્યા અસ્પષ્ટ હોવાને કારણે માત્ર મેન્ગ્રોવ્ઝના મોટા વિસ્તારો જ ધ્યાનમાં લેવાયા છે. સમિતિ ભલામણ કરે છે કે મેન્ગ્રોવ્ઝનું સંરક્ષણ થાય, કારણ કે તેનાથી માછલીઓને

ઉછરવાની અનુકૂળતા મળે છે અને કાંઠા પર વસતા માછીમારોને સાયક્લોન કે સુનામી જેવા ખતરાથી સંરક્ષણ મળે છે. મેન્ગ્રોઝને ફરીથી ઉગાડવાનું કામ અઘરું છે. એક વખત તેને નુકસાન થશે તો એ વિસ્તાર ફરીથી ઊભો કરવો આસાન નથી.

સમિતિ ભલામણ કરે છે કે મંત્રાલય રાષ્ટ્રીય કક્ષાનું મેન્ગ્રોઝ સર્વેક્ષણ કરાવે. તેનાથી મેન્ગ્રોઝ એરિયાની વ્યાખ્યા કરવામાં સરળતા રહેશે અને ગ્રીન ઈન્ડિયા જેવા પ્રોજેક્ટ અમલી બનાવવામાં મદદ મળશે. દરિયાકાંઠો, બીચ અને મેન્ગ્રોઝના સંરક્ષણ માટે પણ તેનાથી મદદ મળી રહેશે. દરેક મેન્ગ્રોઝ વિસ્તારને બાયોશિલ્ડ અને સી-પ્રોડક્ટિવિટી ઝોન જાહેર કરવો જોઈએ.

૭.૯ દરિયા કિનારાને વર્તમાન અને ભાવિ પડકારો સામે બચાવવાનું સુનિશ્ચિત કરો, પરંતુ માછીમાર સમુદાયોની આજીવિકા પર કોઈ અટકાયત આવતી ન હોવાની ખાતરી કરી લો.

દરિયાકાંઠાનું પર્યાવરણ પાણીના પ્રવાહો (જલગતિશાસ્ત્ર) પર આધારિત છે. દરિયાના પાણીને ધ્યાનમાં રાખ્યા વગર જમીન પરનું આયોજન કરી શકાય નહીં. વધુમાં જમીન પરનું પ્રદૂષણ અને બાંધકામ દરિયાના પાણીને અસર કરતાં હોય છે. સમિતિને જાણ થઈ છે કે કેટલાક બંદર વિકાસ આયોજનોમાં દરિયાના પાણીને માટીથી પૂરી ત્યાં જમીન બનાવાય છે. તેનો ઉપયોગ પરમિશન વગર બીજા ઉદ્દેશો માટે થાય છે. સીઆરઝેડ ૧૯૯૧માં તેનો સમાવેશ થાય છે, માટે ત્યાં કોઈ રિઝોલ્યૂશન શક્ય નથી. સીએમઝેડ ૨૦૦૮માં પાણીની સીમા નક્કી કરવામાં આવી છે (નક્કી કરેલી બેઝલાઈનથી ૧૨ દરિયાઈ માઈલ સુધીનો વિસ્તાર). તેમાં દરિયાના તળિયાને પણ સીમા ગણવામાં આવી છે.

માછીમાર લોકોએ સીએમઝેડ ૨૦૦૮ની આ જોગવાઈ સામે વાંધો ઉઠાવ્યો છે. તેમના કહેવા પ્રમાણે આ જોગવાઈથી માછીમાર લોકોના જીવનધોરણને અસર થશે. તેમાં તો ઉદ્યોગો માટે દરિયો ઉપલબ્ધ છે, જ્યારે માછીમારી માટે નથી. એ રીતે તેની જાળવણી ન થઈ શકે એ સ્પષ્ટ વાત છે.

સમિતિ ભલામણ કરે છે કે દરિયા તરફનો વિસ્તાર પણ સીઆરઝેડ, ૧૯૯૧માં સામેલ થવો જોઈએ. અલબત્ત, ફેરફારો માછીમાર સમાજને સાથે રાખીને જ કરવા જોઈએ. જેથી તેમની જરૂરિયાત અને સુરક્ષાની સંભાળ લઈ શકાય.

૭.૧૦ તમામ સ્તરે સંશોધન અને નિયમન ક્ષમતાને વધારતાં પગલાં લો.

એ વાત બહુ સ્પષ્ટ છે કે દરિયાકાંઠો મોટા પડકારોનો સામનો કરી રહ્યો છે. પણ આપણે કોસ્ટલ રિસર્ચ સંસ્થાન દ્વારા તેના પર કાબૂ મેળવી શકીએ તેમ છીએ. હાલમાં બદલાતી નીતિઓ અને સ્થિતિ પ્રમાણે માહિતી અને વિગતો એકઠી કરવી ખૂબ આવશ્યક છે. એ પણ સ્પષ્ટ છે કે આપણે કેન્દ્રમાં અને રાજ્યમાં મજબૂત નિર્ણયો લઈ શકે તેની વ્યવસ્થાપન સંસ્થાની આવશ્યકતા છે. કોસ્ટલ ઝોન મેનેજમેન્ટ માટે નવી સંસ્થા પણ જરૂરી છે. વર્તમાન સંસ્થાનો વધુ સક્ષમરીતે કામ કરે અને એક સંપૂર્ણપણે સમર્પિત સંશોધન સંસ્થા ઊભી થાય તે ઈચ્છનીય છે. પર્યાવરણ વિદો અને માછીમારોને સાથે રાખીને આયોજન કરવું જોઈએ જેથી તેમના જ્ઞાનનો લાભ મળી શકે. કેન્દ્રીય મંત્રાલયના નેજા હેઠળ નેશનલ બોર્ડ ફોર સસ્ટેઈનેબલ કોસ્ટલ મેનેજમેન્ટ પણ ઊભું કરી શકાય. જે બધા પ્રશ્નોનું નિરાકરણ લાવી શકે.

સમિતિના મતે વહેલી તકે કોસ્ટલ મેનેજમેન્ટ માટે સંસ્થા તૈયાર થવી જોઈએ.

૭.૧૧ દરિયાની સપાટી વધવાના ભાવિ જોખમો અને દરિયાકાંઠાની વધતી જોખમગ્રસ્તતાનો સામનો કરવા માટે નીતિઓ લાવો.

સમિતિ એવા તારણ પર આવી છે કે દરિયાકાંઠે સતત વધતાં પ્રોજેક્ટ અને પાણીના વધતાં સ્તરને કારણે દરિયાકાંઠો ખતરામાં છે. તેનાથી માત્ર દરિયાકાંઠાને જ નહીં પણ ત્યાં વસતા

લાખો લોકોને વિપરીત અસર થઈ શકે છે. દરિયાકાંઠાની ઈકોસિસ્ટમ ખોરવાઈ રહી છે. મંત્રાલય સંવેદનશીલ કાંઠાઓ પ્રત્યે ધ્યાન આપી કાંઠાને અલગ પાડે. દરિયાકાંઠે પાણીની સપાટી વધી રહી છે, એ ભવિષ્યનો મોટો પડકાર છે. એક વખત સંવેદનશીલ વિસ્તારો નક્કી થઈ જાય એટલે તેને સીઆરઝેડ ૧૯૯૧માં સમાવી લેવા જોઈએ. પ્રદૂષણથી ત્રસ્ત થયેલા વિસ્તારો અને દયનીય કાંઠાની સુરક્ષાની દિશામાં આ પાયાની કાર્યવાહી છે. અભ્યાસથી કાંઠાના વિસ્તારોના સંરક્ષણ માટે પોલિસી ઘડવામાં પણ માર્ગદર્શન મળશે. એ વાત બહુ સ્પષ્ટ છે કે કાંઠાના વિસ્તારોને બચાવવા માટે વધુ પગલાંઓની જરૂર છે.

# પરિશિષ્ટ – ૧

નંબર ૧૧-૮૩, ૨૦૦૫-૧ એ-૩(પીટી)
ભારત સરકાર
વન અને પર્યાવરણ મંત્રાલય
(૧એ-૩ વિભાગ)

પર્યાવરણ ભવન
સીજીઓ કોમ્પલેક્ષ, લોધી રોડ,
નવી દિલ્હી – ૧૧૦૦૦૩

તારીખ : ૧૫ જૂન, ૨૦૦૯

**હુકમ**

**વિષય : કોસ્ટલ મેનેજમેન્ટ ઝોન નક્કી કરવા માટે નિષ્ણાતોની સમિતિ બનાવવા બાબત.**

(૧) વન અને પર્યાવરણ મંત્રાલયે કોસ્ટલ મેનેજમેન્ટ ઝોન નોટિફિકેશન હેઠળ ડ્રાફ્ટ તૈયાર કર્યો છે. એસ.ઓ.નંબર : ૧૦૭૦(ઈ), તારીખ : ૧-૫-૨૦૦૮ અને આ નોટિફિકેશન પર અમેન્ડમેન્ટ ઈશ્યુ થયો છે, એસ.ઓ. નંબર : ૧૧૨૦(ઈ), તારીખ : ૯-૫-૦૮ના દિવસે જે પર્યાવરણ (સંરક્ષણ) ધારા ૧૯૮૬ હેઠળ લોકોના વાંધાઓ આવકારે છે, નોટિફિકેશન ઈશ્યુ થયાની તારીખથી ૬૦ દિવસમા વધુમાં રાજ્ય સરકારની વિનંતીના આધારે નોટિફિકેશનનો ડ્રાફ્ટ ૨૨-૭-૦૮ના દિવસે પુનઃઈશ્યુ કરવામાં આવ્યો છે.

(૨) મંત્રાલયને ઉપરોક્ત કોસ્ટલ મેનેજમેન્ટ ઝોન નોટિફિકેશન પર સંખ્યાબંધ ટિપ્પણીઓ આવી છે. તેનો અભ્યાસ કર્યા બાદ વન અને પર્યાવરણ મંત્રાલયે પ્રોફેસર એમ.એસ. સ્વામીનાથનના વડપણ હેઠળ નિષ્ણાત સમિતિ બનાવવાનું નક્કી કર્યું છે. સમિતિનું બંધારણ આ પ્રમાણે હશે :

- (૧) પ્રો. એમ. એસ. સ્વામીનાથન, ચેરમેન, એમ.એસ. સ્વામીનાથન ફાઉન્ડેશન, ૩, ક્રોસ સ્ટ્રીટ, ઈન્સ્ટિટ્યૂશનલ એરિયા, તારામણી, ચેન્નાઈ.
- (૨) ડો. શૈલેષ નાયક, સેક્રેટરી, ડિપાર્ટમેન્ટ ઓફ ઓશન ડેવલપમેન્ટ – નવી દિલ્હી.
- (૩) સુશ્રી સુનિતા નારાયણ, સેન્ટર ફોર સાયન્સ એન્ડ એન્વાર્યન્મેન્ટ, ૪૧, તુઘલકબાદ, ઈન્ટિટ્યૂશનલ એરિયા, નવી દિલ્હી – ૧૧૦૦૬૨.
- (૪) શ્રી એમ.જે. મૌસકર, અધિક સચિવ, વન અને પર્યાવરણ મંત્રાલય, નવી દિલ્હી.

(૩) સમિતિ કામગીરી :

- (૧) કોસ્ટલ મેનેજમેન્ટ ઝોન નોટિફિકેશન, ૨૦૦૮ અંતર્ગત મંત્રાલયને મળેલી ટિપ્પણીઓનો અભ્યાસ કરવો.
- (૨) ઇન્ટિગ્રેટેડ કોસ્ટલ ઝોન મેનેજમેન્ટનું માળખું તૈયાર કરવા માટે નીતિવિષયક અને કાયદાકીય બાબતોમાં સલાહ આપવી.

(૪) સમિતિને જરૂર પડશે તો વધારે સભ્યો સહકાર આપશે અને તેણે ૧૫-૭-૦૯ સુધીમાં અહેવાલ આપવાનો રહેશે.

(૫) સમિતિ તેમની બેઠકો દેશભરમાં તેમને જ્યાં અનુકૂળ હશે ત્યાં બોલાવી શકશે. નોન-ઓફિશિયલ સભ્યો માટે ટીએ-ડીએ તથા સિટિંગ ફી ધારા-ધોરણો પ્રમાણે આપવામાં આવશે.

(૬) આઈએફડીની સહમતી સાથે આ પાઠવવામાં આવે છે. આઈએફડી ડેપ્યુટી, નંબર : ૪૧૮, ડીએસ/આઈએફડી, તા. ૧૧ જૂન, ૨૦૦૯

**(ડો. એ. સેન્થિલ વેલ)**
**અધિક ડિરેક્ટર**
**ટેલિફેક્સ – ૨૪૩૬૦૯૪**
**e-mail:** senthil.vel@nic.in

# પરિશિષ્ટ – ૨: સીઆરઝેડમાં પરવાનગી મળી શકે એવી પ્રવૃત્તિઓની યાદી

| ક્રમ | પ્રવૃત્તિઓ | CRZ I (i) | CRZ I (ii) | CRZ II | CRZ III (HTL 200 mt.) | CRZ III (HTL 200 – 500 mt.) | CRZ IV |
|---|---|---|---|---|---|---|---|
| ૧. | નવા ઉદ્યોગો | ✖ | ✖ | ✖ | ✖ | ✖ | ✖ |
| ૨. | ઉદ્યોગોનું વિસ્તરણ | ✖ | ✖ | ✖ | ✖ | ✖ | ✖ |
| ૩. | પરમાણુ ઊર્જા પ્રોજેક્ટ | ✔ | ✔ | ✔ | ✔ | ✔ | ✔ |
| ૪. | આઈ.ટી. | ✖ | ✖ | ✖ | ✔ (SEZ) | ✔ (SEZ) | ✖ |
| ૫. | સેઝ પ્રોજેક્ટસ | ✖ | ✖ | ✔ (SEZ) | ✔ (SEZ) | ✔ (SEZ) | ✖ |
| ૬. | બિન પરંપરાગત ઊર્જા | ✖ | ✖ | ✔ | ✔ | ✔ | ✔ |
| ૭. | ડિસેલીનેશન | ✖ | ✖ | ✔ | ✔ | ✔ | ✔ |
| ૮. | હવાઈ પટ્ટા | ✖ | ✖ | ✔ (લ.) | ✔ (લ.) | ✖ | ✔ |
| ૯. | પીઓએલ પ્રોડક્ટ્સ | ✖ | ✖ | ✔ | ✔ | ✔ | ✔ |
| ૧૦. | એલ એન્ડ જી | ✖ | ✔ | ✔ | ✔ | ✔ | ✖ |
| ૧૧. | મત્સ્ય પ્રક્રિયા | ✖ | ✖ | ✖ | ✖ | ✖ | ✖ |
| ૧૨. | ઈંડા સેવવાનું સ્થળ | ✖ | ✖ | ✖ | ✖ | ✖ | ✖ |
| ૧૩. | મચ્છી સુકવણી | ✖ | ✖ | ✖ | ✔ | ✔ | ✔ |
| ૧૪. | શુદ્ધ કરેલો કચરો | ✖ | ✖ | ✔ | ✔ | ✔ | ✖ |
| ૧૫. | સ્ટોર્મ વોટરની ગટર | ✖ | ✖ | ✔ | ✔ | ✔ | ✖ |
| ૧૬. | મ્યુનિસિપલ કચરો | ✖ | ✖ | ✖ | ✖ | ✖ | ✖ |
| ૧૭. | માટીની પુરણી | ✖ | ✖ | ✖ | ✖ | ✖ | ✖ |
| ૧૮. | ટીપીએસમાંથી રાખ | ✖ | ✖ | ✖ | ✖ | ✖ | ✖ |
| ૧૯. | જમીન સુધારણા | ✖ | ✔ (પી એન્ડ એચ) | ✔ (પી એન્ડ એચ) | ✔ (પી એન્ડ એચ) | ✔ (પી એન્ડ એચ) | ✔ (પી એન્ડ એચ) |
| ૨૦. | બારા-બંદરોનું વિસ્તરણ | ✖ | ✔ | ✔ | ✔ | ✔ | ✔ |
| ૨૧. | જેટી | ✖ | ✔ | ✔ | ✔ | ✔ | ✔ |
| ૨૨. | ધક્કાઓ | ✖ | ✔ | ✔ | ✔ | ✔ | ✔ |
| ૨૩. | ઓવારાઓ | ✖ | ✔ | ✔ | ✔ | ✔ | ✔ |
| ૨૪. | વહાણ માર્ગો | ✖ | ✔ | ✔ | ✔ | ✔ | ✔ |
| ૨૫. | પુલ | ✖ | ✔ | ✔ | ✔ | ✔ | ✔ |
| ૨૬. | સી-લિંક | ✔ | ✔ | ✔ | ✔ | ✔ | ✔ |
| ૨૭. | ધોવાણ નિયંત્રણ | ✖ | ✔ | ✔ | ✔ | ✔ | ✔ |
| ૨૮. | ભરતી નિયંત્રકો | ✖ | ✔ | ✔ | ✔ | ✔ | ✔ |
| ૨૯. | ક્ષાર અટકાવ | ✖ | ✔ | ✔ | ✔ | ✔ | ✔ |
| ૩૦. | વ્યાપારી સંકુલો | ✖ | ✖ | ✔ | ✖ | ✖ | ✖ |
| ૩૧. | માટી/ખડકની ખાણ | ✖ | ✖ | ✖ | ✖ | ✖ | ✖ |
| ૩૨. | દુર્લભ ખનીજ | ✖ | ✖ | ✔ | ✔ | ✔ | ✔ |
| ૩૩. | ઓઈલ અને ગેસ | ✔ | ✔ | ✔ | ✔ | ✔ | ✔ |
| ૩૪. | ભૂગર્ભજળ ખેંચવું | ✖ | ✖ | ✔ | ✖ | ✔ | ✔ |
| ૩૫. | પશુપાલન | ✖ | ✖ | ✔ | ✔ | ✔ | ✔ |
| ૩૬. | કૃષિ | ✖ | ✖ | ✔ | ✔ | ✔ | ✔ |
| ૩૭. | માછીમારી | ✖ | ✖ | ✖ | ✖ | ✔ | ✔ |
| ૩૮. | પાઈપલાઈન | ✔ | ✔ | ✔ | ✔ | ✔ | ✔ |
| ૩૯. | રેતીના ઢગલા હટાવવા | ✖ | ✖ | ✖ | ✖ | ✖ | ✖ |
| ૪૦. | સંરક્ષણ પ્રોજેક્ટસ | ✖ | ✔ | ✔ | ✔ | ✔ | ✔ |
| ૪૧. | વાહન તંત્ર | ✔ | ✔ | ✔ | ✔ | ✔ | ✔ |
| ૪૨. | ટ્રાન્સમિશન લાઈન | ✔ | ✔ | ✔ | ✔ | ✔ | ✔ |
| ૪૩. | માલ ચડાવવાની સુવિધા | ✔ (લ.) | ✖ | ✖ | ✖ | ✖ | ✖ |
| ૪૪. | થર્મલ પાવર પ્લાન્ટ | ✖ | ✖ | ✖ | ✖ | ✖ | ✖ |
| ૪૫. | હાઉસિંગ સ્કીમ્સ | ✖ | ✖ | ✔ | ✖ | ✖ | ✖ |
| ૪૬. | હવામાનના રડાર | ✔ | ✔ | ✔ | ✔ | ✔ | ✔ |
| ૪૭. | પુરાત્વ, વિરાસતના જાહેર સ્થળોની તોડફોડ કે પુનરોદ્ધાર | ✖ | ✖ | ✔ | ✖ | ✖ | ✖ |
| ૪૮. | દવાખાના | ✔ (સ.) | ✖ | ✔ | ✔ | ✔ | ✖ |
| ૪૯. | શાળાઓ | ✔ (સ.) | ✖ | ✔ | ✔ | ✔ | ✖ |
| ૫૦. | જાહેર વર્ષા છત્રી | ✔ (સ.) | ✖ | ✔ | ✔ | ✔ | ✖ |

| ક્રમ | પ્રવૃત્તિઓ | CRZ I (i) | CRZ I (ii) | CRZ II | CRZ III (HTL0 200 mt.) | CRZ III (HTL0 200 – 500 mt.) | CRZ IV |
|---|---|---|---|---|---|---|---|
| ૫૧. | જાહેર શૌચાલય | ✔ (સ.) | ✖ | ✔ | ✔ | ✔ | ✖ |
| ૫૨. | રસ્તાઓ | ✖ | ✖ | ✔ | ✔ | ✔ | ✔ |
| ૫૩. | પાણી વિતરણ | ✖ | ✔ | ✔ | ✔ | ✔ | ✔ |
| ૫૪. | હ્વાટર | ✖ | ✖ | ✔ | ✔ | ✔ | ✔ |
| ૫૫. | સિવરેજ | ✖ | ✔ | ✔ | ✔ | ✔ | ✔ |
| ૫૬. | અગર | ✖ | ✔ | ✔ | ✔ | ✔ | ✔ |
| ૫૭. | અનાજની વખાર | ✖ | ✔ | ✔ | ✔ | ✔ | ✔ |
| ૫૮. | ખાતરની વખાર | ✖ | ✔ | ✔ | ✔ | ✔ | ✔ |
| ૫૯. | ખાદ્યતેલની વખાર | ✖ | ✔ | ✔ | ✔ | ✔ | ✔ |
| ૬૦. | બાગ | ✖ | ✔ | ✔ | ✔ | ✔ | ✔ |
| ૬૧. | રમતનાં મેદાન | ✖ | ✖ | ✔ | ✔ | ✔ | ✔ |
| ૬૨. | વનીકરણ | ✖ | ✖ | ✔ | ✔ | ✔ | ✔ |
| ૬૩. | બીચ રિસોર્ટ્સ | ✖ | ✖ | ✔ | X | ✔ | ✔ |
| ૬૪. | કોરલ માઈનિંગ | ✖ | ✖ | ✖ | ✖ | ✖ | ✖ |
| ૬૫. | પાણીમાં ધડાકા | ✖ | ✖ | ✖ | ✖ | ✖ | ✖ |
| ૬૬. | રહેઠાણનાં મકાનો | ✖ | ✖ | ✔ | ✖ | ✔ | ✔ |
| ૬૭. | માળખાનું પુનઃબાંધકામ | ✖ | ✖ | ✔ | ✔ | ✔ | ✔ |

**પી એન્ડ એચ - બંદર અને બારા**

**સેઝ – સ્પેશિયલ ઈકોનોમિક ઝોન**

**સ. – સન્ડર્બન્સ**

**લ. - લક્ષ્યદ્વીપ**

**નોંધ** : રાજ્ય અને કેન્દ્ર શાસિત પ્રદેશો દ્વારા કોસ્ટલ ઝોન મેનેજમેન્ટ પ્લાનની મંજૂરી, કોર્ટના ચુકાદા, સ્થાનિક નિયમો અનુસાર અર્થઘટન અને સીઆરઝેડ નોટિફિકેશનમાં ખાસ ફકરાની જોગવાઈના આધારે ઉપરની વિગતોને સ્વીકૃતિ મેળવવાની રહે છે. પાંચ કરોડથી ઓછા ખર્ચની પ્રવૃત્તિની મંજૂરી રાજ્ય સરકાર આપી શકે છે, પરંતુ પાંચ કરોડથી વધારાના ખર્ચવાળી પ્રવૃત્તિની મંજૂરી પર્યાવરણ અને વન મંત્રાલય તરફથી લેવાની રહે છે.

# પરિશિષ્ટ – ૩: સીએમઝેડ નોટિફિકેશન, ૨૦૦૮ અંગે દરિયાકાંઠો ધરાવતાં રાજ્યો તરફથી મળેલાં નિરીક્ષણો/ભલામણોની વિગત

| ક્રમ | રાજ્યનું નામ | મંતવ્યો | | |
|---|---|---|---|---|
| | | સમાવવા માટેનાં સૂચનો | સીએમઝેડ અંગેની ચિંતા | ભલામણ |
| ૧. | ગુજરાત | • સીઆરઝેડ નોટિફિકેશન, ૧૯૯૧ અમલી બનવું જોઈએ.<br>• જુદાં જુદાં રાજ્યોનાં જુદાં જુદાં દરિયાકાંઠાના પર્યાવરણ માટે દરિયાકાંઠાની નીતિ અને કાયદા બધાને અનુરૂપ હોય તેવા બનાવવા જોઈએ.<br>• સીએમઝેડ નોટિફિકેશન, ૨૦૦૮ના અમલીકરણ સાથે સંકળાયેલા જુદાં જુદાં સરકારી વિભાગો વચ્ચે કઈ રીતે કોઈ પ્રવૃત્તિ હાથ ધરાશે, તે વિશે સ્પષ્ટતા નથી. | • સીએમઝેડમાં ઝોનની વહેંચણી સ્પષ્ટ નથી.<br>• માછીમારોના આજીવિકાના અધિકારોની અવગણના થઈ છે.<br>• સંકલિત કોસ્ટલ ઝોન મેનેજમેન્ટ પ્લાનમાં સ્થાનિક લોકોની ભૂમિકાનો ઉલ્લેખ નથી. | • સીએમઝેડ નોટિફિકેશન, ૨૦૦૮ પાછું ખેંચી લેવું જોઈએ. |
| ૨. | મહારાષ્ટ્ર | • ૧૭ વર્ષથી સીઆરઝેડનું અસ્તિત્વ હોવા છતાં હાઈ ટાઈડ લાઈન, લો ટાઈડ લાઈનનું રેખાંકન હજી સુધી થયું નથી.<br>• સીએમઝેડના અમલીકરણમાં ગ્રામ પંચાયત અને અન્ય જાહેર સત્તામંડળોની ભૂમિકા સ્પષ્ટ નથી. | • માછીમાર અને અન્ય સમુદાયના લોકોના અધિકારો અને આજીવિકા તેમજ દરિયાકાંઠાના પર્યાવરણનું રક્ષણ કરાયું નથી.<br>• સીએમઝેડ વ્યાપારી પ્રવૃત્તિઓ માટે દરિયાકાંઠાને ખુલ્લો મૂકી શકે છે.<br>• સીએમઝેડની વ્યવસ્થાપકીય પ્રવૃત્તિઓ શંકાસ્પદ છે. | • સીએમઝેડની તરફેણ કે ટેકો નથી.<br>• સીઆરઝેડ નોટિફિકેશન, ૧૯૯૧ને સ્થાનિક લોકોની સક્રિય ભાગીદારીથી મજબૂત બનાવી લાગુ પાડવું જોઈએ. |
| ૩. | ગોવા | • સીએમઝેડની સેટબેક લાઈન અને સંકલિત કોસ્ટલ ઝોન મેનેજમેન્ટ પ્લાન ઘડવા જેવી સારી બાબતોને સીઆરઝેડ નોટિફિકેશન, ૧૯૯૧માં સમાવીને તેને મજબૂત કરવું જોઈએ. | • સીએમઝેડ નોટિફિકેશન, ૨૦૦૮ના ઘડતરની પ્રક્રિયા વિવાદાસ્પદ છે.<br>• સીએમઝેડ અમલમાં આવશે તો સીઆરઝેડનાં તમામ ઉલ્લંઘનો કાયદેસર થઈ જવાનો ડર છે. | • સીએમઝેડ નોટિફિકેશન, ૨૦૦૮ને પાછું ખેંચી લેવું જોઈએ. |
| ૪. | કર્ણાટક | • પોતાની આજીવિકા રળવા દરિયાકાંઠે વસનારા માછીમાર લોકોના અધિકારો સીએમઝેડમાં છીનવાઈ શકે છે.<br>• સીએમઝેડે દરિયાકાંઠાના પર્યાવરણ – જૈવિક માળખાનું રક્ષણ કરવું જ રહ્યું.<br>• ચોરસ કિલોમીટર દીઠ ૪૦૦થી વધુ લોકો દરિયાકાંઠે રહેતા હોય તેમનું સ્થાનિક તંત્ર વિશેષ કાળજી વિસ્તાર અંતર્ગત આવે અને એટલે સીએમઝેડ – ૨ માં આવે. કર્ણાટકનાં મોટા ભાગનાં કાંઠાળાં ગામો સીએમઝેડ – ૨ માં આવી જશે, જેનો દરિયાકાંઠો બહારથી આવનાર પરિબળો માટે ખુલ્લો મુકાશે. | • જે સેટબેક લાઈન, રેખાંકિત થશે, તે રહેણાંકનાં મકાનો અને સંબંધિત પ્રવૃત્તિ માટે લક્ષ્મણ રેખા બનશે.<br>• સીએમઝેડ થકી દરિયાકાંઠે શહેરીકરણ ઝડપી બનશે. જે જૈવિક તંત્રો અને પર્યાવરણ માટે ઘાતક બની શકે.<br>• સીઆરઝેડ – ૨ વિસ્તારોમાં ગેરકાયદેસર થયેલાં બાંધકામો સીએમઝેડમાં કાયદેસર થઈ શકે છે. | • સીએમઝેડ નોટિફિકેશનને પાછું ખેંચી લેવું જોઈએ.<br>• મૂળ સીઆરઝેડ નોટિફિકેશન, ૧૯૯૧માં ભલામણોને અમલી તેને કડક રીતે લાગુ પાડવું જોઈએ.<br>• નિયમ-કાયદાનું ઉલ્લંઘન કરનારાઓને દંડિત કરવા જોઈએ. |
| ૫. | કેરળ | • દરેક દરિયાકાંઠાનાં રાજ્યોએ વિકાસ અને સંરક્ષણ માટે જુદાં જુદાં વ્યવસ્થાપકીય આયોજન કરવાની જરૂર છે.<br>• કેરળની વાત કરીએ તો તેમાં બેકવોટરનો પ્રશ્ન છે અને ૪૦ કરતાં વધારે નદીઓ, મોટાભાગનાં જળાશયો દરિયાની ભરતીથી અસરગ્રસ્ત છે, જે સીએમઝેડ–૩માં આવશે. એટલે સીઆરઝેડ માત્ર દરિયાકાંઠાને જ અસર કરશે. જ્યારે સીએમઝેડ અંદરનાં જળાશયોને પણ પ્રભાવિત કરશે.<br>• કોઈપણ વ્યક્તિ સેટબેક લાઈન માટે એકદમ સ્પષ્ટ નથી. | • સીઆરઝેડ નોટિફિકેશન, ૧૯૯૧ના ઉલ્લંઘનો સીએમઝેડમાં કાયદેસર બની શકે.<br>• ઉદ્યોગ, પ્રવાસન, ખાણ અને રિયલ એસ્ટેટ લોબીનાં હિતોને અનુકૂળ આવે તે રીતે કાયદાને હળવા કરાશે.<br>• માછીમાર લોકો પરંપરાથી દરિયાકાંઠે વસે છે, તેમને કોઈપણ ભોગે તેમના વતનથી દૂર ન કરવા. | • સીએમઝેડને રદ કરવો જોઈએ અને સીઆરઝેડને સુધારા થકી તેનું અમલીકરણ કડક બનાવવું પડશે.<br>• સીએમઝેડ સેઝ થકી પ્રવાસન, ઉદ્યોગ, રિફાઈનરી, ખાણ જેવા વ્યાપક રોકાણોવાળાં ક્ષેત્રોને અનુકૂળ બની રહેશે. |
| ૬. | આંધ્રપ્રદેશ | • દરિયાઈ પાણીમાં ૧૨ નોટિકલ માઈલ સુધી જે પ્રવૃત્તિઓ થશે, તેની યાદી કરવાની જરૂર છે અને માછીમારોની આજીવિકાને ખતરા સમાન પ્રવૃત્તિઓને મંજૂરી ન મળવી જોઈએ.<br>• દરિયાઈ સંસાધનો, માછીમારોના અધિકારો અને માછીમારોના પરંપરાગત અધિકારો અને પર્યાવરણના સંરક્ષણ માટે સુસ્પષ્ટ ન્યાયિક વ્યવસ્થાની જરૂર છે.<br>• માછીમાર સમુદાયો અને પંચાયતોના મહત્ત્વપૂર્ણ પ્રતિનિધિઓની હાજરીમાં જ ચર્ચા ગોઠવાવી જોઈએ અને આ લોકોના અભિપ્રાયો ધ્યાનમાં લઈને નિર્ણય થવા જોઈએ.<br>• ટાપુઓનાં ગામડાંઓની શ્રેણી નિર્ધારિત કરવાની સ્પષ્ટ માર્ગરેખાઓ અપાવી જોઈએ. ગ્લોબલ વોર્મિંગને ધ્યાનમાં રાખીને તેનાં સંરક્ષણની કાળજી લેવાવી જોઈએ. | • સીઆરઝેડ નોટિફિકેશન, ૧૯૯૧ દરિયાકાંઠાના પર્યાવરણના સંરક્ષણ માટે ઘડવામાં આવેલું, જ્યારે સીએમઝેડ નોટિફિકેશન, ૨૦૦૯ વિકાસ કે ઉદ્યોગ તરફી હોય એવું જણાય છે.<br>• સીઆરઝેડ નોટિફિકેશન, ૧૯૯૧ અનુસાર ૫૦૦ મીટરનું રેખાંકન છે. છતાં સીએમઝેડના સેટબેક લાઈનનો કોન્સેપ્ટ સીઆરઝેડમાં સામેલ કરવો જોઈએ. | • સીએમઝેડ નોટિફિકેશન, ૨૦૦૮ સ્થાનિક લોકોની આજીવિકા અને તેના પરંપરાગત જીવનને બહુ ખરાબ રીતે અસર કરશે. |

| ક્રમ | રાજ્યનું નામ | મંતવ્યો | | |
|---|---|---|---|---|
| | | સમાવવા માટેનાં સૂચનો | સીએમઝેડ અંગેની ચિંતા | ભલામણ |
| ૭. | ઓરિસ્સા | • સીઆરઝેડ, ૧૯૯૧ પરંપરાગત માછીમાર લોકોના અધિકારો, તેમની આજીવિકાની જરૂરિયાત અને દરિયાકાંઠાના પર્યાવરણનું રક્ષણ કરે છે.<br>• કોસ્ટલ મેનેજમેન્ટને બદલે વ્યવસ્થિત કાયદો લાવવાની જરૂર છે.<br>• ૧૨ નોટિકલ માઈલમાં માછીમારી માટે મંજૂરી આપવાનું માત્ર રાજ્ય સરકારના નિયંત્રણમાં જ હોવું જોઈએ.<br>• વિદેશી જહાજોને દરિયાકાંઠાના વિસ્તારના પાણીમાં માછીમારીની છૂટ ન હોવી જોઈએ.<br>• સ્થાનિક લોકોના પ્રતિનિધિઓને તેમની આજુબાજુના વિસ્તારમાં થનારા વિકાસની પ્રવૃત્તિઓ, ખાસ કરીને દરિયાકાંઠે બહારથી આવનારા ઔદ્યોગિક પ્રોજેક્ટના આયોજનનો અધિકાર મળવો જોઈએ. | • સીઆરઝેડ અંતર્ગત થયેલા ઉલ્લંઘનોને સીએમઝેડના નામે કાયદેસર કરવામાં આવી શકે.<br>• મૂળભૂત રીતે જેના અધિકારો સંકળાયેલા છે એવા સ્થાનિક લોકો સાથે ચર્ચા-વિચારણા કરવામાં આવી નથી.<br>• સંવેદનશીલ જૈવિક માળખાઓમાં સીએમઝેડ વિવિધ પ્રારકારની પ્રવૃત્તિઓને મંજૂરી આપે છે.<br>• પરંપરાથી દરિયાકાંઠા સાથે જોડાયેલા છે અને તેનું રક્ષણ કરતા આવ્યા છે. એવા સ્થાનિક લોકોને અવગણીને સીએમઝેડ નોટિફિકેશન અનેક નવા લોકોના હિત સાધે છે. | • સીઆરઝેડ, ૧૯૯૧થી લાગુ પડ્યું છે, છતાં આજ સુધી તેનું અસરકારક અમલીકરણ થયું નથી.<br>• વ્યવસ્થાપન માટે ઝોનના રેખાંકન બાબતે સ્પષ્ટતાના અભાવે સીએમઝેડને પાછું ખેંચી લેવું જોઈએ. |
| ૮. | પશ્ચિમ બંગાળ | • સીએમઝેડમાં ઝોનના રેખાંકનના માપદંડો અને વ્યવસ્થાપનની કાર્યપદ્ધતિની સ્પષ્ટતા થવી જોઈએ.<br>• નોટિફિકેશનના મુસદ્દામાં ટકાઉ વિકાસ, ટકાઉ કોસ્ટલ ઝોન મેનેજમેન્ટ પ્રેક્ટિસ અને સાઉન્ડ સાયન્ટિફિક પ્રિન્સીપલ્સ જેવા શબ્દો વપરાયા છે, પરંતુ તેને સ્પષ્ટ રીતે પરિભાષિત કરાયા નથી. | • સીએમઝેડ નોટિફિકેશન સીઆરઝેડ નોટિફિકેશન જેટલું મજબૂત નથી, અને બીજી તરફ તે સીઆરઝેડ અંતર્ગત થયેલા નિયમોના ઉલ્લંઘનને કાયદેસરતા આપી દેશે.<br>• સુધારા તરીકે ઉમેરવામાં આવેલી ગ્રુપ ફીલ્ડ એરપોર્ટની વ્યાખ્યા નોટિફિકેશનમાં અપાઈ નથી. | • સીએમઝેડ નોટિફિકેશન, ૨૦૦૮ સ્થાનિક લોકો માટે જરાય લાભદાયક નથી. |

# માછીમારોનાં સંગઠનોનાં મંતવ્યો

| ક્રમ | સંગઠનનું નામ | મંતવ્યો | | |
|---|---|---|---|---|
| | | સમાવવા માટેનાં સૂચનો | સીએમઝેડ અંગેની ચિંતા | ભલામણ |
| ૧. | નેશનલ ફિશ વર્કર્સ ફોરમ, (એનએફએફ) કોલકત્તા | • દરિયાકાંઠાના પર્યાવરણના રક્ષણની સાથે સાથે સ્થાનિક લોકોના મૂળભૂત અધિકારો અને આજીવિકાનું રક્ષણ કોઈપણ કોસ્ટલ ઝોનના આયોજનનું હૃદય હોવું જોઈએ.<br>• કોસ્ટલ મેનેજમેન્ટ પ્લાન માછીમારો અને સ્થાનિક લોકોને વિશ્વાસમાં લઈને જ ઘડાવો જોઈએ.<br>• સરકાર દ્વારા ટોચથી લઈ નીચે જતાં નિર્ણયોને બદલે લોકભાગીદારી થકી નીચેથી ઉપર જવાનું વલણને અગ્રતા મળવી જોઈએ.<br>• સંસદીય ખડી સમિતિની ભલામણ મુજબ કોઈ કાયદો – કાનૂન દરિયાકાંઠાના પ્રશ્નો અંગેનું નોટિફિકેશન ઘડતા પહેલાં માછીમાર સમુદાયો સાથે ચર્ચા-વિચારણા કરવાની માંગ વ્યક્ત કરાઈ છે. | • સીઆરઝેડ નોટિફિકેશન અનુસારના ઉલ્લંઘનોને સીએમઝેડ કાયદેસરતા બક્ષશે.<br>• દરિયા કિનારા અને દરિયાઇ સંસાધનો સુધીની સ્થાનિક સમુદાયોની પહોંચ પર નિયંત્રણ આવશે અને પ્રવાસન, ઉદ્યોગ, રિફાઈનરી, ખાણ વગેરે કોર્પોરેટ ક્ષેત્રો/ મોટાં ક્ષેત્રો / મોટા રોકાણકારોનાં આર્થિક હિતોને સાચવી લેવાશે.<br>• પી. મોરારી સમિતિની જેવી જ ઉચ્ચ સત્તા ધરાવતી સમિતિ રચવી જોઈએ, જે આ વિચારણાની પ્રક્રિયાને આગળ વધારે.<br>• એનએફએફ દરિયાકાંઠાના વિસ્તાર માટેના નોટિફિકેશનના નવા મુસદ્દા માટે ફરી પ્રો. સ્વામીનાથનના વડપણ હેઠળની સમિતિ રચવાનો સ્પષ્ટ ઈન્કાર કરે છે.<br>• એનએફએફનું ઉચ્ચસ્તરીય પ્રતિનિધિ મંડળ પર્યાવરણ અને વન મંત્રાલય, અન્ય પ્રધાનો અને વડાપ્રધાનશ્રીને જુલાઈ, ૨૦૦૯ના પ્રથમ સપ્તાહમાં મળ્યું. રાજ્ય સ્તરે ૩૦ જૂન, ૨૦૦૯ના રોજ ધરણા યોજાયા અને આ દિવસને રાષ્ટ્રીય કાર્ય દિવસ જાહેર કર્યો. | |

# કેન્દ્ર સરકારનાં મંતવ્યો

| ક્રમ | મંત્રાલય / વિભાગનું નામ | મંતવ્યો | | |
|---|---|---|---|---|
| | | સમાવવા માટેનાં સૂચનો | સીએમઝેડ અંગેની ચિંતા | ભલામણ |
| ૧. | કૃષિ મંત્રાલય | • ઈકોલોજીકલ સંવેદનશીલ વિસ્તારો (ઈએસએ)ની યાદીમાં આવતા વિસ્તારો રેતાળ કિનારા, રેતીના ઢગ, દરિયાકાંઠે સારા પાણીનાં માળખાં હટાવવા જોઈએ.<br>• સેટબેક લાઈનની પરિભાષા સંદિગ્ધ છે અને તેથી તેનું સરળતાપૂર્વક ખોટું અર્થઘટન થઈ શકે. વળી, સીએમઝેડ એક્ટ પસાર થયા પછી બે વર્ષમાં સેટબેક લાઈનનું રેખાંકન કરાશે. સીએમઝેડ કાયદો પસાર કર્યા પહેલાં સેટબેક લાઈનનું રેખાંક થઈ જવું જોઈએ.<br>• નોટિફિકેશન સ્થાનિક ભાષામાં ઉપલબ્ધ કરાવવું જોઈએ. | • પરિશિષ્ટ – ૬ (૧)(સી) વાંચવું જોઈએ - પ્રજનન મેદાનો અને દરિયાકાંઠાના મત્સ્યસૃષ્ટિ સહિત દરિયાઈ જીવસૃષ્ટિનું નિયમન કોસ્ટલ એક્વાકલ્ચર ઓથોરિટી એક્ટ – ૨૦૦૫ મુજબ થાય છે. આ જરૂરી છે કારણ કે પરંપરાગત એક્વાકલ્ચર એ જ એક માત્ર પદ્ધતિ નથી, જેની સ્વીકૃતિ કોસ્ટલ એક્વાકલ્ચર ઓથોરિટી દ્વારા મળેલી છે. વળી, સીએએ ૨૦૦૫ મુજબ માછીમારીની પ્રવૃત્તિને સીઆરઝેડમાં મંજૂરી મળેલી જ છે. | |
| ૨. | શહેરી વિકાસ મંત્રાલય | • ક્લાઈમેટ ચેન્જ, સિસ્મીક એક્ટીવિટી અને કુદરતી આફતોને ધ્યાનમાં રાખીને સેટબેક લાઈનના માપદંડો પર ફેરવિચારણા કરવી.<br>• માપણી વગેરે માટે એક સંસ્થાકીય ચોક્કસ પ્રક્રિયા નક્કી કરી લેવી પડે.<br>• મહાસાગરનાં વિવિધ પાસાંને ધ્યાનમાં રાખીને સેટબેક લાઈનના માપદંડો પર ફેરવિચારણા કરવી જોઈએ.<br>• ઈએસએનું રેખાંકન કરવું.<br>• પ્રસ્તાવિત સીએમઝેડની જોગવાઈઓ એલોકેશન ઓફ બિઝનેસ રૂલ, ૧૯૯૧ સાથે સુમેળમાં હોય તે જરૂરી છે. નગર અને દેશનાં આયોજન, સ્થાનિક સુધરાઈ નિગમો અને મ્યુનિસિપાલિટી ની સત્તાઓ – પાણી પુરવઠા, સિવરેજ, ગટર અને સફાઈ માટે નડતર ન બને તે જોવું. | • સ્થાનિક જરૂરિયાત અને થયેલા સુધારાને ધ્યાનમાં રાખીને ઈએસએનું રેખાંકન અને રક્ષણ કરવાની જરૂર છે.<br>• રાષ્ટ્રીય બોર્ડમાં આંદામાન-નિકોબારના આદિવાસી નેતાના પ્રતિનિધિનો સમાવેશ થવો જોઈએ. | |
| ૩. | નાગરિક ઉડ્ડયન મંત્રાલય | • પરિશિષ્ટ – ૬માં જણાવાયેલી પ્રવૃત્તિને પર્યાવરણ ઈમ્પેક્ટ એસેસમેન્ટ અને પર્યાવરણ અને વન મંત્રાલય દ્વારા પર્યાવરણીય મેનેજમેન્ટ પ્લાનને મંજૂરી મળ્યા પછી સીએમઝેડ – ૨ માં જે પ્રવૃત્તિને સ્વીકૃતિ મળે તેમાં હયાત એરપોર્ટ/હેલિપોર્ટ અથવા સીએમઝેડ-૧માં ગ્રીનફીલ્ડ એરપોર્ટના વિકાસની કામગીરીના વિસ્તરણ અને સુધારણાની પ્રવૃત્તિને સામેલ કરવી જોઈએ. લક્ષદ્વીપ અને આંદામાન-નિકોબાર ટાપુઓના અંતરિયાળ ટાપુઓના આર્થિક વિકાસ અને ભરોસાપાત્ર સંપર્ક માટે તેની ખાસ જરૂર છે. | | |

| ક્રમ | મંત્રાલય / વિભાગનું નામ | મંતવ્યો | | |
|---|---|---|---|---|
| | | સમાવવા માટેનાં સૂચનો | સીઍમઝેડ અંગેની ચિંતા | ભલામણ |
| ૪. | સીઆઈડીસીઓ | • સંકલિત કોસ્ટલ ઝોન મેનેજમેન્ટ પ્લાનને તૈયાર કરવા સ્થાનિક સત્તામંડળને તો બીજી તરફ તેની મંજૂરી માટે કેન્દ્ર સરકારનો ચોક્કસ સમયગાળો નિર્ધારિત થવો જોઈએ. રાષ્ટ્રીય કોસ્ટલ ઝોન મેનેજમેન્ટ ઓથોરિટી અને રાજ્ય સ્તરીય કોસ્ટલ ઝોન મેનેજમેન્ટ ઓથોરિટીની ભૂમિકા નિર્ધારિત થવી જોઈએ.<br>• માનવસર્જિત જળાશયો (જેવા કે, તળાવ, પૂર નિયંત્રક કેનાલ વગેરે)માં ઉગતાં મેન્ગ્રોવ્સ વગેરેને સીઍમઝેડ – ૧નો દરજ્જો ન આપવો જોઈએ.<br>• સીઍમઝેડ-૧, સીઍમઝેડ – ૨ અને સીઍમઝેડ – ૩ માં પાણીના ઉપરના સ્તરે થતી પ્રવૃત્તિઓ જેવી કે બંદર, જળ પરિવહન ટર્મિનલ્સ, પાણીની રમતો વગેરેને મંજૂરી મળવી જોઈએ. | | |
| ૫. | વ્યાપાર અને ઉદ્યોગ મંત્રાલય | | | કોઈ ટિપ્પણી નહીં. |
| ૬. | પેટ્રોલિયમ અને કુદરતી ગેસ મંત્રાલય | • પેરાડિપ રિફાઈનરી પ્રોજેક્ટ માટે રિફાઈનરીથી દક્ષિણ જેટી સુધી ઓઈલ પાઈપલાઈન અને ઉત્પાદનની પાઈપ લાઈન અને રિફાઈનરીની સરહદમાં દીવાલ ચણવી જેવી ઘણી સુવિધા સીઆરઝેડ નોટિફિકેશન, ૧૯૯૧માં મળેલી છે. આવા મોટું રોકાણ ધરાવતા કિસ્સામાં નવું નોટિફિકેશન માત્ર નવા પ્રોજેક્ટસમાં જ લાગુ પડવું જોઈએ. | • નદીનું તેમજ દરિયાનું એમ મિશ્ર પાણી ધરાવતી ક્રિકને ૧૦૦ મીટરની સેટબેક લાઈન સાથે સીઍમઝેડ – ૩માં રાખવી જોઈએ. આવી ક્રિક આઈઓસીએલની પીડીડીઆરપીની ક્રિક છે, જે ૪૦ ચોરસ કિલોમીટરની છે. ઓરિસ્સા સરકારના જળ સંસાધન વિભાગના ઓક્ટોબર, ૯૮ના અહેવાલ મુજબનો કેચમેન્ટ એરિયા અને ઓરિસ્સા સરકારના પર્યાવરણ અને વન મંત્રાલય અનુસાર ૧૦૦ મીટરની સેટબેક લાઈન આવેલી છે. સીઆરઝેડ નોટિફિકેશન, ૧૯૯૧ મુજબ ૧૦૦ મીટરની સેટબેક લાઈન નક્કી કરીને રિફાઈનરીનો નકશો નક્કી કરાયો. | |
| ૭. | પરમાણું ઊર્જા મંત્રાલય | • સીઆરઝેડ – ૧૯૯૧ મુજબ પરમાણુ ઊર્જાના પ્રોજેક્ટસને સ્વીકૃત પ્રવૃત્તિમાં સામેલ કરાયા છે. એ જ રીતે સીઆરઝેડના વિસ્તારો સિવાય બીજે ક્યાંય ઉપલબ્ધ ન હોય એવા દુર્લભ ખનીજો માટે ખાણની પ્રવૃત્તિને પણ છૂટછાટ મળી છે. સીઍમઝેડ – ૨૦૦૮માં પણ સીઆરઝેડ – ૧૯૯૧ જેવી જ જોગવાઈ રાખવામાં આવે, જેથી પરમાણુ ઊર્જા વિભાગના પ્રોજેક્ટ્સ ચાલતા રહે. | | |
| ૮. (અ) | અંતરીક્ષ વિભાગ, નેશનલ રિમોટ સેન્સિંગ એજન્સી, હૈદરાબાદ | • સીઍમઝેડના કાયદા નિયમ હેઠળ સીઆરઝેડની જેમ માત્ર દરિયા કિનારો જ નહિ, પરંતુ દરિયાના પાણીમાં ૧૨ નોટિકલ માઈલ સુધીનો વિસ્તાર આવી જશે. દરિયાકાંઠાનું ટકાઉ સંરક્ષણ અને પર્યાવરણની જાળવણી માટે આ બાબત વૈજ્ઞાનિક અભિગમ દર્શાવે છે.<br>• ઈન્ટિગ્રેટેડ કોસ્ટલ ઝોન મેનેજમેન્ટના અમલીકરણ માટે જમીનનો ઉપયોગ અને વિકાસના આયોજન તરીકે સમજવો પડે. આ દરિયાકાંઠાના ભાવિ અને લાંબાગાળાના સંરક્ષણ માટે મદદરૂપ બની શકે, સેટબેક લાઈનના પાયા પર સીઍમઝેડ અને ઈન્ટિગ્રેટેડ કોસ્ટલ ઝોન મેનેજમેન્ટ પ્લાનનું ઘડતર થશે અને તે ૫૦૦ મીટરની સરહદની જગ્યાએ આવશે. સેટબેક લાઈન કેટલા સમયગાળામાં નિર્ધારિત થશે તેની કોઈ સમયમર્યાદા સ્પષ્ટ નથી. | • સેટબેક લાઈન નોટિફિકેશન મુસદ્દામાં આપેલી વ્યાખ્યા મુજબ જોખમગ્રસ્તતા પર આધાર રાખતી મરજી મુજબની રેખા છે, પરંતુ જોખમગ્રસ્તતા સ્થળ, કુદરતી પ્રક્રિયા, ભરતીનો સમયગાળો વગેરે અનેક બાબત પર આધાર રાખે છે. આવી લાઈન નિર્ધારિત કરવા માટે જૂની વિગતોનું આકલન કરવું પડે અને રિમોટ સેન્સિંગ તેમજ જીઆઈએલ જેવી તકનીકોની મદદ લેવી જરૂરી બને છે.<br>• આ નોટિફિકેશનમાં ઈન્ટિગ્રેટેડ કોસ્ટલ ઝોન મેનેજમેન્ટનો ખયાલ દરિયાકાંઠાના સંરક્ષણ બાબતે નિર્ણય કરવાનો અવકાશ પૂરો પાડે છે. તે દરિયાકાંઠાનાં સંસાધનોની જાળવણી અને ટકાઉ વિકાસની દિશામાં લઈ જશે. | |
| ૮. (બ) | અંતરીક્ષ વિભાગ, સ્પેસ એપ્લિકેશન સેન્ટર, અમદાવાદ | • ક્રમ - ૬ : ક્રિક તળાવો વગેરે દરિયાકાંઠાના તાજા પાણીનાં જળાશયો છે. ક્રિક દરિયાકાંઠાના તાજા પાણીનું જળાશય નથી. ક્રિકને દરિયાકાંઠાનું તાજાપાણીનું જળાશય ગણવાને બદલે ખાડી, તળાવ, ખાડાઓ, જેવું ભરતીના પાણીથી ભરાતું જળાશય ગણવું જોઈએ. ભારતભરમાં દરિયાકાંઠામાં મોટા ભાગે ક્રિક, ખાડા-ખાબો ચિયાઓમાં ભરતીનું જ પાણી ભરાય છે. ગુજરાતમાં આવેલા મોટા ભાગના મેન્ગ્રોવ્ઝ વિસ્તારો કુદરતી રીતે જ દરિયાના પાણીથી ભરાય છે. | • સેટબેક લાઈનને કેડેસ્ટ્રલ ધોરણે રેખાંકિત કરવી જોઈએ, જોકે આ ઘણું મોટું કામ છે છતાં કેન્દ્ર સરકારે કરવા જેવું છે. કેન્દ્ર સરકાર દ્વારા નાના માપને આધારે નકશો તૈયાર કરવાનો વિચાર સારો છે.<br>• કેડેસ્ટ્રલ ધોરણે નકશો તૈયાર કરવાનું કામ સંબંધિત પક્ષો, સ્થાનિક તંત્રો કે રાજ્ય સરકારને સોંપી શકાય. | |
| ૯. | અર્થ સાયન્સીસ મંત્રાલય | • સંકલિત કોસ્ટલ ઝોન મેનેજમેન્ટની વ્યાખ્યામાં દરિયાકાંઠાનાં સંસાધનો અને દરિયાઈ જીવસૃષ્ટિના રક્ષણ અને જાળવણીનો સમાવેશ થવો જોઈએ.<br>• બેકવોટર ટાપુઓને સીઍમઝેડ – ૪ (બી)માં વર્ગીકૃત કરવાનું કોઈ વાજબી કારણ દર્શાવાયું નથી. આવા ટાપુઓને લક્ષ્યદ્વીપ અને આંદામાન – નિકોબારની સાથે સરખાવી ન શકાય અને સરખાવવા ન જોઈએ. | | |

| ક્રમ | મંત્રાલય / વિભાગનું નામ | મંતવ્યો | | |
|---|---|---|---|---|
| | | સમાવવા માટેનાં સૂચનો | સીએમઝેડ અંગેની ચિંતા | ભલામણ |
| ૧૦. | વહાણવટા, માર્ગ પરિવહન અને હાઈવે મંત્રાલય અને મોટાં બંદરના સત્તામંડળો | • વહાણવટા વિભાગને પ્રસ્તાવિક નેશનલ બોર્ડ ફોર સસ્ટેનેબલ કોસ્ટલ ઝોન મેનેજમેન્ટમાં કાયમી સભ્યપદ મળવું જોઈએ.<br>• એરપોર્ટની બાબતમાં જે માપદંડો રખાય છે, તે જ શિપ બિલ્ડિંગ માટે અને હયાત બંદરોના વિસ્તરણ અને આધુનિકીકરણ માટે રાખવા જોઈએ.<br>• કોસ્ટલ ઝોનમાં સ્થપાનાર સેઝમાં પર્યાવરણની શુદ્ધતા જાળવવા માટે પ્રસ્તાવિત સેઝમાં કયા પ્રકારની પ્રવૃત્તિઓને જ મંજૂરી મળશે, તેનો ઉલ્લેખ સીએમઝેડ નોટિફિકેશનમાં સમાવવો જોઈએ.<br>• સીએમઝેડ, ૨૦૦૮ના મુસદ્દામાં જળસીમા (૧૨ નોટિકલ માઈલ) સ્પષ્ટ કરાઈ નથી, વધુ સમજૂતી અને સ્પષ્ટતાની જરૂર છે.<br>• કંડલા પોર્ટ ટ્રસ્ટને મળેલી મોટા ભાગની જમીન ભરતીથી અસરગ્રસ્ત અને મેન્ગ્રોવ્સ તથા અન્યથી છવાયેલી છે. સીએમઝેડ – ૧ ના વિસ્તાર માટે ઈન્ટિગ્રેટેડ કોસ્ટલ ઝોન મેનેજમેન્ટ પ્લાન નક્કી કરતી વખતે પોર્ટ પ્રોજેક્ટનાં આયોજનોને ધ્યાનમાં રાખવા જોઈએ. | • સીએમઝેડ નોટિફિકેશન, ૨૦૦૮ અંતર્ગત ઈન્ટિગ્રેટેડ કોસ્ટલ ઝોન મેનેજમેન્ટ પ્લાનના ઘડતરના ઉદ્દેશ માટે મુખ્ય પોર્ટને અલગ એકમ તરીકે જોવા જોઈએ. ઈન્ટિગ્રેટેડ કોસ્ટલ ઝોન મેનેજમેન્ટ પ્લાનમાં એક વખત યોજનાને મંજૂરી મળી ગયા બાદ એકલ-દોકલ પ્રોજેક્ટ માટે બહાલી લેવી ન પડે, એવું થવું જોઈએ.<br>• હયાત બંદરમાં સુવિધાનો વિકાસ કરવાની મંજૂરી રાજ્ય કે કેન્દ્ર શાસિત પ્રદેશ સ્તરના કોસ્ટલ ઝોન મેનેજમેન્ટ સત્તામંડળની પરવાનગી બાદ મળી રહેવી જોઈએ.<br>• સીએમઝેડ અંતર્ગત અલગ પોર્ટ ઝોન હોય. જેમાં અમુક પ્રવૃત્તિ થઈ શકે અમુક નહિ. તો તે વધારે યોગ્ય થાય. તે દેશના તમામ મુખ્ય બંદરો અને નાના બંદરોને એક સમાન માર્ગરેખાઓ પૂરી પાડશે. | |
| ૧૧. | કાપડ મંત્રાલય | | | કોઈ ટિપ્પણી નહિ. |
| ૧૨. | પંચાયતી રાજ વિભાગ | • ચોદાના-મંડલ ગ્રામપંચાયત, તિસ્વાડી, ગોવા દ્વારા ખરડો પસાર કરવામાં આવ્યો છે કે સીઆરઝેડની જગ્યાએ આવનાર સીએમઝેડથી માછીમારોને ખૂબ અસર પડશે. તેથી પંચાયતે સીએમઝેડના અમલીકરણનો સખત વિરોધ નોંધાવ્યો છે. | • ગ્રામસભાના સભ્યોએ ખરડો પસાર કર્યો છે કે અમે સીએમઝેડના વિરોધમાં છીએ અને આ નોટિફિકેશનને રદ કરવાની માગણી કરીએ છીએ. ખરડામાં એવી વાત પણ સમાવવામાં આવી છે કે સીઆરઝેડ નોટિફિકેશન, ૧૯૯૧ને વધુ મજબૂત અને અસરકારક બનાવવું જોઈએ. | |
| ૧૩. | સંરક્ષણ મંત્રાલય | • નિષ્ણાતોની યાદીમાં નેશનલ હાઈડ્રોગ્રાફી ઓફિસ ચલાવનાર ભારત સરકારના ચીફ હાઈડ્રોલોજરને સામેલ કરવા જોઈએ. | • નોટિફિકેશનના મુસદ્દાના પરિશિષ્ટ – ૫ સલામતી બાબતોને ધ્યાનમાં રાખીને યોગ્ય છે, જેમાં મહત્ત્વપૂર્ણ વિસ્તારો જેવાં કે બંદર, બારા અને સંરક્ષણ થાણા માટે જરૂરી જોગવાઈ રાખવામાં આવી છે. | |
| ૧૪. | ખાણ મંત્રાલય | | | કોઈ ટિપ્પણી નહિ. |
| ૧૫. | આયોજન પંચ | • પર્યાવરણના કાયદા અંતર્ગત રચાયેલી ઓથોરિટી માત્ર કાયદાકીય પીઠબળ જ નહિ, પરંતુ વેટલેન્ડના સંચાલન માટે નાણાકીય સહાય પણ પૂરી પાડશે.<br>• સીએમઝેડ–૨માં નોટિફિકેશનની કાળજીના ક્ષેત્રોની યાદીના પરિશિષ્ટ– ૩માં તેમજ સીએમઝેડ – ૩ની સ્વીકૃત વિકાસ પ્રવૃત્તિઓમાં દરિયાકાંઠાની નજીકમાં હોટલ અને રહેઠાણ વિસ્તારોનો સમાવેશ કરાયો નથી. કોનો સમાવેશ, કોનો નહિ. વિસ્તૃત વિગતની જરૂર છે. | • સેટબેક લાઈન અને બેક વોટર સહિતનાં જળાશયો વચ્ચે સ્પષ્ટ ભેદરેખા નિર્ધારિત થઈ નથી અને દરિયાકાંઠે આવેલાં તળાવમાં બોટિંગની પ્રવૃત્તિની પરવાનગી બાબતે ફેરવિચારણા કરવાની જરૂર છે.<br>• રાજ્ય સ્તરના કોસ્ટલ ઝોન મેનેજમેન્ટ સત્તામંડળની પરવાનગી સાથે પ્રવાસનના ભાગરૂપે બોટિંગને મંજૂરી મળવી જોઈએ. | |
| ૧૬. | સોલ્ટ કમિશનર, ભારત સરકાર, જયપુર | • ભારત સરકારના સોલ્ટ કમિશનરનો સમાવેશ રાષ્ટ્રીય અને રાજ્ય / કેન્દ્ર શાસિત પ્રદેશ સ્તરના કોસ્ટલ ઝોન મેનેજમેન્ટ સત્તામંડળમાં થવો જોઈએ. | | |
| ૧૭. | આંદામાન અને નિકોબાર ટાપુઓનો કેન્દ્ર શાસિત પ્રદેશ | • સીએમઝેડ- ૪નો પણ પરિશિષ્ટ – ૩માં સેટબેક લાઈન અંતર્ગત સમાવેશ કરવાની જરૂર છે, બાકી તો ઈન્ટિગ્રેટેડ કોસ્ટલ ઝોન મેનેજમેન્ટ પ્લાનનો મૂળ હેતુ માર્યો જશે.<br>• સીએમઝેડ – ૪ માટે નોટિફિકેશનમાં વિસ્તૃત માર્ગરેખાઓ આપવાની જરૂર છે.<br>• સીએમઝેડનું ઉલ્લંઘન બાબતે સંજ્ઞાન લેનાર કોઈ ઓથોરિટી રચવામાં આવી નથી તેમજ કાયદાની કોર્ટમાં ફરિયાદ દાખલ કરવાની પ્રક્રિયા પરિભાષિત કરવામાં નથી આવી. આ પ્રકારની જોગવાઈઓ નોટિફિકેશનમાં ઉપલબ્ધ હોવી જોઈએ. | | |
| ૧૮. | લક્ષ્યદ્વીપના કેન્દ્ર શાસિત વહીવટી તંત્ર | | | બહાલી આપી. |
| ૧૯. | પોંડિચેરી (યુટી) | | કોઈપણ સુધારા વધારા વિનાનું મૂળ સીઆરઝેડ નોટિફિકેશન, ૧૯૯૧ લાગુ પાડવું જોઈએ. | વિરોધ |
| ૨૦. | દમણ અને દિવનું કેન્દ્ર શાસિત વહીવટી તંત્ર | | | |

# પરિશિષ્ટ – ૪

**કોસ્ટલ મેનેજમેન્ટ ઝોન (સીએમઝેડ) નોટિફિકેશનને આખરી ઓપ આપવા માટે પ્રો. એમ.એસ. સ્વામીનાથનના વડપણ હેઠળ રચાયેલી નિષ્ણાતોની સમિતિની તા. ૨૭ જૂન, ૨૦૦૯ના રોજ યોજાયેલી પ્રથમ બેઠકની વિગતો. બેઠકનું સ્થળ : રૂમ નં. ૪૦૨, ચોથો માળ, પર્યાવરણ અને વન મંત્રાલય, પર્યાવરણ ભવન, સીજીઓ કોમ્પલેક્ષ, લોધી રોડ, નવી દિલ્હી.**

(૧) ૨૭ જૂન, ૨૦૦૯ના રોજ પર્યાવરણ અને વન મંત્રાલય ખાતે પ્રો. એમ.એસ. સ્વામીનાથનના વડપણ હેઠળ સીએમઝેડ નોટિફિકેશનને આખરી ઓપ આપવા માટે નિષ્ણાતોની સમિતિની બેઠક યોજાઈ હતી. બેઠકમાં ઉપસ્થિત રહેનારાનાં નામ છેલ્લે નોંધાયેલાં છે.

(૨) સમિતિના અધ્યક્ષે સૌને આવકાર્યા બાદ પર્યાવરણ અને વન મંત્રાલય દ્વારા અપાયેલી બે સંદર્ભ શરતો – ૧. પ્રાપ્ત થયેલ ટિપ્પણીઓને ચકાસવી. ૨. નીતિ અને કાયદાકીય માળખું ઘડવા માટે સલાહ પૂરી પાડવી. ટૂંકમાં માહિતી આપીને શું કરવાનું છે તેની વાત કરી.

(૩) અધ્યક્ષે પોતાના પ્રારંભિક વક્તવ્યમાં કોઈ પણ નોટિફિકેશન માટે અહીં જણાવેલી બાબતો ખૂબ અગત્યની હોવા પર ભાર મૂક્યો હતો :

(ક) માછીમાર અને અન્ય સમુદાયોની આજીવિકાને મજબૂત કરવી અને તેનું રક્ષણ કરવું.

(ખ) જૈવિક વનસ્પતિ અને જૈવવૈવિધ્યની જાળવણી કરીને દરિયાકાંઠાના વિસ્તારોની પર્યાવરણીય સલામતી મજબૂત થવી જોઈએ.

(ગ) રામસર સ્થાનક અને ઓલિવ રીડલી બ્રિડિંગ ગ્રાઉન્ડ સહિતના પરંપરાગત અને કુદરતી વારસાની જાળવણી થવી જોઈએ.

(ઘ) ગ્લોબલ વોર્મિંગ તેમજ વારંવાર આવતાં તોફાની વાવાઝોડાં અને સુનામી જેવા પડકારોને પહોંચી વળે, એ રીતે દરિયાકાંઠાના લોકોને મજબૂત કરવા જોઈએ.

(૪) અધ્યક્ષે પ્રારંભિક વક્તવ્ય બાદ પર્યાવરણ અને વન પ્રધાન માનનીય શ્રી જયરામ રમેશને સમિતિને ઉદ્‌બોધન કરવા વિનંતી કરી. પ્રધાનશ્રીએ સમિતિના સભ્યોને આવકાર્યા અને અધ્યક્ષના વક્તવ્યમાં સૂર પુરાવતા જણાવ્યું કે દરિયાકાંઠે વસતા માછીમાર અને અન્ય સમુદાયોનું કલ્યાણ થાય એ જ નવા નોટિફિકેશનનો પાયો હોવો જોઈએ. પ્રધાશ્રીએ ટૂંકમાં વાત પતાવીને સમિતિના સભ્યોનો આભાર માની સચિવ વિજય શર્મા સાથે બેઠકમાંથી રજા લીધી.

(૫) અધ્યક્ષે અધિક નિયામક ડો. એ. સેન્થિલ વેલને વિસ્તૃત પ્રેઝન્ટેશન માટે વિનંતી કરી. ડો. એ. સેન્થિલ વેલે પોતાના પ્રેઝન્ટેશનમાં સીઆરઝેડ નોટિફિકેશન, સીએમઝેડ નોટિફિકેશન સાથે સંકળાયેલા મુદ્દાઓ રજૂ કર્યા અને સીએમઝેડ નોટિફિકેશનના મુસદ્દા અંગે મળેલાં સૂચનો અને વાંધાઓની વિગતવાર ચર્ચા કરી. નોટિફિકેશન અંગે પ્રાપ્ત થયેલાં મંતવ્યોનું સંપાદન, નેશનલ ફિશવર્કર્સ ફોરમનો ૨૭ જૂન, ૨૦૦૯ના પત્ર, કેરળ સરકારનાં મત્સ્ય અને નોંધણી મંત્રી તરફથી મળેલો ૯ જૂન, ૨૦૦૯નો પત્ર, ગોવાના મુખ્યમંત્રીનો ૧૦ જૂન, ૨૦૦૯નો પત્ર, બેઠક દરમિયાન સભ્યોને વિતરિત થયાં. સાથે સાથે આંદામાન-નિકોબાર અને લક્ષ્યદ્વીપ ટાપુઓના વ્યવસ્થાપન પરના નોટિફિકેશનનો મુસદ્દો પણ અપાયો.

(૬) પ્રેઝન્ટેશન બાદ અધ્યક્ષે પર્યાવરણ શિક્ષણ કેન્દ્રના નિયામક અને બેઠક માટે ખાસ આમંત્રિત શ્રી કાર્તિકેય વિ. સારાભાઈને પોતાની વાત રજૂ કરવા આમંત્રિત કર્યા. સીએમઝેડ નોટિફિકેશન, ૨૦૦૮ના મુસદ્દા અંગે સ્થાનિક સમુદાયો સાથે ચર્ચા-બેઠકો યોજીને તેનો અહેવાલ પર્યાવરણ અને વન મંત્રાલયને સોંપવાની જવાબદારી સીઈઈને આપવામાં આવી હતી. શ્રી કાર્તિકેયભાઈ દ્વારા સીએમઝેડ, ૨૦૦૮ નોટિફિકેશનના મુસદ્દા પરની ચર્ચા બેઠકોમાં ઊભા થયેલા મુદ્દાઓની જાણ કરવામાં આવી. શ્રી કાર્તિકેયભાઈ દ્વારા રજૂ કરવામાં આવેલાં સૂચનો અને વાંધાઓમાંના મુખ્ય મુદ્દાઓ આ મુજબ હતા :

(ક) સીઆરઝેડને જાળવી રાખવામાં આવે અને તેમાં સુધારા કરવામાં આવે. સેટબેક લાઈન, ઈકોલોજિકલ સેન્સિટિવ વિસ્તારો, ઈન્ટિગ્રેટેડ કોસ્ટલ ઝોન મેનેજમેન્ટ પ્લાન અને મેનેજમેન્ટની કાર્યપદ્ધતિ વગેરે વિશે વધારે સ્પષ્ટતા કરવામાં આવે.

(ખ) કેટલાક સુધારાઓ કરવામાં આવે તથા તેનું ઉલ્લંઘન કરનારાઓને દંડિત કરવામાં આવે તો હયાત સીઆરઝેડ નોટિફિકેશનમાં કોસ્ટલ ઝોનનું વ્યવસ્થાપન કરી શકવાનો પૂરતો અવકાશ છે.

(ગ) સીએમઝેડ નોટિફિકેશન, ૨૦૦૮ના માળખાના ઘડતરની સમગ્ર પ્રક્રિયામાં સંબંધિત જુદાં જુદાં જૂથો, ખાસ કરીને સ્થાનિક સમુદાયોને સહભાગી બનાવવામાં આવે.

(ઘ) સીએમઝેડ, ૨૦૦૮ નવી વ્યવસ્થાપકીય કાર્યપદ્ધતિ દાખલ કરે છે, જે વસ્તુલક્ષી અર્થઘટનો માટે ખુલ્લી છે અને

તેનો ઉપયોગ કોર્પોરેટ પ્રવૃત્તિને કાયદેસરતા બક્ષવામાં થઈ શકે.

(ચ) સીઍમઝેડ નોટિફિકેશન, ૨૦૦૮ સેઝને પ્રોત્સાહન આપે છે, એનો અર્થ એ થયો કે સ્થાનિક લોકોના મૂળભૂત અધિકારોને ધ્યાનમાં રાખ્યા વિના ઔદ્યોગિક ક્ષેત્ર માટે દરિયાકાંઠાનાં સંસાધનો ખુલ્લા મુકાશે.

(છ) પ્રસ્તાવિત સીએમઝેડમાં વ્યવસ્થાપકીય કાર્યપદ્ધતિ અને માળખામાં સ્થાનિક તંત્રો અને રાજ્ય સરકારોની ભૂમિકા પર પૂરતું ધ્યાન અપાયું નથી. સ્થાનિક લોકોને તેમની આજુબાજુમાં આકાર લેતી ઈન્ટિગ્રેટેડ કોસ્ટલ ઝોન મેનેજમેન્ટ યોજનાની પ્રક્રિયામાં સામેલ થવાના મૂળભૂત અધિકાર અને તકો છીનવી લેવામાં આવી છે.

(જ) સીઆરઝેડ નોટિફિકેશન, ૧૯૯૧માં કરાયેલા સુધારાએ મૂળભૂત ઉદ્દેશને પરિપૂર્ણ થવા દીધો નથી. એ જોતાં સીઆરઝેડ નોટિફિકેશન, ૨૦૦૮માં પણ જે સુધારા થશે તે માછીમારોને અસર કરશે.

(ઝ) દરિયાકાંઠાના પર્યાવરણની જાળવણી અને સ્થાનિક લોકોના અધિકારના રક્ષણ માટે કોસ્ટલ મેનેજમેન્ટનું ન્યાયતંત્ર કે કોઈ કાયદો હોવો જરૂરી છે, ધારાસભાના ચૂંટાયેલા સભ્યોએ આવા કોઈ કાયદા માટે કોસ્ટલ પોલિસી પર ચર્ચા શરૂ કરવી જોઈએ.

(ટ) તેમણે નવા સીએમઝેડ નોટિફિકેશનમાં શિક્ષણ, સામાજિક જાગૃતિ, નિયમન અને લોકભાગીદારીને સામેલ કરવા પર પણ ભાર મૂક્યો.

(૭) શ્રી સારાભાઈએ પોતાની વાત પૂરી કરતાં જણાવ્યું કે માછીમારો સીઆરઝેડ નોટિફિકેશન, ૧૯૯૧ની તરફેણમાં છે. કારણ કે તેમાં ૫૦૦ મીટરની હદ બાંધેલી છે, જે જોઈ શકાય છે અને તેઓ એ મુજબ જરૂરી પગલાં ભરી શકે છે. તેમણે અહેવાલને જાહેરમાં રજૂ કરવાની મંજૂરી આપવા માટે પર્યાવરણ અને વન મંત્રાલયને વિનંતી કરી.

(૮) સાયન્સ અને ટેકનોલોજી, પર્યાવરણ અને વન પરની સંસદીય સમિતિ દ્વારા રજૂ કરાયેલાં નિરીક્ષણોની ચર્ચા થઈ. તેમની ભલામણો આ મુજબછે :

(ક) નીતિ ઘડતરમાં ટોચથી તળિયાને બદલે તળિયેથી ટોચનાં સિદ્ધાંતને વળગીને લોકોની ભાગીદારી ઊભી કરવી.

(ખ) દેશના સમગ્ર દરિયાકાંઠા માટે એક સામાન્ય મેનેજમેન્ટ પ્લાન પર સારી રીતે કામ ન થઈ શકે. એવું લાગે છે કે જુદાં જુદાં રાજ્યો લોકોની જુદી જુદી તાસિર અને સંસ્કૃતિને અનુરૂપ માળખું તૈયાર કરે. વધુમાં ઈન્ટિગ્રેટેડ પ્લાનના ઘડતરમાં રાજ્ય સરકારની પૂરતી સહભાગિતા હોવી જોઈએ.

(ગ) એનજીઓ, માછીમારોને નેશનલ બોર્ડ ફોર સસ્ટેનેબલ કોસ્ટલ ઝોન મેનેજમેન્ટમાં સામેલ કરવા.

(ઘ) દરિયાકાંઠાના સમુદાયોના ગરીબ અને વંચિત વર્ગના લોકોની નિસબત દેખાવી જોઈએ અને નીતિ ઘડતરમાં તેમના પર ધ્યાન અપાવું જોઈએ.

(ચ) માછીમાર લોકો/દરિયાકાંઠાના સમુદાયોનાં હિતો અંગેના પ્રશ્નો પર ધ્યાન અપાયા વિના સીએમઝેડ નોટિફિકેશનનો અમલ કરાવવાની ઉતાવળ ન કરવી જોઈએ.

(છ) ભાગીદારી, નિર્ણય પ્રક્રિયા અને નિયંત્રક ઉપકરણો થકી દરિયાકાંઠાના લોકોને માળખામાં સાંકળવામાં ન આવે ત્યાં સુધી સીએમઝેડને લાગુ ન પાડવું.

(૯) સીએમઝેડ નોટિફિકેશનના અમલીકરણ સંદર્ભે બોલતાં સેન્ટર ફોર સાયન્સ એન્ડ ટેકનોલોજીનાં નિયામક સુશ્રી સુનિતા નારાયણે સમિતિને જાણકારી આપી કે સમગ્ર મ્યુનિસિપલ વિસ્તારનું નિયમન કરવાનું કામ મંત્રાલય માટે ખૂબ અઘરું છે. તેથી તેમનું મંતવ્ય હતું કે ચિંતાના મુખ્ય મુદ્દાઓને લગતા કેટલાક સુધારા કરીને સીઆરઝેડ નોટિફિકેશનના ૫૦૦ મીટરને વળગી રહેવું જોઈએ.

(૧૦) અર્થ સાયન્સીસ મંત્રાલયના સચિવ ડો. શૈલેષ નાયકે દરિયાનો વિસ્તાર પણ આવરી લેવાના મંત્રાલયના પગલાંને આવકાર્યું હતું.

(૧૧) અધિક સચિવશ્રી જે.એમ. મૌસકરે જણાવ્યું કે હયાત સીઆરઝેડ નોટિફિકેશન વિશે દરિયાકાંઠે વસતા લોકો સારી રીતે જાણે છે અને હજી પ્રયોગાત્મક ધોરણે હોય તેવો નવો ખયાલ (કોન્સેપ્ટ) લાવવાને બદલે સીઆરઝેડમાં જ જરૂરી સુધારાઓ કરવા જોઈએ.

(૧૨) કોસ્ટલ સિસ્ટમ રિસર્ચ, એમ.એસ.એસ.આર.એફ.ના નિયામક ડો. વી. સેલ્વને ધ્યાન દોર્યું કે માછીમારો તરફ ધ્યાન અપાયું નથી. સીએમઝેડ સીઆરઝેડના ઉલ્લંઘનોને કાયદેસર કરી નાખશે, દરિયાકાંઠે વિકાસને પ્રોત્સાહન આપવા માટે માછીમારો અને તેમનાં રહેઠાણોનું સ્થળાંતર કરાશે.

(૧૩) વિસ્તૃત ચર્ચાને અંતે સમિતિ દ્વારા અહીં રજૂ કરેલ અગત્યના નિર્ણયો / મુદ્દાઓ ધ્યાનમાં લીધા છે :

(૧) સીએમઝેડ નોટિફિકેશનથી સ્થાનિક લોકો અજાણ છે અને તેની વૈજ્ઞાનિક પરિભાષાઓ અસ્પષ્ટ છે અને તે તેના દુરુપયોગ અને પસંદગીના અર્થઘટનને પ્રેરી શકે છે.

(૨) સીએમઝેડ નોટિફિકેશનનો મુખ્ય ભાર જોખમગ્રસ્ત રેખાના નિર્ધારણ પર છે, જેનો આધાર ચાર માપદંડો છે. જેવા કે ૧) ભરતી, ૨) મોજાંઓ, ૩) હયાત કુદરતી પરિબળો અને ગ્લોબલ વોર્મિંગને કારણે દરિયાની

સપાટીમાં વધારો અને ૪) દરિયાના કિનારાની વધઘટ. આ માપદંડોના આધારે વિસ્તાર મુજબ જોખમગ્રસ્ત રેખા બદલાતી રહે. આમ, જ્યાં સુધી આ રેખાનું નિર્ધારણ ન થઈ જાય ત્યાં સુધી સમુદાયો અને અન્ય સંબંધિત લોકો માટે સીએમઝેડના નિયમોને વળગી રહેવું મુશ્કેલ થઈ પડે. જોખમગ્રસ્ત રેખાનું નિર્ધારણ થાય ત્યાં સુધીના ગાળામાં નિયમોના ઉલ્લંઘનના કિસ્સાઓ વધી શકે અને મોટા પાયે વિકાસનાં કાર્યો થવા માંડે.

(૩) દરિયાના પાણી તરફના અમુક વિસ્તાર સુધી દરિયાકાંઠાનું વ્યવસ્થાપન વ્યાપક બને તેની સાથે સહમતી છે. પર્યાવરણની દ્રષ્ટિએ સંવેદનશીલ વિસ્તારોની જાળવણી અને બચાવ માટે જમીનની જેમ દરિયાના વિસ્તારમાં પણ નિયમન થવું જરૂરી છે.

(૪) સન્ડર્બન્સન વિસ્તાર માત્ર ઈકોલોજીની દ્રષ્ટિએ જ સંવેદનશીલ નથી, પરંતુ ત્યાં દરિયાની સપાટી વધવાનું જોખમ પણ છે અને તાજેતરમાં આઈલા વાવાઝોડાથી તેને ખૂબ નુકસાન પહોંચ્યું હોવાથી તેના પર ખાસ ધ્યાન આપવાની જરૂર છે. સન્ડર્બન્સમાં રહેનારા લોકોને પણ જાનમાલની ભારે ખુંવારી ખમવી પડી છે.

(૫) ચિલકા, પુલિકટ, પિચવરમ, મણારનો અખાત, વેમ્બાનદ, કોરિંગા, કચ્છનો અખાત જેવા ઈકોલોજીની દ્રષ્ટિએ સંવેદનશીલ વિસ્તારોની વિશેષ જાળવણી માટે વધુ ધ્યાન આપવાની જરૂર છે. સમિતિની ચર્ચામાં આવા વિસ્તારોને ગંભીરપણે જોખમગ્રસ્ત દરિયાકાંઠાના વિસ્તારો જાહેર કરવાની જરૂર છે, જેથી તેની જાળવણી અને રક્ષણ માટે વ્યવસ્થાપકીય યોજના તૈયાર થાય.

(૬) સેન્ટર ફોર એન્વાયર્નમેન્ટ એન્ડ ડેવલપમેન્ટ (સીઈડી)ને મંત્રાલયે ઈકોલોજીની દ્રષ્ટિએ સંવેદનશીલ વિસ્તારો અને તેની જૈવિક સરહદોના નિર્ધારણ માટેનું વ્યવસ્થાપન ગોઠવવાના હેતુથી સોંપાયેલા કામ અંગે પણ ચર્ચા થઈ હતી. સમિતિએ સીઈડી તરફથી વહેલામાં વહેલી તકે અહેવાલ મળે એ માટે તાકિદ કરી હતી.

(૭) દરિયાકાંઠો ખાસ કરીને બીચ જમીનના ધોવાણ અને દરિયાનો કિનારો બદલાતો રહેવાના ગંભીર પ્રશ્નનો સામનો કરી રહ્યા છે, એ બાબતે સૌ એકમત હતા. આનું કારણ કુદરતી અથવા તો બંદર, બારા, ડક્કાઓનાં બાંધકામ, દરિયાકાંઠાની જમીનના રક્ષણનાં પગલાં વગેરે હોઈ શકે. કેન્દ્ર સરકાર કે રાજ્ય સરકારે, આવનારાં વર્ષોમાં કેટલાંક બંદર અને બારાઓ બાંધવાનું આયોજન કર્યું છે, તેના પણ સંકેત મળે છે. વૈજ્ઞાનિક અભ્યાસ વિના આવાં મોટાં બાંધકામ થશે તો તેની ઘણી ખરાબ અસર પડશે. સમગ્ર દરિયા કિનારે વ્યક્તિગત પ્રોજેક્ટની શું અસર થઈ શકે, તેનો અભયાસ કરવાની જરૂરિયાત અંગે પણ ચર્ચા થઈ. સમિતિ દ્વારા જે સૂચનો કરવામાં આવ્યાં છે, તેની ગંભીરતાને ધ્યાનમાં રાખીને મંત્રાલયે આવા પ્રોજેક્ટની અસરનો અભ્યાસ કરાવવો જોઈએ અને બીચ તથા દરિયા કિનારાને થતા નુકસાનને અટકાવવા નીતિમાં પણ બદલાવ કરવો પડે.

(૮) આંદામાન-નિકોબાર અને લક્ષ્યદ્વીપના ટાપુઓના રક્ષણ માટે તેને અન્ય દરિયાકાંઠાથી અલગ રીતે જોઈ શકાય. આ કિસ્સામાં સીઆરઝેડ નોટિફિકેશનથી તેને મુક્ત કરવાનું પણ વિચારી શકાય. આ આઈલેન્ડ પ્રોટેક્શન ઝોન (આઈપીઝેડ) નોટિફિકેશનનો આધાર અધ્યક્ષના પ્રારંભિક વક્તવ્યમાં રજૂ કરાયેલા સિદ્ધાંતો પર હોઈ શકે અને પછી તેના પર વિશેષ ચર્ચા કરી શકાય. સમિતિએ અન્ય બેઠકમાં આ બાબતે વધુ ચર્ચા માટેની તૈયારી બતાવી.

(૧૪) સમિતિએ ઈચ્છા વ્યક્ત કરેલી કે એવો ચાર્ટ તૈયાર કરવામાં આવે જેમાં સીએમઝેડની જોગવાઈઓ, સંબંધિત પક્ષો તરફથી જોગવાઈઓ સંદર્ભે આવતી ટિપ્પણીઓ, તેમાં કરાયેલા ફેરફારો, અને મળેલી ટિપ્પણીઓને કઈ રીતે સમાવવામાં આવે છે, તે દર્શાવવામાં આવે.

(૧૫) સમિતિ સીઈઈ દ્વારા યોજાયેલી સ્થાનિક લોકો અને એનજીઓ સાથેની ચર્ચા-બેઠકોના અહેવાલનો સાર મંત્રાલયની વેબસાઈટ પર મુકાય એવું ઈચ્છે છે.

(૧૬.૧) સલાહકાર ડો. નૈની ભાટે સમિતિને જણાવ્યું કે કેન્દ્રીય માહિતી પંચ તરફથી હુકમ થયેલો છે કે મંત્રાલયે નોટિફિકેશનના મુસદ્દાને પણ લોકોનાં મંતવ્યો મેળવવા માટે જાહેર કરવો પડે.

(૧૬.૨) સમિતિનો દ્રષ્ટિકોણ એવો રહ્યો કે સ્થાનિક લોકો અને એનજીઓને સાંભળવાની જરૂર છે. તેથી એવું નક્કી થયું કે જે કોઈ માછીમારો કે એનજીઓએ સીએમઝેડ અંગે પોતાનાં મંતવ્યો અને વાંધાઓ રજૂ કર્યાં છે. તે બધાને મંત્રાલયમાં બોલાવવામાં આવે સમિતિ તેમને સાંભળે. આ માટે ૧૧ જુલાઈ, ૨૦૦૯ના રોજ મંત્રાલય ખાતે માછીમારો અને એનજીઓ સાથે એક આખા દિવસની બેઠક બોલાવવાનું નક્કી થયું.

(૧૬.૩) કેન્દ્ર અને રાજ્ય સરકારોને મળીને ચર્ચા કરવાનું પણ નક્કી કરાયું. સમિતિએ ૭ જુલાઈ, ૨૦૦૯ના રોજ પર્યાવરણ અને વન મંત્રાલય ખાતે કેન્દ્ર અને રાજ્ય સરકારોને બપોર પછીના સમયમાં મળવાનું નિર્ધારિત કર્યું.

(૧૬.૪) વધુમાં, ચેમ્બર ઓફ કોમર્સ, ઔદ્યોગિક સંગઠનો વગેરેને સાંભળવાનું પણ નક્કી કર્યું અને ૮ જુલાઈ, ૨૦૦૯ના રોજ પર્યાવરણ અને વન મંત્રાલય ખાતે બપોર પછીના સમયમાં મળવાનું ગોઠવાયું.

બેઠકની આખરમાં આભારવિધિ કરવામાં આવ્યો.

**ભાગ લેનારની યાદી**

(૧) પ્રો. એમ. એસ. સ્વામીનાથન, ચેરમેન, એમ. એસ. સ્વામીનાથન રીસર્ચ ફાઉન્ડેશન, (એમએસએસઆરએફ), ૩, ક્રોસ સ્ટ્રીટ, ઈન્સ્ટીટ્યુશનલ વિસ્તાર, તારામણી, ચેન્નઈ.

(૨) ડો. શૈલેષ નાયક, સેક્રેટરી, મહાસાગર વિકાસ વિભાગ, મહાસાગર ભવન, બ્લોક – ૧૨, સી.જી.ઓ. કોમ્પલેક્ષ, લોધી રોડ, નવી દિલ્હી – ૧૧૦૦૦૩.

(૩) સુશ્રી સુનિતા નારાયણ, નિયામક, પર્યાવરણ એન્ડ સાયન્સ સેન્ટર, ૪૧, તુઘલકબાદ ઈન્સ્ટીટ્યુશન વિસ્તાર, નવી દિલ્હી – ૧૧૦૦૬૨.

(૪) શ્રી જે. એમ. મૌસકર, અધિક સચિવ, પર્યાવરણ અને વન મંત્રાલય, નવી દિલ્હી.

(૫) ડો. નૈની ભાટ, સલાહકાર, પર્યાવરણ અને વન મંત્રાલય, નવી દિલ્હી.

(૬) શ્રી કાર્તિકેય વિ. સારાભાઈ, નિયામક, પર્યાવરણ શિક્ષણ કેન્દ્ર, અમદાવાદ.

(૭) ડો. વી. સેલ્વમ, ડિરેક્ટર, કોસ્ટલ સિસ્ટમરિસર્ચ,
એમ.એસ. સ્વામીનાથન રીસર્ચ ફાઉન્ડેશન (એમએસએસઆરએફ)
૩, ક્રોસ સ્ટ્રીટ, તારામણી ઈન્સ્ટીટ્યુશનલ વિસ્તાર, ચેન્નઈ.

(૮) શ્રી પી. મહેશ્વરન, ડિરેક્ટર. મહાસાગર વિકાસ વિભાગ, મહાસાગર ભવન, બ્લોક – ૧૨, સી.જી.ઓ. કોમ્પલેક્ષ, લોધી રોડ, નવી દિલ્હી – ૧૧૦૦૦૩.

(૯) ડો. એ.સેન્થિલ વેલ, અધિક નિયામક, પર્યાવરણ અને વન મંત્રાલય, નવી દિલ્હી.

**સીએમઝેડ નોટિફિકેશનને આખરી ઓપ આપવા પ્રો. એમ.એસ. સ્વામીનાથનના વડપણ હેઠળ નિષ્ણાતોની સમિતિની બીજી બેઠક ૭ જુલાઈ, ૨૦૦૯ના રોજ યોજવામાં આવી તેની વિગતો. બેઠકનું સ્થળ-રૂમ નંબર : ૪૦૩, ચોથો માળ, પર્યાવરણ અને વન મંત્રાલય, પર્યાવરણ ભવન, સીજીઓ કોમ્પલેક્ષ, લોધી રોડ, નવી દિલ્હી ખાતે મળી હતી.**

(૧) સીએમઝેડ આખરી ઓપ આપવા માટે નિષ્ણાત સમિતિની બીજી બેઠક પ્રો. એમ. એસ. સ્વામીનાથનની અધ્યક્ષતામાં ૭ જુલાઈ, ૨૦૦૯ના રોજ યોજવામાં આવી. સમિતિની બીજી બેઠક કેન્દ્ર અને રાજ્ય સરકારો / એજન્સીઓનાં સૂચનો અને વાંધાઓ સાંભળવા માટે બોલાવવામાં આવી હતી. બેઠકમાં ભાગ લેનારાનાં નામ આખરમાં જણાવ્યા છે. કેન્દ્ર અને રાજ્ય સરકારો તરફથી મળેલાં મંતવ્યોનું સંપાદન હાજર સભ્યોને વહેંચવામાં આવ્યું.

(૨) પ્રથમ બેઠકની વિગતો ધ્યાનમાં રાખવામાં આવી અને સભ્યોએ કરેલી નોંધો, કેટલાક ફેરફારોને ધ્યાનમાં લેવામાં આવ્યા.

(૩) અધ્યક્ષે કેન્દ્રીય મંત્રાલયો અને રાજ્ય સરકારો/એજન્સીઓના અધિકારીઓનું સ્વાગત કર્યું અને સીએમઝેડ પરની તેમની ટિપ્પણીઓ રજૂ કરવા આમંત્ર્યા.

(૪) ન્યૂક્લિયર પાવર કોર્પોરેશન ઈન્ડિયા લિમિટેડના અધિકારીએ જણાવ્યું કે દરિયાની બહાર અને અંદર એમ બન્ને જગ્યાએ ન્યૂક્લિયર પાવર જનરેશન, એટમિક ખનીજના ખનન માટે સીએમઝેડમાં ખાસ જોગવાઈઓ કરવાની જરૂર છે. એવો ઉલ્લેખ પણ કરાયો કે થોરિયમનો જથ્થો બીચ પર મળે છે અને તેને જાત મહેનતે ખોદીને કાઢવો પડે છે, તેથી તમામ દરિયાકાંઠાના વિસ્તારોમાં ખનન કરવાની પરવાનગી મળવી જોઈએ. સમિતિ સમક્ષ એવો ઉલ્લેખ પણ કરાયો કે એક વખત ન્યૂક્લિયરની સુવિધા નખાયા પછી ન્યૂક્લિયરના સ્થાનની આજુબાજુ માછીમારી માટે કોઈ નિયંત્રણ રાખવાની જરૂર નથી. વધુમાં, ન્યૂક્લિયર પ્લાન્ટમાંથી વહેતા ઠંડાં પાણીથી માછીમારીને કોઈ અસર પડ્યાનું નોંધાયું નથી. એનપીસીઆઈએલની વિનંતી છે કે નોટિફિકેશનમાં જે સંરક્ષણ પ્રોજેક્ટની નોંધ છે એવી જ ટ્રીટમેન્ટ પરમાણુ ઊર્જા વિભાગના પ્રોજેક્ટને મળવી જોઈએ. ડીએઈનાં ઈન્ટિગ્રેટેડ કોસ્ટલ ઝોન મેનેજમેન્ટ પ્લાન તેમણે જ ઘડેલા હોય અને તેના સંદર્ભે એક જ વાર પર્યાવરણ અને વન મંત્રાલય પાસેથી બહાલી લેવી જરૂરી હોય.

(૫) વહાણવટા મંત્રાલયમાંથી આવેલા અધિકારીએ સમિતિ સમક્ષ રજૂઆત કરી કે સીઆરઝેડ – ૧માં ગ્રીનફીલ્ડ એરપોર્ટને જે મંજૂરી મળે છે તે બંદરો અને બારાઓ માટે પણ આપવામાં આવે. વહાણવટા મંત્રાલય ઈન્ટિગ્રેટેડ કોસ્ટલ ઝોન મેનેજમેન્ટ પ્લાનમાં મોટા વિસ્તાર માટે તૈયારી કરે અને પ્લાનને માટે માત્ર એક જ વખત મંજૂરી લેવાની જરૂર પડે. ચર્ચામાં એવો ઉલ્લેખ કરાયો કે હયાત પોર્ટની આજુબાજુમાં જ નવું પોર્ટ સ્થાપવામાં તેની સાથે ચર્ચા વિચારણા કરાતી નથી. સમિતિને જણાયું કે આવો ચર્ચા – સહકારનો પોર્ટ ઓથોરિટીનો અભાવ ગંભીર બાબત છે અને તેના કારણે મોટાં બાંધકામો થતાં તે દરિયાકાંઠાને મોટું નુકસાન પહોંચાડી શકે છે. આ બાબતે સમિતિએ સ્પષ્ટ કર્યું કે દરિયાકાંઠાના વિસ્તારોમાં આવા વિકાસથી થયેલી અસરને સમજવા વિગતવાર અભ્યાસ થવો જોઈએ.

(૬) શહેરી વિકાસ મંત્રાલયની નગર અને દેશ આયોજનની કચેરીમાંથી આવેલા અધિકારીએ સૂચવ્યું કે અમુક નિયત સમયગાળામાં સેટબેક લાઈન નિર્ધારિત થઈ જવી જોઈએ અને દરિયાની વધતી સપાટી અને સ્થાનિક બાબતો જેવા માપદંડોના આધારે તેનું નિર્ધારણ થવું જોઈએ. તેમણે એવું સૂચન પણ કર્યું કે આંદામાન અને નિકોબારના ટાપુઓ અને માછીમારોના આદિવાસી નેતાઓને નેશનલ બોર્ડ ફોર સસ્ટેનેબલ કોસ્ટલ ઝોન મેનેજમેન્ટમાં સામેલ કરવા જોઈએ.

(૭) કૃષિ મંત્રાલયના અધિકારીએ જણાવ્યું કે મરીકલ્ચર અને એક્વાકલ્ચરની પ્રવૃત્તિઓનું નિયમન કોસ્ટલ એક્વાકલ્ચર એક્ટ મુજબ થવું જોઈએ. એક્વાકલ્ચર ઓથોરિટીના સભ્યને પણ નેશનલ બોર્ડ ફોર સસ્ટેનેબલ કોસ્ટલ ઝોન મેનેજમેન્ટમાં સામેલ કરવા. માછીમારી માટેના બારાઓના બાંધકામ પર નોટિફિકેશનમાં મનાઈ ફરમાવાઈ છે, તેમાં સુધારો કરવાની વિનંતી છે.

(૮) લોકસભાના સભ્ય લાલુભાઈ પટેલ દમણ અને દિવના વહીવટદારને બદલે આવ્યા હતા. તેમણે જણાવ્યું કે દમણ અને દિવમાં દરિયાકાંઠો ઘણાં સાંકડો છે એક તરફ દરિયો છે તો બીજી તરફ કેટલીક નદીઓ અને જમીન વિસ્તારમાં ક્રિક આવેલી છે. સીઆરઝેડના નિયમો દમણ અને દિવના વિકાસને અસર કરશે. તેમણે દમણ અને દિવમાં જ્યાં વન વિસ્તાર છે તેને સીઆરઝેડ – ૧માં મૂકવાને બદલે સીઆરઝેડ – ૨ માં મૂકવા વિનંતી કરી હતી. તેમણે સીઆરઝેડ વિસ્તારમાં અંતિમવિધિ માટેનું સ્થળ ઊભું કરવાની પરવાનગી આપવા વિનંતી કરી હતી.

(૯) ગુજરાત સરકાર તરફથી આવેલા નંદાએ સૂચવ્યું હતું કે સેટબેક લાઈનના નિર્ધારણમાં ઘણો સમય જશે એટલે સેટબેક લાઈનનું નિર્ધારણ થાય ત્યાં સુધી સીએમઝેડ લાદી શકાશે નહીં. તેથી આ ગાળામાં નિયંત્રણના અભાવે ઉલ્લંઘનો વધી શકે છે. તેમણે દરિયાના પાણી સુધી કોસ્ટલ મેનેજમેન્ટની હદ વધારવાની બાબતને વધાવી લીધી હતી. તેમણે એવું પણ સૂચવ્યું હતું કે તમામ પ્રકારની મેન્ગ્રોવ્ઝને ખલેલ ન પહોંચાડવી જોઈએ અને મેન્ગ્રોવ્ઝની જાળવણીમાં લોકોની ભાગીદારી ઊભી કરવી જોઈએ. તેમણે દર્શાવ્યું કે દરિયાકાંઠાના વિસ્તારમાં કોઈ પ્રોજેક્ટ માટે લેવી પડતી જુદી જુદી ચાર એજન્સીઓની સ્વીકૃતિવાળી વાત ખૂબ જ સમય માગી લેશે. તેમણે બહાલી માટે સિંગલ

વિન્ડો પદ્ધતિ દાખલ કરવા વિનંતી કરી હતી.

(૧૦) કર્ણાટકના અધિકારીએ જોખમગ્રસ્ત લાઈન અમુક થોડા સમયમાં રેખાંકિત કરવાની બાબતે પોતાનો મત વ્યક્ત કર્યો હતો. તેમણે મેરીટાઈમ રાજ્યોને નેશનલ બોર્ડમાં સમાવવાની અને આયોજનો તથા દરિયાકાંઠાની યોજનાઓને બહાલી આપવામાં કોસ્ટલ ઝોન મેનેજમેન્ટ ઓથોરિટીને સીએમઝેડ – ૨ માં મૂકાતા વિસ્તાર માટે તેની વસ્તીની ઘનતાના માપદંડ અંગે શુભેચ્છા પાઠવીને તાજેતરનો ૨૦૦૦નો સેન્સસ ધ્યાનમાં લેવા સૂચવ્યું હતું. બહાલી માટે સિંગલ વિન્ડો પદ્ધતિની તરફેણ કરી હતી.

(૧૧) તામિલનાડુ સરકારમાંથી આવેલા શ્રી અન્ના મલાઈએ ઉલ્લેખ કર્યો કે તામિલનાડુના મુખ્યમંત્રીએ પત્ર લખીને નોટિફિકેશન અંગે લોકોનાં સૂચનો અને વાંધાઓ મેળવવા માટે વધુ સમય માગ્યો છે અને સરકારને પાસે નોટિફિકેશનની તામિલ ભાષામાં આવૃત્તિ ઉપલબ્ધ કરાવવા જણાવ્યું છે. તેમનું સૂચન હતું કે જોખમગ્રસ્ત લાઈનની જમીન તરફનાં વિકાસનાં કામો અટકાવી દેવાથી શહેરોના વિકાસ પર ખરાબ અસર પડશે. વધુમાં, તેમણે એવું સૂચન પણ કર્યું કે વનને લગતી પ્રવૃત્તિઓ માટે બહાલી લેવાની જરૂર ન હોવી જોઈએ.

(૧૨) સીઆઈડીસીઓ તરફથી આવેલા શ્રી જી. એસ. ગિલે સૂચવ્યું છે કે મુંબઈ જેવા મેટ્રોપોલિટન શહેરોને અલગ દરજ્જો અપાવો જોઈએ અને આવા મેટ્રોપોલિટન શહેરોમાં વિકાસને લગતા નિયમનો સ્થાનિક ટાઉન પ્લાનિંગ ઓથોરિટી પર છોડી દેવા જોઈએ. ગ્રામીણ વિસ્તારો તરફથી શહેરોમાં થતાં સ્થળાંતર પર કોઈ નિયંત્રણ નથી ત્યારે વિકાસની પ્રવૃત્તિઓ અટકાવવાની ખરાબ અસર થવા પામશે. પૂરની સ્થિતિમાં તળાવની ક્ષમતા જાળવી રાખવાના હેતુથી તળાવના મેન્ગ્રોવ્ઝને કાપીને તેને મેન્ટેન કરવાની મંજૂરી મળવી જોઈએ. શ્રી ગિલે મુંબઈમાં હાઉસિંગને લગતા પ્રશ્નોની વાત કરીને જણાવ્યું કે મોટા પ્રમાણમાં વસતી ઝૂંપડપટ્ટી અને કાચા મકાનોમાં વસે છે. આ લોકોને ચોખ્ખી જગ્યામાં હાઉસિંગ અને રહેઠાણ માટેની રાષ્ટ્રીય નીતિ મુજબ વસાવવા હોય તો બહુમાળી મકાનો, જે આર્થિક રીતે પણ વ્યવહારુ હોય તે પૂરાં પાડવા જોઈએ માટે માળના બાંધકામ સંદર્ભે કોઈ અટકાવ ન કરવો જોઈએ. તેમનું એવું સૂચન હતું કે જોખમગ્રસ્ત લાઈન નિર્ધારિત કરવામાં સ્પષ્ટ માર્ગરેખાઓ હોવી જોઈએ અને કોઈ એક જ એજન્સીને તેનું કામ સોંપવું જોઈએ જેથી બાદમાં કોઈ પ્રશ્નો ન ઉદ્ભવે. જોખમગ્રસ્ત લાઈનને લગતી માહિતી ડિજિટલ સ્વરૂપમાં અથવા તો લાર્જ સ્કેલના નકશા પર પર્યાવરણ અને વન મંત્રાલયે પૂરી પાડવી.

(૧૩) તમામ અધિકારીઓને સાંભળ્યા બાદ અધ્યક્ષે ખાતરી આપી કે તેમણે આપેલાં મંતવ્યો પર ફરી ફરી વિચારણા કરાશે.

આભાર વિધિ સાથે બેઠક પૂરી થઈ.

## બેઠકમાં સહભાગી થનારની યાદી (૭ જુલાઈ, ૨૦૦૯)

(૧) પ્રો. એસ. એમ. સ્વામીનાથન, ચેરમેન, એસ. એમ. સ્વામીનાથન રીસર્ચ ફાઉન્ડેશન (એમએસએસઆરએફ)
3, ક્રોસ રોડ, ઈન્સ્ટીટ્યુશનલ વિસ્તાર, તારામણી, ચેન્નઈ.

(૨) ડૉ. શૈલેષ નાયક, સેક્રેટરી, મહાસાગર વિકાસ વિભાગ, મહાસાગર ભવન, બ્લોક – ૧૨, સી.જી.ઓ. કોમ્પલેક્ષ,
લોધી રોડ, નવી દિલ્હી – ૧૧૦૦૦૩.

(૩) શ્રીમતી સુનિતા નારાયણ, પર્યાવરણ અને સાયન્સ સેન્ટર, ૪૧, મુઘલકબાદ, ઈન્સ્ટીટ્યુશન વિસ્તાર, નવી દિલ્હી – ૧૧૦૦૬૨.

(૪) શ્રી જે. એમ. મૌસકર, અધિક સચિવ, પર્યાવરણ અને વન મંત્રાલય, નવી દિલ્હી.

(૫) ડૉ. નૈની ભાટ, સલાહકાર, વન અને પર્યાવરણ મંત્રાલય, નવી દિલ્હી.

(૬) ડૉ. એ. સેન્થિલ વેલ, અધિક નિયામક, વન અને પર્યાવરણ મંત્રાલય, નવી દિલ્હી.

(૭) ડૉ. જિતેન્દ્ર સિંગ, એનપીસીઆઈએલ, મુંબઈ.

(૮) શ્રી એ.બી. અવતી, સાયન્ટિફિક ઓફીસર, જી, પરમાણુ ઊર્જા વિભાગ, સ્ટ્રેટેજીક પ્લાનિંગ ગ્રૂપ, અણુશક્તિ ભવન, સી.એસ.એમ. માર્ગ, મુંબઈ – ૪૦૦૦૦૧.

(૯) શ્રી સી.બી. જૈન, પ્રોજેક્ટ ડાયરેક્ટર, (જેએનપીબી), ભારત લિમિટેડનું ન્યૂક્લિયર પાવર કોર્પોરેશન, ૨, ઈએનટી બ્લોક, નુબ, અણુશક્તિ નગર, મુંબઈ.

(૧૦) કેપ્ટન સુભાષકુમાર, ચેરમેન, ચેન્નઈ પોર્ટ ટ્રસ્ટ, ચેન્નઈ, તામિલનાડુ.

(૧૧) સુશ્રી ગીતુ જોષી, નાયબ સચિવ, (બંદર વિકાસ), વહાણવટા મંત્રાલય.

(૧૨) શ્રી જી.પી. રાય, મેનેજર – ૧ (પીપીડી), જ્વાહરલાલ નેહરુ પોર્ટ ટ્રસ્ટ, એડમિનિસ્ટ્રેશન બિલ્ડિંગ, શેવા, તા. ઉરણ, નવી મુંબઈ – ૪૦૦૭૦૭.

(૧૩) શ્રી ઉદિત રાજ, ટાઉન એન્ડ કન્ટ્રી પ્લાનર, ટાઉન એન્ડ કન્ટ્રી પ્લાનિંગ ઓર્ગેનાઈઝેશન, ઈ-બ્લોક, વિકાસ ભવન, આઈપી એસ્ટેટ, નવી દિલ્હી – ૨.

(૧૪) શ્રી સતીશકુમાર પી. એમ., વરિષ્ઠ સિવિલ ઈજનેર, કોચીન પોર્ટ ટ્રસ્ટ.

(૧૫) શ્રી પી. મહેશ્વરન, સાયન્ટીસ્ટ-એફ, અર્થ સાયન્સીસ મંત્રાલય, નવી દિલ્હી.

(૧૬) શ્રી શંકર એલ., નાયબ કમિશનર (માછીમારી બારા), કૃષિ મંત્રાલય, પશુપાલન, ડેરી અને માછીમારી વિભાગ, કૃષિ ભવન, નવી દિલ્હી.

(૧૭) ડૉ. આર. અન્નામલાઈ, નિયામક, પર્યાવરણ વિભાગ, પનાગલ બિલ્ડિંગ્સ, સાઈડેપેટ, ચેન્નઈ, તામિલનાડુ.

(૧૮) શ્રી કંવર પાલ, સત્યવ (ઈકોલોજી અને પર્યાવરણ), કર્ણાટક સરકાર, બેંગલોર.

(૧૯) સુશ્રી ઉમા અડુસુમિલ્લી, વડાં, આયોજન વિભાગ, એમએમઆરડીએ, મુંબઈ.

(૨૦) શ્રી એસ. કે. નંદા, પ્રિન્સિપલ સેક્રેટરી, ગુજરાત.

(૨૧) શ્રી લાલુભાઈ પટેલ, દમણ અને દિવ, લોકસભાના સભ્ય.

(૨૨) શ્રી જી. એસ. ગિલ, વાઈસ સીએમડી, સીઆઈડીસીઓ, નરીમાન પોઈન્ટ, મુંબઈ.

**સીએમઝેડ નોટિફિકેશનને આખરી ઓપ આપવા માટે પ્રો. એમ. એસ. સ્વામીનાથનના વડપણ હેઠળની નિષ્ણાત સમિતિની તા. ૮ જુલાઈ, ૨૦૦૯ના રોજ યોજાયેલી ત્રીજી બેઠકની વિગતો. બેઠકનું સ્થળ : રૂમનંબર - ૪૦૨, ચોથો માળ, પર્યાવરણ અને વન મંત્રાલય, પર્યાવરણ ભવન, સીજીઓ કોમ્પલેક્ષ, લોધી રોડ, નવી દિલ્હી.**

(૧) સીએમઝેડ નોટિફિકેશનને આખરી ઓપ આપવા માટે પ્રો. એમ. એસ. સ્વામીનાથનની અધ્યક્ષતામાં નિષ્ણાતોની ત્રીજી બેઠક ૭ જુલાઈ, ૨૦૦૯ના રોજ પર્યાવરણ અને વન મંત્રાલય ખાતે યોજવામાં આવી હતી. ત્રીજી બેઠકમાં ચેમ્બર ઓફ કોમર્સ, ઔદ્યોગિક મંડળો વગેરેને આમંત્રિત કરાયા હતા. બેઠકમાં ભાગ લેનાર લોકોનાં નામ આખરમાં અપાયાં છે.

(૨) ૨૭ જૂન, ૨૦૦૯ના રોજ યોજાયેલ પ્રથમબેઠકની વિગતો તથા તેની સાથે આઈલેન્ડ પ્રોટેક્શન ઝોન (આઈપીઝેડ)નું નોટિફિકેશન હાજર સૌને વહેંચવામાં આવ્યાં.

(૩) અધ્યક્ષ દ્વારા ઔદ્યોગિક મંડળોના સભ્યોનું સ્વાગત કરાયું અને સીએમઝેડ નોટિફિકેશન, ૨૦૦૮ અંગે તેમનાં મંતવ્યો એક પછી એક રજૂ કરવા માટે આમંત્રણ અપાયું.

(૪) સીઆરઈડીએઆઈ, તામિલનાડુના સભ્યએ સૂચવ્યું કે જોખમગ્રસ્ત લાઈનના નિર્ધારણનું કામ સ્થાનિક તંત્ર પર છોડવું જોઈએ. વધુમાં, સીએમઝેડ નોટિફિકેશનમાં હાઉસિંગ અંગે કોઈ સ્પષ્ટ ઉલ્લેખ કરાયો નથી. તેથી તેનો સમાવેશ થવો જોઈએ. કોસ્ટલ મેનેજમેન્ટ ઝોન – ૨ જાહેર કરવા માટે ચોરસ કિલોમીટર દીઠ ૪૦૦ લોકોની વસતી ઘનતાના માપદંડ સાથે સ્પષ્ટતા રાખવાની વાત તેમણે કરી.

(૫) કેરળ બિલ્ડર એસોસિયેશન તરફથી આવેલા સભ્યે જણાવ્યું કે કેરળમાં બેકવોટર વિસ્તારને અલગથી જોવા પડશે, કારણ કે કેરળમાં દરિયાકાંઠાના વિસ્તાર કરતાં બેકવોટર સાથેનો વિસ્તાર ઘણો મોટો છે અને પાછું આવા વિસ્તારમાં વસતીની ગીચતા વધારે છે. તેમણે મંત્રાલયને સેટબેક લાઈનના નિર્ધારિણ માટે માર્ગરેખાઓ સૂચવીને તેના અમલીકરણની જવાબદારી સ્થાનિક તંત્રો પર છોડવાની વિનંતી કરી.

(૬) સીઆરઈડીએઆઈ, મુંબઈ તરફથી આવેલા સભ્યે દર્શાવ્યું કે મુંબઈમાં ૬૦ ટકા કરતા વધારે લોકો ઝૂંપડપટ્ટીમાં રહે છે અને આશરે ૧૬,૦૦૦ જૂની ઈમારતો સીઆરઝેડ વિસ્તારમાં આવેલી છે. સમયાંતરે આ જૂની ઈમારતો તૂટી પડે છે અને અનેક લોકોનાં મોત થાય છે. ઝૂંપડપટ્ટીમાં રહેનારા તેમજ જૂની ઈમારતોમાં વસતા લોકોને સારાં મકાનો પૂરા પાડવા માટે ઊંચી ઈમારતો બાંધવી જ પોષાય. તેથી, ડીસીઆર નિયમોમાં જોગવાઈ છે તે રીતે મંત્રાલયને ઊંચી ઈમારતોને માન્ય રાખવાની વિનંતી છે.

(૭) રિમાર્કિંગ ઓફ મુંબઈ તરફી આવેલા સભ્યે પણ એ જ વાત કરી. મુંબઈની હાઉસિંગની સ્થિતિનું વર્ણન કર્યું અને મંત્રાલયને ઊંચી ઈમારતો બાંધવા માટે વિસ્તાર મુજબ શરતો સાથે મંજૂરી આપવા વિનંતી કરી.

(૮) એસીઈ લિંક તરફથી આવેલા સભ્યે પણ ઉપર પ્રમાણેનાં સૂચનો કર્યાં અને સીઆરઝેડ ઝોનલ પ્લાનિંગની જોગવાઈ ધરાવતું હોવાથી તેની પ્રશંસા કરી.

(૯) આલ્કલી મેન્યુફેક્ચરર એસોશિયેસન અને ટાટા કેમિકલ્સના સભ્યોએ જણાવ્યું કે કોસ્ટિક સોડા, મીઠું પકવતા એકમો અને દરિયાનું પાણી વાપરતા અન્ય ઉત્પાદનોના હાલના એકમોને કોઈ દખલ થવી ન જોઈએ. સીઆરઝેડ વિસ્તારમાં આવેલા આવા એકમોના વિસ્તરણ અને આધુનિકીકરણની મંજૂરી આપવા પણ વિનંતી કરી. ટાટા કેમિકલ્સના સભ્યે સૂચવ્યું કે સીએમઝેડ નોટિફિકેશન આગળ જતાં ઝોનલ પ્લાનમાં સામાજિક અને આજીવિકાને સંકલિત કરી લેશે. મંત્રાલય જે તે વિસ્તારમાં આવેલા એકમો પર તેમના પ્રોજેક્ટના ભાગ રૂપે સામાજિક જવાબદારી નિભાવવાની શરત મૂકી શકે છે.

(૧૦) ગણેશ બેન્ઝોપ્લાસ્ટ તરફથી આવેલા સભ્યે સૂચવ્યું કે દરિયાકાંઠાના વિસ્તારોમાં તમામ ઉત્પાદનોના સંગ્રહ કરવાની મંજૂરી મળવી જોઈએ.

(૧૧) અધ્યક્ષે તમામ અધિકારીઓને સાંભળ્યા બાદ ખાતરી આપી કે આપના તરફથી મળેલાં મંતવ્યો પર વિચારણા થશે અને પગલાં લેવામાં આવશે.

આભારવિધિ સાથે બેઠક પૂરી થઈ.

## બેઠકમાં સહભાગી થનારની યાદી (૮ જુલાઈ, ૨૦૦૯)

(૧) પ્રો. એમ. એસ. સ્વામીનાથન, ચેરમેન, એમ. એસ. સ્વામીનાથન રિસર્ચ ફાઉન્ડેશન, ત્રીજી ક્રોસ સ્ટ્રીટ, ઈન્સ્ટિટ્યુશનલ વિસ્તાર, તારામણી, ચેન્નઈ.

(૨) ડો. શૈલેષ નાયક, સેક્રેટરી, મહાસાગર વિકાસ વિભાગ, મહાસાગર ભવન, બ્લોક – ૧૨, સીજીઓ કોમ્પલેક્ષ, લોધી રોડ, નવી દિલ્હી – ૧૧૦૦૦૩.

(૩) સુશ્રી સુનિતા નારાયણ, સેન્ટર ફોર સાયન્સ એન્ડ ટેકનોલોજી, ૪૧, તુઘલકબાદ, ઈન્સ્ટિટ્યુશન વિસ્તાર, નવી દિલ્હી – ૧૧૦૦૦૬૨.

(૪) શ્રી જે. એમ. મૌસકર, અધિક સચિવ, પર્યાવરણ અને વન મંત્રાલય, નવી દિલ્હી.

(૫) ડો. નૈની ભાટ, સલાહકાર, પર્યાવરણ અને વન મંત્રાલય, નવી દિલ્હી.

(૬) શ્રી પી. મહેશ્વરન, ડાયરેક્ટર, ઓશન ડેવલપમેન્ટ વિભાગ, અર્થ સાયન્સીસ મંત્રાલય, નવી દિલ્હી.

(૭) ડો. એ. સેન્થિલ વેલ, એડિશનલ ડાયરેક્ટર, પર્યાવરણ અને વન મંત્રાલય, નવી દિલ્હી.

(૮) મેસર્સ એસ લિંક્સ, ૧૪૦૧, કોન્ટિનેન્ટલ ટાવર, શેર્લી રાજન રોડ, રિઝવી કોમ્પલેક્ષ, બાંન્દ્રા (પશ્ચિમ), મુંબઈ – ૪૦૦૦૫૦.

(૯) શ્રી અમિત રંજન, મહિન્દ્રા હોલીડેઝ, ૮૭૩/૪, નેતાજી સુભાષ પ્લેસ, પ્રીતમપુરા, નવી દિલ્હી.

(૧૦) ડો. વાય.આર. સિંઘ, એક્ઝિક્યુટિવ ડાયરેક્ટર, એએમએઆઈ.

(૧૧) ડો. અરૂપ બસુ, ટાટા કેમિકલ લિમિટેડ, અંધેરી – કુર્લા રોડ, અંધેરી (પૂર્વ) મુંબઈ – ૪૦૦૦૫૯

(૧૨) શ્રી રમેશ પિલાની, પોડ્રિગ્યુઝ, મેસર્સ ગણેશ બોન્ઝો પ્લાસ્ટ, મરિન લાઈમ્સ, મુંબઈ

(૧૩) શ્રી થંકીયાન થોમસ, કેરળ બિલ્ડર્સ ફોરમકોચીન.

(૧૪) શ્રી પ્રકાશ ચલ્લા, ઉપપ્રમુખ, સીઆરઈડીએઆઈ, ચેન્નઈ.

(૧૫) શ્રી જી. પી. સલ્વની, નિવાસી નિયામક, સીઆરઈડીએઆઈ, અંશત ભવન, ૧૬, કે. જી. માર્ગ, નવી દિલ્હી – ૧.

(૧૬) ધ જનરલ મેનેજર (રિયલ એસ્ટેટ), અવર્સેકર એન્ડ સન્સ પ્રાઈવેટ લિમિટેડ, ૧૨૫૨, પુષ્પાંજલિ એપાર્ટમેન્ટ, પહેલો માળ, ઓલ્ડ પ્રભાદેવી રોડ, પ્રભાદેવી, મુંબઈ – ૪૦૦૦૨૫.

(૧૭) ધ ચેરમેન એન્ડ મેનેજિંગ ડાયરેક્ટર, યુનિટી રિયાલીટી એન્ડ ડેવલપર્સ લિમિટેડ, કે.કે. ટાવર, ગ્રાઉન્ડ ફ્લોર, પરેલ ટેન્ક રોડ, પરેલ, મુંબઈ – ૪૦૦૦૧૨

(૧૮) ધ ચેરમેન એન્ડ મેનેજિંગ ડાયરેક્ટર, લોક હાઉસિંગ એન્ડ કન્સ્ટ્રકશન લિમિટેડ, લોક ભવન, ગ્રાઉન્ડ ફ્લોર, લોક ભારતી કોમ્પલેક્ષ, મરોલ, મરોષી રોડ, મરોલ, અંધેરી (પૂર્વ), મુંબઈ – ૪૦૦૦૫૯.

(૧૯) ફેડરેશન ઓફ એસોસિયેશન ઓફ મહારાષ્ટ્ર, મુંબઈ.

(૨૦) રિમાર્કિંગ ઓફ મુંબઈ ફેડરેશન, ૧૮, મોટી બિલ્ડિંગ.

(૨૧) શ્રી ડી. ડી. લવાણિયા, યુનિટી ઈન્ફ્રી પ્રોજેક્ટસ લિમિટેડ, મંડોલી જેલ સંકુલ, હર્ષ વિહાર, દિલ્હી – ૯૩.

(૨૨) શ્રી કે. કે. શર્મા, મેંગલોર કેમિકલ્સ એન્ડ ફર્ટિલાઈઝર લિમિટેડ, ૧૦૦૨, ભિખાઈજી કામા ભવન, નવી દિલ્હી – ૬૬.

(૨૩) સુશ્રી નિધિ લાઢા, સીઆઈઆઈ, થાપર હાઉસ, બીજો માળ, ૧૨૪, જનપથ, નવી દિલ્હી – ૧

**સીએમઝેડ નોટિફિકેશનને આખરી ઓપ આપવા માટે પ્રો. એમ. એસ. સ્વામીનાથનની અધ્યક્ષતામાં નિષ્ણાતોની સમિતિની ચોથી બેઠક ૧૧ જુલાઈ, ૨૦૦૯ના રોજ મળી હતી. બેઠકનું સ્થળ : રૂમનંબર - ૪૦૩, ચોથો માળ, પર્યાવરણ અને વન મંત્રાલય, પર્યાવરણ ભવન, સીજીઓ કોમ્પલેક્ષ, લોધી રોડ, નવી દિલ્હી.**

(૧) સીએમઝેડ નોટિફિકેશનને આખરી ઓપ આપવા માટેની નિષ્ણાતોની સમિતિની ચોથી બેઠક ૧૧ જુલાઈ, ૨૦૦૯ના રોજ પ્રો. એમ. એસ. સ્વામીનાથનના વડપણ હેઠળ પર્યાવરણ અને વન મંત્રાલય ખાતે યોજવામાં આવી. ચોથી બેઠકમાં માછીમાર લોકો અને માછીમારોનાં સંગઠનોને પોતાની વાત રજૂ કરવા માટે આમંત્રિત કરાયા હતા.

(૨) અધ્યક્ષે સૌ આમંત્રિતો અને સંગઠનોને આવકાર્યા અને સીએમઝેડ નોટિફિકેશન, ૨૦૦૮ પર તેમનાં મંતવ્યો વ્યક્ત કરવા માટે એક પછી એકને નિમંત્રણ આપ્યું.

(૩) ઓલ ઈન્ડિયા ફિશર્સ એન્ડ ફિશરીઝ વર્કર્સ ફેડરેશનના જનરલ સેક્રેટરી સુશ્રી કે. હેમલતાએ જણાવ્યું કે આ સીએમઝેડ નોટિફિકેશન લાદવામાં આવે તો હજારો માછીમારોએ હિજરત કરવી પડે અને તેમની આજીવિકાને અસર થાય. વ્યાપક ઔદ્યોગિક વિકાસ, થર્મલ પાવર, બંદરો વગેરે દરિયાકાંઠાના વિસ્તારોમાં બંધાઈ શકે, જે માછીમારોને પ્રભાવિત કરશે. સીઆરઝેડ નોટિફિકેશન પ્રવૃત્તિઓ પર પ્રતિબંધ મૂકે છે અને વિકાસ પર નિયમન લાદે છે. જ્યારે સીએમઝેડ નોટિફિકેશન ઉદ્યોગો, રિસોર્ટ, ગ્રીનફીલ્ડ એરપોર્ટ વગેરેની સ્થાપનાને મંજૂરી આપે છે. કોઈપણ નોટિફિકેશનને આખરી સ્વરૂપ આપતાં પહેલાં વિસ્તૃત અને વ્યાપક સ્તરે ચર્ચા-વિચારણા કરવા ફેડરેશનની વિનંતી છે. હેમલતાએ એ પણ દર્શાવ્યુ કે દરિયાકાંઠાના વિસ્તારોમાં વિકાસકીય પ્રવૃત્તિઓને ગ્રામસભાઓ અને ચૂંટાયેલી સ્થાનિક તંત્રોની સ્વીકૃતિ પછી જ મંજૂરી મળવી જોઈએ. વ્યાપારી મંડળે જણાવ્યું કે માછીમારોને નેશનલ બોર્ડમાં સામેલ કરવા જોઈએ.

(૪) પર્યાવરણ મિત્ર, અમદાવાદના શ્રી મહેશ પંડ્યાએ સુશ્રી કે. હેમલતાની વાતમાં સૂર પુરાવ્યો અને ગુજરાતમાં ખાસ કરીને મુંદ્રા ખાતે કેટલું ઉલ્લંઘન થાય છે, તે સમિતિના ધ્યાન પર લાવ્યા. તેમણે સમિતિનું ધ્યાન દોરતાં જણાવ્યું કે મુંદ્રા વિસ્તારમાં સેઝના નિર્માણ માટે મોટી સંખ્યામાં મેન્ગ્રોઝનું નિકંદન કાઢવામાં આવ્યું. અનેક રજૂઆતો છતાં સત્તાધારીઓએ કોઈ પગલાં લીધા નથી અને સેઝનું કામ આગળ વધી રહ્યું છે.

(૫) શ્રી મોંગેરાએ (ચેરમેન, જુહુ નારાયણ, જુહુ ગોરાગાંવ, મુંબઈ) મુંબઈમાં રહેનારા માછીમારો કેવી કપરી પરિસ્થિતિનો સામનો કરી રહ્યા છે, તેની વાત સમિતિને કરીને તેમણે માહિતી આપતાં જણાવ્યું કે રાજ્ય સરકાર ઝુંપડપટ્ટીના વિકાસને નામે માછીમારોને સુંદર ઘરોની ખાતરી આપીને તેમની જમીન બિલ્ડરોને પધરાવી દે છે. જોકે, માછીમાર લોકોને ઘર તો મળતું જ નથી. માછીમાર લોકો મુંબઈની મહત્ત્વપૂર્ણ જમીન પર કબજો ધરાવે છે. તેમનું સ્થળાંતર કરાવીને ડેવલપર્સને અત્યંત ઊંચા દામે વેચી દેવામાં આવે છે. તેમણે વરસોવામાં માછીમારી થતી હતી ત્યાં ગેરકાયદેસર ઊભી કરાયેલી ઈમારતોની તસવીરો પણ બતાવી અને જણાવ્યું કે છેલ્લાં કેટલાંક વર્ષોથી તેઓ કાયદાકીય જંગ ખેલી રહ્યાં છે. તેમણે સમિતિને માછીમાર લોકોની સમસ્યા પર ધ્યાન આપવાની તથા તેમના આજીવિકાના અધિકારોને કોઈ અસર નહિ થાય તે સુનિશ્ચિત કરવા વિનંતી કરી. તેમણે એ પણ જણાવ્યું કે જો મંજૂરી મળે તો તેઓ પોતાની મેળે પણ મકાન ચણી શકે એમ છે, પરંતુ તેના માટે ઊંચા માળની ઈમારતોની જરૂર પડે, જે પરિવારોની વધતી સમસ્યાને સંતોષી શકે.

(૬) પૂનાનાં શ્રી રવીન્દ્ર ડી. ભોસલેએ જણાવ્યું કે તેઓ ૮ જુલાઈના રોજ ડેવલપર્સની બેઠકમાં હાજર રહી શક્યા નહોતા. તેમણે સમિતિને વિનંતી કરી કે દરિયાકાંઠાને અડીને આવેલા વિસ્તારોમાં પ્રવાસન પ્રોજેક્ટ્સને પરવાનગી મળવી જોઈએ.

(૭) મહાડા, મુંબઈના પ્રમુખશ્રી ટી. એસ. પવારે સમિતિને જણાવ્યું કે આર્થિક રીતે નબળા વર્ગના આશરે ૧૦,૦૦૦ લોકો એવાં છે, જેમને મુંબઈમાં જમીન ફાળવવામાં આવી છે, પરંતુ તેઓ બાંધકામ કરવા સમર્થ નથી. આ પ્લોટ મેન્ગ્રોઝના બફર વિસ્તારમાં આવેલા છે. તેમણે સમિતિને પોતાના મંતવ્યો પર ધ્યાન આપીને નોટિફિકેશનમાં એ મુજબ સુધારા કરવાની વિનંતી કરી.

(૮) ગ્રીન પીસમાંથી આવેલા પ્રતિનિધિએ ઉપરોક્ત લોકોનાં મંતવ્યોના સૂરમાં સૂર પૂરાવ્યો.

આભારવિધિ સાથે બેઠક સમાપ્ત થઈ.

## બેઠકમાં સહભાગી થનારની યાદી (૧૧ જુલાઈ, ૨૦૦૯)

(૧) પ્રો. એમ. એસ. સ્વામીનાથન, ચેરમેન, એમ. એસ. સ્વામીનાથન રિસર્ચ ફાઉન્ડેશન, ત્રીજી ક્રોસ સ્ટ્રીટ, ઈન્સ્ટિટ્યુશનલ વિસ્તાર, તારામણી, ચેન્નઈ.

(૨) ડો. શૈલેષ નાયક, સેક્રેટરી, મહાસાગર વિકાસ વિભાગ, મહાસાગર ભવન, બ્લોક – ૧૨, સીજીઓ કોમ્પલેક્ષ, લોધી રોડ, નવી દિલ્હી – ૧૧૦૦૦૩.

(૩) સુશ્રી સુનિતા નારાયણ, સેન્ટર ફોર સાયન્સ એન્ડ ટેકનોલોજી, ૪૧, તુઘલકબાદ, ઈન્સ્ટિટ્યુશન વિસ્તાર, નવી દિલ્હી – ૧૧૦૦૦૬૨.

(૪) શ્રી જે. એમ. મૌસકર, અધિક સચિવ, પર્યાવરણ અને વન મંત્રાલય, નવી દિલ્હી.

(૫) ડો. નૈની ભાટ, સલાહકાર, પર્યાવરણ અને વન મંત્રાલય, નવી દિલ્હી.

(૬) ડો. વી. સેલ્વમ, ડિરેક્ટર, કોસ્ટલ સિસ્ટમરીસર્ચ, એમ. એસ. સ્વામીનાથન રીસર્ચ ફાઉન્ડેશન (એમએસએસઆરએફ) ત્રીજી ક્રોસ સ્ટ્રીટ, તારામાની, ઈન્સ્ટીટ્યુશનલ વિસ્તાર, ચેન્નઈ.

(૭) શ્રી પી. મહેશ્વરન, ડિરેક્ટર, મહાસાગર વિકાસ વિભાગ, અર્થ સાયન્સ વિભાગ, નવી દિલ્હી.

(૮) ડો. એ. સેન્થિલ વેલ. અધિક નિયામક, પર્યાવરણ અને વન મંત્રાલય, નવી દિલ્હી.

(૯) એડવોકેટ લક્ષ્મણ નારાયણ, બેડેતર, આર નં. બી ૧૦૭/૧/૨, શાસ્ત્રીનગર, પ્રતિક્ષા નગર, સાયોન (ઈ.) મુંબઈ. (મો.) : ૦૯૨૨૧૦૦૪૦૯૩ (અ) ફ્રેન્ડ્સ ઓફ સોસાયટી, એનજીઓ, (બ) માછીમારનું રાષ્ટ્રીય સંગઠન, (ક) કોળી મહાસંઘ, મુંબઈ

(૧૦) શ્રીમતી કે. હેમલત્તા, જનરલ સેક્રેટરી, ભારતના માછીમારો અને માછીમાર કાર્યકરોનું સંગઠન (ફેડરેશન) બીટી રણદીવે ભવન, ૧૩-અ, રાઉસ એવન્યૂ, નવી દિલ્હી. (મો.) : ૦૯૮૬૮૦૪૧૦.

(૧૧) શ્રી મહેશ પંડ્યા, પર્યાવરણ મિત્ર, ૫૦૨, રાજ એવન્યૂ, થલતેજ, અમદાવાદ – ૩૮૦૦૫૯. ફોન : ૦૭૯ – ૨૬૮૫૧૮૦૧ / ૨૬૮૫૧૩૨૧.

(૧૨) શ્રી મોગેરા, ચેરમેન, જુહુ નારાયણ, જુહુ મોરગાઓન, આર.આર.એમ. રોડ, જુહુ, મુંબઈ – ૪૦૦૦૪૯. મોબાઈલ : ૦૯૮૬૯૦૧૯૩૨૫ / ૦૯૮૯૨૪૬૧૫૬૭.

(૧૩) શ્રી સંજીવ ગોપાલ, ૬૦, રીચમોન્ડ, લોન, બેંગલોર – ૨૫.

(૧૪) શ્રી રાહુલ એન. પરદેશ, ૭૧-બી રત્નસનત સોસાયટી, ન્યૂ ડી. એન. નગર, લિન્ક રોડ, અંધેરી (વેસ્ટ) મુંબઈ – ૫૩, (મો.) ૦૯૮૬૯૦૩૯૩૧૦ / ૦૯૨૨૧૨૩૭૮૬૯

(૧૫) શ્રી રવીન્દ્ર ડી. ભોસલે, સૃષ્ટિ વિલે, યમુના નગર હિગડી, એસ. નં. ૨૧, પ્લોટ નંબર : ૧૦૦, પ્રધિકમ, પૂના – ૪૧૧૦૪૪ (મો.) : ૯૮૮૧૧૬૩૬૫૫૮

(૧૬) શ્રી ટી. એસ. પવાર, પ્રમુખ, મહાડા, ભૂકંદ, મુંબઈ. ૦૯૮૯૨૭૯૨૪૦૮.